સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૦ ● અંક : ૨૬૬ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in pratapdarpan_official pratapdarpansrt@gmail.com pratapdarpan_official11

# દિલ્હી-એનસીઆરમાં ગ્રીન ફટાકડા ફોડવા સુપ્રીમની મંજૂરી

## ગ્રીન ફટાકડા ફોડવા શરત લાગૂ કરતી સર્વોચ્ચ અદાલત : પર્યાવરણ સાથે કોઈ છેડછાડ કરી શકાશે નહીં: ચીફ જસ્ટીસ

નવી દિલ્હી, તા. ૧૫

સુપ્રીમ કોર્ટે દિવાળી પહેલા દિલ્હી-એનસીઆરમાં ગ્રીન ફટાકડાના વેચાણ અને સળગાવવાની મંજૂરી આપી છે, પરંતુ ઘણી કડક શરતો પણ લાદી છે. મુખ્ય ન્યાયાધીશ બીઆર ગવઈ અને ન્યાયાધીશ વિનોદ ચંદ્રનની બનેલી બેન્ચે આ મહત્વપૂર્ણ આદેશ આપ્યો. કોર્ટે જણાવ્યું હતું કે પરંપરાગત ફટાકડા કરતાં લીલા ફટાકડા પર્યાવરણને ઓછું નુકસાન પહોંચાડે છે, અને તેથી, મર્યાદિત અને નિયંત્રિત ઉપયોગની મંજૂરી આપી શકાય છે. સીજેઆઈ બીઆર

ગવઈએ કહ્યું કે કોર્ટે આ મુદ્દા પર સોલિસિટર જનરલ અને એમિકસ ક્યુરીના સૂચનો પર વિચાર કર્યો છે. તેમણે કહ્યું, "અમે સમજીએ છીએ કે ઉદ્યોગને પણ ચિંતા છે. પરંપરાગત ફટાકડાનો ઉપયોગ વધી રહ્યો છે,



જે પ્રદૂષણમાં વધુ વધારો કરે છે. તેથી, આપણે સંતુલિત અભિગમ અપનાવવો પડશે."

હરિયાણાના ૨૨ જિલ્લાઓમાંથી ચૌદ જિલ્લાઓ એનસીઆર ક્ષેત્રમાં આવે છે. તેમણે કહ્યું કે જ્યારે ફટાકડા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો, ત્યારે કોવિડ સમયગાળા સિવાય હવાની ગુણવત્તામાં કોઈ નોંધપાત્ર સુધારો થયો નથી. દરમિયાન, લીલા ફટાકડાના ઉપયોગથી છેલ્લા છ વર્ષમાં પ્રદૂષણના સ્તરમાં નોંધપાત્ર ઘટાડો થયો છે.સુપ્રીમ કોર્ટે આદેશ આપ્યો છે કે દિલ્હી-એનસીઆરમાં ૧૮ ઓક્ટોબરથી ૨૫ ઓક્ટોબર, ૨૦૨૫ સુધી ગ્રીન ફટાકડા વેચી શકાશે. જોકે, આ વેચાણ ફક્ત ઊઇ કોડવાળા ગ્રીન ફટાકડા માટે જ હશે.સુપ્રીમ કોર્ટે ગ્રીન ફટાકડાના ઉપયોગ માટે સમય મર્યાદા પણ નક્કી કરી છે. લોકો ફક્ત સાંજે ૬ થી ૧૦ વાગ્યાની વચ્ચે જ તેને ફોડી શકશે.કોર્ટે જણાવ્યું હતું કે પોલીસ અધિકારીઓ પેટ્રોલિંગ ટીમો બનાવશે જેથી ખાતરી કરી શકાય કે બજારમાં ફક્ત પ્રમાણિત ગ્રીન ફટાકડા જ વેચાય. નિયમોનું ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યક્તિ તાત્કાલિક કાર્યવાહીનો સામનો કરશે અને નોટિસ જારી કરવામાં આવશે.કોર્ટે એ પણ સ્પષ્ટ કર્યું કે એમેઝોન અને ફ્લિપકાર્ટ જેવી ઈ-કોમર્સ વેબસાઈટ્સ પર ફટાકડાના ઓનલાઈન વેચાણ પર સંપૂર્ણપણે પ્રતિબંધ રહેશે.

# બિહાર ચૂંટણી : એનડીએમાં ઉપેન્દ્ર કુશવાહાની નારાજગી

### અમીત શાહે કુશવાહને ફોન કરી દિલ્હી તેડાવ્યાં

નવી દિલ્હી, તા. ૧૫

બિહાર વિધાનસભા ચૂંટણી માટે બેઠકોની વહેંચણીને લઈને NDA અને મહાગઠબંધન વચ્ચે ખેંચતાણ ચાલી રહી છે. NDAની અંદર, JDU અને LJP (રામ વિલાસ) કેટલીક બેઠકો પર કોઈ સમજૂતી પર પહોંચી શકતા નથી. રાષ્ટ્રીય લોક મોરચા (RLM) ના ઉપેન્દ્ર કુશવાહા એવી અટકળોથી નારાજ છે કે મહુઆ બેઠક LJP (R) ને આપવામાં આવશે.કુશવાહાને મનાવવા માટે, નાયબ મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરી અને કેન્દ્રીય મંત્રી નિત્યાનંદ રાય મંગળવારે મોડી રાત્રે પટના સ્થિત તેમના નિવાસસ્થાને પહોંચ્યા. રાતભર ચર્ચા-વિચારણા પછી પણ કુશવાહ સંમત ન થયા અને બુધવારે સવારે બંને નેતાઓ નિરાશ થઈને પાછા ફર્યા.બેઠક પછી, કુશવાહાએ પત્રકારોને જણાવ્યું હતું કે, "Nothing is well in NDA" (એનડીએમાં કંઈ ઠીક નથી.) અમિત શાહે કુશવાહાને ફોન કરીને દિલ્હી બોલાવ્યા છે. પરિણામે, આજે પટણામાં યોજાનારી ઈન્સ નેતાઓની બેઠક મુલતવી રાખવામાં આવી છે.આ દરમિયાન, આરજેડી, કોંગ્રેસ અને VIPનું બનેલું મહાગઠબંધન આજે ઉમેદવારોની તેમની પ્રથમ યાદી જાહેર કરે તેવી શક્યતા છે. તેજસ્વી યાદવ રાઘોપુર બેઠક પરથી પોતાની ઉમેદવારી નેંધાવશે, જેમાં લાલુ યાદવ પણ હાજર રહેશે. આ દરમિયાન, લાલુના મોટા પુત્ર તેજ પ્રતાપે મહુઆ બેઠક પરથી પોતાનું નામાંકન આવતીકાલ સુધી મુલતવી રાખ્યું છે. તેઓ તેમની પાર્ટી, જનશક્તિ જનતા દળ હેઠળ ચૂંટણી લડશે.

બિહાર ચૂંટણીમાં પૈસાનો દુરુપયોગ અટકાવવા માટે ચૂંટણી પંચ (EC) એ અમલીકરણ એજન્સીઓને નિર્દેશો જારી કર્યા છે.

# ભારતીય મૂળના અમેરિકી રક્ષા વિશેષજ્ઞ ટેલિસની ધરપકડ

### ચીન માટે જાસુસીનો આરોપ : એશ્લેના ઘરમાંથી ટોપ સિક્રેટના દસ્તાવેજો જપ્ત કરાયા

નવી દિલ્હી, તા. ૧૫

ભારતીય મુળના અમેરિકી રક્ષા વિશેષજ્ઞ એશ્લે જે. ટેલિસની

ગોપનીય દસ્તાવેજો રાખવા અને ચીની અધિકારીઓ સાથે મુલાકાત કરવાની શંકાએ ધરપકડ કરવામાં આવી છે. તેની સામે ચીન માટે જાસુસી કરવાનો ચોંકાવનારો આરોપ લગાવાયો છે.

ભારતીય મૂળના જાણીતા અમેરિકન વિશ્લેષક અને દક્ષિણ એશિયા નીતિ અંગે લાંબા સમય સુધી સલાહકાર રહેલા એશ્લે ટેલિસની અમેરિકામાં ધરપકડ કરવામાં આવી છે. તેમના પર રાષ્ટ્રીય સુરક્ષા સાથે સંબંધિત ગુપ્ત દસ્તાવેજો ગેરકાયદેસર રીતે પોતાની પાસે રાખવા અને ચીની અધિકારીઓ સાથે ગુપ્ત મુલાકાતો કરવાનો ગંભીર આરોપ મૂકવામાં આવ્યો છે.

જો તેઓ દોષિત સાબિત થશે, તો તેમને ૧૦ વર્ષ સુધીની જેલ અને ૨.૫ લાખ (અંદાજે ૨ કરોડથી વધુ) ડોલર સુધીના દંડનો સામનો કરવો પડી શકે છે. અમેરિકન ન્યાય વિભાગ દ્વારા રજૂ કરાયેલા દસ્તાવેજો મુજબ, ૬૪ વર્ષીય ટેલિસના વર્જિનિયા સ્થિત ઘરેથી હજારો પાનાના 'ટોપ સિક્રેટ' અને 'સિક્રેટ' શ્રેણીના દસ્તાવેજો જપ્ત કરવામાં આવ્યા છે.

એફબીઆઈના અહેવાલ પ્રમાણે, ટેલિસ અગાઉ સ્ટેટ ડિપાર્ટમેન્ટના બિન-વેતન સલાહકાર અને પેન્ટાગોનની 'ઑફિસ ઑફ નેટ અસેસમેન્ટ'ના કોન્ટ્રાક્ટર તરીકે કામ કરી ચૂક્યા છે. તેમની ધરપકડ ગયા અઠવાડિયે થઈ હતી અને સોમવારે તેમને ઔપચારિક રીતે આરોપી જાહેર કરવામાં આવ્યા છે.

અનુસંધાન પાના ૭ પર

# ભારતીય હવાઈદળ પ્રહાર ક્ષમતામાં ચીનથી પણ આગળ

### વિશ્વમાં સૌથી શક્તિશાળી એરફોર્સમાં ભારત ત્રીજા ક્રમે

નવી દિલ્હી, તા. ૧૫

રશિયા-યુક્રેન યુધ્ધથી ઓપરેશન સિંદુર સુધી સાબિત થઈ ગયું છે કે ભવિષ્યના યુધ્ધમાં હવાઈદળની ભૂમિકા સૌથી મહત્વની હશે અને તેથી જ ભારતે હવે તેના હવાઈદળને વધુ સક્ષમ કરવાની જે તૈયારી કરી છે અને આધુનિક સિકસ્થ જનરેશન ફાઈટર પ્લેન જે દુનિયામાં બનવા લાગ્યા છે તેને પણ ભારતીય હવાઈદળમાં સ્થાન મળે તે માટે પ્રયત્ન શરૂ કર્યા છે.

તો હાલમાં જ એક અભ્યાસમાં દર્શાવાયું છે કે રશિયા અને અમેરિકા બાદ ભારત સૌથી શકિતશાળી એરફોર્સ ધરાવે છે. અમેરિકા આ પ્રકારે હવાઈ શકિતમાં પ્રથમ ક્રમે છે, બીજા ક્રમે રશિયા આવે છે તો સૌથી મહત્વનું છે કે ભારતે ચીનને પણ પાછળ છોડીને આ શ્રેણીમાં ત્રીજુ સ્થાન મેળવ્યું છે. દુનિયાના હવાઈદળો પર નજર રાખનાર આંતરરાષ્ટ્રીય એજન્સી, ઉઢસ્સ્છના રીપોર્ટ મુજબ ૨૦૨૫માં ભારતે ત્રીજુ રેન્કીંગ મેળવ્યું છે.

જયારે ચીન ચોથા સ્થાને છે અને હાલમાં જ ઓપરેશન સિંદુરમાં ભારતના હાથે માર ખાનાર પાકિસ્તાન ટોપ-૧૦માં પણ નથી. આ અંગે પ્રસિધ્ધ થયેલા રિપોર્ટ મુજબ યુક્રેન સંકટ અને મધ્ય પૂર્વમાં જે રીતે તનાવ છે તેના કારણે વિશ્વમાં

અનુસંધાન પાના ૭ પર

# વર્ષના પ્રથમ ૬ માસમાં જીએસટી આવક રૂ.૧૦.૩૮ લાખ કરોડ

### પેટ્રોલ-ડિઝલ પણ આગામી વર્ષથી જીએસટી હેઠળ લાવવા સરકારનો નવો એજન્ડા

નવી દિલ્હી, તા. ૧૫

દેશમાં તા.૨૨ સપ્ટેમ્બરથી જીએસટીના દરમાં વ્યાપક ઘટાડા બાદ હાલ દિપાવલીના તહેવારોની ખરીદી અને જીએસટી ઘટાડાની અસર બન્ને રંગ લાવી રહી છે અને ઓટોથી લઈ કિરાના સર્વત્ર ખરીદીની ધુમ છે છતા પણ દર ઘટાડાની વાસ્તવિક અસર દિપાવલી બાદ જાન્યુ-ફેબ્રુઆરી માસ પછી જ જોવા મળશે અને તેથી હાલ જીએસટીની આવક વિ. પર સરકારની નજર છે.

આગામી વર્ષે જો જીએસટી આવકમાં રાજય તથા કેન્દ્ર સરકારને સંતોષ થાય તો હવે એક સૌથી મોટા સુધારામાં પેટ્રોલીયમ પેદાશોને પણ આગામી એપ્રિલ માસ બાદ જીએસટીમાં સામેલ કરાશે. સરકાર હવે જીએસટી સ્લેબ કે દરો સાથે કોઈ ફેરફાર કરવા માંગતી નથી.

આગામી ૨ વર્ષ કે તેથી વધુ સમય તે યથાવત રખાશે અને તેની સાથે પેટ્રોલીયમ પેદાશોને જીએસટીમાં સમાવવાનો જે એજન્ડા છે તે પણ સરકાર પુરો કરવા માંગે છે. સૂત્રોના જણાવ્યા મુજબ જે ૪૦ ટકાનો સર્વોચ્ચ સ્લેબ જે અલ્ટ્રા લકઝરી તથા શરાબ-સિગારેટ વિ. પર લાદવાનો છે તેમાં પણ સરકાર મોનેટરીંગ કરી રહી છે અને તેમાં વિમાની ઈંધણને પ્રથમ

સમાવાશે જે કુલ ટેક્ષ કલેકશનમાં ફકત ૧.૫%નો હીસ્સો ધરાવે છે. સરકારની કુલ જીએસટી આવક આ નાણાકીય વર્ષના પ્રથમ છ માસમાં ૧૦.૩૮ લાખ કરોડ થઈ છે અને હવે ઓકટો-નવે-ડિસેમ્બરના ડેટા પર નજર છે.

સાંધ્ય દૈનિક

પ્રતાપ દર્પણ

'પ્રતાપ દર્પણ' દૈનિકમાં દિવાળીની શુભેચ્છા જાહેરખબર માટે નીચે મુજબના મોબાઈલ નંબર પર સંપર્ક કરવા વિનંતી છે.

લી.

જગદીશ ચાવડા

(સહતંત્રી)

મોબાઈલ નં. ૯૮૨૫૫૩૨૫૦૫

# પાકિસ્તાન-અફઘાનિસ્તાન સૈન્ય વચ્ચે ફરી ઘર્ષણ

### સરહદી વિસ્તારમાં અફઘાન સૈન્યનો જોરદાર ગોળીબાર

નવી દિલ્હી, તા. ૧૫

પાકિસ્તાન તથા અફઘાનીસ્તાનમાં તાલીબાન સેના વચ્ચે ફરી જોરદાર ઘર્ષણ સર્જાયુ હતુ જેમાં વ્યાપક જાનખુવારી-નુકશાનીની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

ઈઝરાયેલ-હમાસ યુદ્ધ માંડ શાંત થયુ છે તેવા સમયે પાકિસ્તાન અને તાલીબાનો વચ્ચે એકાદ સપ્તાહથી સર્જાયેલો તનાવ નવા સંઘર્ષ ભણી ઈશારો કરી રહ્યું છે.

ગત સપ્તાહમાં એકબીજા પર એટેક બાદ ગઈ રાત્રે ફરી ઘર્ષણ થયુ હતુ. ખૈબર પખ્તુનખ્વામાં સીમા પર બન્ને દેશોના સૈનિકો બાખડયા હતા. પાકિસ્તાન તરફથી એવો દાવો કરાયો હતો કે અફઘાની સૈન્યએ સરહદે ગોળીબાર કરીને ઉશ્કેરણી કરી હતી અને પછી તેનો વળતો જવાબ આપવામાં આવ્યો હતો. આ ઘર્ષણ દરમ્યાન તાલીબાનની અનેક

અનુસંધાન પાના ૭ પર

ત્રીજી વાર્ષિક પૂણ્યતિથિએ વંદન



સ્વ.કાન્તાબેન બાબુભાઈ રાયકા

સ્વ.તા.૧૪.૧૦.૨૦૨૨

જીંદગી મળવી એ નસીબ છે, મૃત્યુએ જીવનનું સત્ય છે,
મૃત્યુ પછી સૌના જીવનમાં જીવતા રહેવું એ જીંદગીમાં
કરેલા કર્મનું પરીણામ છે, મરણ કરતાં સ્મરણ બળવાન છે,
અમારા માટે આપનું સ્મરણ એક વરદાન છે,
આપના આશીર્વાદ અમારા પર સદાયે વરસતા રહે.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રભુને પ્રાર્થના.

લિ.

બાબુભાઈ કરસનભાઈ રાયકા (એડવોકેટ એન્ડ નોટરી)
(પૂર્વ પ્રમુખ, સુરત શહેર કોંગ્રેસ, પૂર્વ તેના વિપક્ષ સુરત મનપા)

ઋષિન બાબુભાઈ રાયકા (પુત્ર-એડવોકેટ) — અદિતિ ઋષિન રાયકા (પુત્રવધુ- એડવોકેટ)
અમિષા શૈલેષકુમાર દેસાઈ (પુત્રી) — શૈલેષ અમરતભાઈ દેસાઈ (જમાઈ)
તેજલ અતિનકુમાર દેસાઈ (પુત્રી) — અતિન બાબુભાઈ દેસાઈ (જમાઈ)

શાઈના, ફીઓના, ફામ્યા, અબિર

ત્રીજી વાર્ષિક પૂણ્યતિથિ નિમિત્તે હાર્દિક શ્રધ્ધાંજલિ



સ્વ. કાન્તાબેન બાબુભાઈ રાયકા
સ્વ. તા. ૧૪-૧૦-૨૦૨૨

'પ્રતાપ દપર્ણ' દૈનિક તથા વિસત પ્રકાશનના સંસ્થાપક સ્વ. કાન્તાબેન બાબુભાઈ રાયકાની ત્રીજી પુણ્યતિથિ નિમિત્તે 'પ્રતાપ દપર્ણ' દૈનિક પરિવાર હાર્દિક શ્રદ્ધાંજલી પાઠવે છે.





# સંવિધાન સંકલ્પ પ્રતિજ્ઞા સાથે શહીદ પૂરની કુમારને શ્રધ્ધાંજલી

## બામસેફ-ઈન્સાફ બીએમજી સંગઠન દ્વારા કાર્યક્રમ યોજાયો

ભરૂચ, તા.૧૫

બામસેફ-ઈન્સાફ - બી.એમ.જી સંગઠન દ્વારા વિશ્વ નાં ઐતિહાસિક ધર્મ પરિવર્તન દિવસ ઉપલક્ષ્યે સંવિધાન સંકલ્પ-પ્રતિજ્ઞા તથા .... શહીદ પૂરની કુમાર ને શ્રધ્ધાંજલી અર્પણ કરવામાં આવી ભારતરાષ્ટ્ર વિશ્વ માં માનવતા નાં પથ દર્શક અને વિશ્વગુરૂ તરીકે તથાગત ગૌતમ બુદ્ધ નાં સમતા - ન્યાય - સ્વતંત્રતા - ભાતૃભાવ રસ્તા પર અગ્રેસર રહી માનવતાની મહેક ફેલાવી હતી ત્યારે એમનાં જ દેશમાં વિશ્વ જ્ઞાન નાં પ્રતિક રાષ્ટ્રનિર્માતા ડૉ.બાબાસાહેબ આંબેડકરે અમૂલ્ય સંવિધાન અર્પણ કરી રાષ્ટ્ર ને જાતિ વિહીન સમતા મૂલક સમાજ ની રચના થકી દેશ ની એકતા અને અખંડિતતા તથા માનવ ની ગરિમા જળવાય રહે તેવી વ્યવસ્થા બંધારણ માં કરી હોય ત્યારે મનુસ્મૃતિ નાં માનનારા મુઠ્ઠીભર લોકો દેશ તથા બહુજન સમાજ ને બાન માં અમાનવીય વ્યવહાર થકી વિશ્વ માં ભારત નું શિશ જુકી જાય એવાં હીન પ્રયાસો અવિરત કરી રહ્યા છે જેમ કે તાજેતરમાં હરિયાણા રાજ્ય ના એડીજીપી કક્ષા ને જાતિવાદ ના ઝહેર ને કારણે પાંચ વર્ષ થી રંજાડવા માં આવતા અને લેખિત માં સરકાર ને ફરીયાદ કરી હોવાછતાં ન્યાય ન મળતા શહીદ થયા તથા અઠવાડિયા ઉપર થતાં ગુનેગારો ને સરકાર બચાવવા નાં હીન પ્રયત્ન કરી રહી છે જે માનવતા માટે પણ શરમજનક છે જેથી તેમને ન્યાય મળે તે માટે ભારતરાષ્ટ્ર નાં રાષ્ટ્રપતિ ને અરજ કરી મા. પૂરની કુમાર ને તથા ઉત્તર પ્રદેશ રાયબરેલી માં દલિત યુવકની નિર્મમ હત્યા કરવામાં આવી હોય જેથી તેમને શ્રધ્ધાંજલી અર્પણ કરવામાં આવી અને સંવિધાન સંકલ્પ-પ્રતિજ્ઞા કાર્યક્રમ યોજાયો હતો જેમાં ઈન્સાફ નાં રાષ્ટ્રીય અધ્યક્ષ મોહનભાઈ પરમાર, બામસેફ ગુજરાત મહાસચિવ શાંતિલાલ રાઠોડ, એડવોકેટ અરવિંદભાઈ દોરાવાલા... વિનોદભાઈ કટારીયા... એડવો. ભગત, ઈન્સાફ ગુજરાત મહાસચિવ વિનયભાઈ સોલંકી,ભરૂચ બુદ્ધિષ્ટ સોસાયટી ના કિરણભાઈ બૌદ્ધ,ડો. અનમોલ કટારીયા, બી.એમ.જી નાં કુંવરબેન સોલંકી, મંજુબેન પરમાર, ગંગાબેન સોલંકી, બામસેફ પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ બેચરભાઈ રાઠોડ, સુષ્માબેન વસાવા, ઈન્સાફ ભરૂચ પ્રમુખ અશોકભાઈ મકવાણા કાર્યકર અશોકભાઈ પરમાર, હરીશભાઈ મકવાણા, મગનભાઈ પરમાર, વિઠ્ઠલભાઈ પરમાર ઉપસ્થિત રહ્યા હતા.

# અરેઠમાં કૃષિ વિકાસ દિવસ અને "રવિ કૃષિ મહોત્સવ

## ખેડુતોને વિવિધ યોજનાઓના લાભોનું વિતરણ કરાયું

સુરત, તા.૧૫

વિકાસ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે કૃષિ અને ખેડુત કલ્યાણ વિભાગ દ્વારા સુરત જિલ્લાના અરેઠ તાલુકાકક્ષાનો કૃષિ વિકાસ દિવસ અને રવિકૃષિ મહોત્સવ જિલ્લા પંચાયતના સદસ્ય રોહિતભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. ખેડુતો આધુનિક ખેતી પધ્ધતિની જાણકારી મળી રહે તેવા આશયથી યોજાયેલા મહોત્સવમાં ખેડુતોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ નવા ફળિયા ખાતે આયોજીત કાર્યક્રમમાં રોહિતભાઈ પટેલે જણાવ્યું હતું કે, ખેડુતોના કલ્યાણ માટે રાજય સરકારે અનેકવિધ યોજનાઓ અમલમાં મુકવામાં આવી છે. આઈ ખેડુત પોર્ટલ શરૂ થવાથી આજે ખેડુતો ઘર આંગણે ઓનલાઈન અરજી કરતા થયા છે. ખેડુતોના કલ્યાણ માટેની યોજનાઓની વિગતો તેમણે આપી હતી. આ અવસરે પદાધિકારીઓના હસ્તે કૃષિ તથા ટ્રાયબલ વિભાગની વિવિધ યોજનાઓના સહાયના ચેકોનું વિતરણ કરાયું હતું. આ

અનુસંધાન પાના ૭ પર

# સુરત અને ઉધના સ્ટેશન પર મુસાફરોને પડતી ભારે હાલાકી

## ચેમ્બર દ્વારા ભારતના કેન્દ્રિય રેલ્વે મંત્રીને રજૂઆત કરાઇ



સુરત, તા.૧૫

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના કાર્યવાહક પ્રમુખ શ્રી અશોક જીરાવાલાના નેજા હેઠળ ચેમ્બરના ગૃપ ચેરમેન ડો. વિજય રાદડીયા અને ચેમ્બરની એસોસીએશન લાયઝન કમિટીના કો–ચેરમેન શ્રી અતુલ પટેલ સહિતના પ્રતિનિધિ મંડળે ભારતના કેન્દ્રિય રેલ્વે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવને રૂબરૂ મળી સુરત અને ઉધના રેલ્વે સ્ટેશનો પર મુસાફરોને પડતી વિવિધ સમસ્યાઓના નિવારણ માટે તથા દિવાળી દરમ્યાન મુસાફરોના ધસારાને પહોંચી વળવા માટે સુરત – સૌરાષ્ટ્ર વચ્ચે હોલિડે સ્પેશિયલ ટ્રેનો શરૂ કરવા માટે વિગતવાર રજૂઆત કરી હતી. ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા રેલ્વે મંત્રીને કરાયેલી રજૂઆતમાં જણાવવામાં આવ્યું હતું કે, સુરત શહેર રાષ્ટ્રીય સ્તરે એક મહત્વપૂર્ણ વેપાર અને પરિવહનનું કેન્દ્ર છે તેમ છતાં સુરત અને ઉધના બંને રેલ્વે સ્ટેશનો પર મુસાફરો માટેની મૂળભૂત સુવિધાઓમાં અનેક ખામીઓ જોવા મળે છે, જેને તાત્કાલિક ધોરણે સુધારવાની જરૂર છે. ઉધના રેલ્વે સ્ટેશને યોગ્ય પાર્કિંગ સુવિધાનો અભાવ હોવાથી વાહનો પાર્ક કરવા મુશ્કેલી પડે છે અને તેને કારણે ટ્રાફિક જામ થાય છે. પાર્કિંગ ઝોનની આસપાસ અનધિકૃત રિક્ષા અને અસામાજિક તત્વોના કારણે મુસાફરોમાં અસુરક્ષાની લાગણી ફેલાય છે. પ્લેટફોર્મ વચ્ચે સલામત કનેકિટવિટીનો અભાવ હોવાથી ખાસ કરીને વૃદ્ધ અને દિવ્યાંગ મુસાફરો માટે મુશ્કેલી ઉભી થાય છે. પોર્ટર સેવા નિયમનની અછત હોવાથી વધારે ચાર્જ ચૂકવવો પડતો હોવાથી અનેક ફરિયાદો મુસાફરો તરફથી મળે છે. આ ઉપરાંત, સીનિયર સિટિઝન માટે સુવિધાઓનો અભાવ અને પ્લેટફોર્મ

અનુસંધાન પાના ૭ પર

# ચેમ્બરના એસબીસીસીઆઈ દ્વારા પ્રિ-દિવાળી સેલિબ્રેશન



## આનંદ ઉત્સવમાં ૧૫૦ મેમ્બર પરિવારો સહભાગી થયા

સુરત, તા.૧૫

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના એસજીસીસીઆઈ બિઝનેસ કનેકટ દ્વારા શનિવાર, તા. ૧૧ ઓકટોબર, ૨૦૨૫ના રોજ ડી વિલા ગાર્ડન રેસ્ટ્રો લોન્જ ખાતે 'એસબીસી પ્રિ–દિવાળી સેલિબ્રેશન ૨૦૨૫' ભવ્ય રીતે યોજાયો હતો, જેમાં ઉત્સાહભેર દિવાળીની ઉજવણીનો માહોલ છવાયો હતો.બાળ કલાકાર પ્રિન્સી પ્રજાપતિ કે જેઓ અનુપમા, ઈટ્ટા કિટ્ટા, મિશ્રી જેવી લોકપ્રિય ટીવી શ્રેણીઓમાં પોતાના અભિનય માટે જાણીતા છે, તેઓએ ચીફ ગેસ્ટ તરીકે હાજરી આપી હતી. તેમની ઉપસ્થિતિએ કાર્યક્રમમાં આનંદ અને ઉત્સાહનો ઉમેરો કર્યો હતો. આ પ્રસંગે ચેમ્બર ઓફ કોમર્સના કાર્યવાહક પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ ખાસ ઉપસ્થિત રહીને સભ્યોને પ્રોત્સાહિત કર્યા હતા. સાથે જ ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી ભાવેશ ટેલર, શ્રી કમલેશ ગજેરા, ડો. વિજય રાદડિયા અને બંદના ભટ્ટાચાર્ય તથા એસબીસીના ગૃપ ચેરમેન શ્રી દીપક કુમાર શેઠવાલાની હાજરીએ કાર્યક્રમને વધુ વિશિષ્ટ બનાવ્યો હતો. ઉપરોકત કાર્યક્રમ એસબીસીના ચેરમેન શ્રી ચંદ્રકાંત પ્રજાપતિના અધ્યક્ષ સ્થાને યોજાયો

અનુસંધાન પાના ૭ પર

# ચાયનીઝ તુક્કલ, માંઝાના વેચાણ, ઉત્પાદન પર પ્રતિબંધ

સુરત, તા.૧૫

હાઈકોર્ટના દિશા નિર્દેશ અનુસાર પતંગ ઉડાડવા/ચગાવવાના હેતુથી ચાયનીઝ તુક્કલ/ લેન્ટર્ન તથા ચાયનીઝ માંઝા, ગ્લાસ કોટેડ દોરી થ્રેડ, સિન્થેટીક કોટીંગ સાથેની પ્લાસ્ટિક દોરી, નાયનોલ થ્રેડ દોરી (જેને હવે પછી "પ્રતિબંધિત સાધનસામગ્રી" તરીકે દર્શાવિલ છે) નું ઉત્પાદન, વેચાણ, સંગ્રહ કરાવા પર સુરત જિલ્લા અધિક જિલલા મેજીસ્ટ્રેટ વિજય રબારીએ એક જાહેરનામા દ્વારા પ્રતિબંધ ફરમાવ્યો છે. જાહેરનામા અનુસાર સુરત(ગ્રામ્ય) વિસ્તારમાં તા.૦૯/૧૦/૨૦૨૫ થી તા.૦૫/૧૧/૨૦૨૫ સુધીના સમયગાળા માટે ચાયનીઝ તુક્કલ/ લેન્ટર્ન તથા ચાયનીઝ માંઝા, ગ્લાસ કોટેડ દોરી થ્રેડ, સિન્થેટીક કોટીંગ સાથેની પ્લાસ્ટિક દોરી, નાયલોન થ્રેડ દોરી (જેને હવે પછી -પતિબંધિત સાધનસામગ્રી' તરીકે દર્શાવિલ છે)નું આયાત, ઉત્પાદન, વેચાણ, સંગ્રહ ઉપર પ્રતિબંધ ફરમાવ્યો છે. હુકમનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.



# સુરત મનપા દ્વારા વિકાસ સપ્તાહનો સમાપન સમારંભ

## ૫૧ વર્ષથી આયોજિત સંજીવકુમાર નાટ્ય સ્પર્ધાના વિજેતાઓને ઇનામો અપાયા

સુરત, તા.૧૫

શહેરી વિકાસ વર્ષ-૨૦૨૫ની ઉજવણી અંતર્ગત વિકાસ સપ્તાહ-૨૦૨૫નો સમાપન સમારોહ તથા સુરત મહાનગરપાલિકા દ્વારા ૫૧ વર્ષથી આયોજીત સંજીવકુમાર નાટ્ય સ્પર્ધાનો ઈનામ વિતરણ સમારોહનું આયોજન તા.૧૩/૧૦/૨૦૨૫ના રોજ રાત્રે ૧૦.૩૦ કલાકે સરદાર પટેલ સ્મૃતિ ભવન, વરાછા, સુરત ખાતે કરવામાં આવેલ હતું. ઉપસ્થિત મહાનુભાવોનું બુકેથી સન્માન કરવામાં આવ્યું હતું. માન.મેયરશ્રી દક્ષેશભાઈ માવાણી તથા સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષાશ્રીમતી સોનલબેન દેસાઈના હસ્તે આ નાટ્ય સ્પર્ધામાં નિર્ણાયકશ્રી તરીકે પધારેલ શ્રી વિહંગભાઈ મહેતા, શ્રી વૈભવ દેસાઈ તથા શ્રી તોરલ ત્રિવેદીનું શાલ, બુક અને સ્મૃતિભેટ આપી સન્માનિત કરવામાં આવેલ. મેયરશ્રી દક્ષેશભાઈ માવાણીએ પ્રાસંગિક ઉદ્દબોધનમાં સર્વેને આવકારી સુરત મહાનગરપાલિકાને દેશની નંબર વન તરીકે પ્રસ્થાપિત થયેલી જણાવીને છેલ્લા બે વર્ષમાં સુરત મહાનગરપાલિકાને ૧૪ એવોર્ડ પ્રાપ્ત થયા છે, જેમાં ૪ એવોર્ડ રાષ્ટ્રપતિના હસ્તે પ્રાપ્ત થયા છે તે સુરત મહાનગરપાલિકા માટે ગૌરવની વાત છે, સુરત મહાનગરપાલિકા વસુધૈવ કુટુંબકમની ભાવનાને ચરિતાર્થ કરે છે તથા સુરત મહાનગરપાલિકા દ્વારા કોરોના કાળ અને અનિવાર્ય સંજોગોને બાદ કરતા ૫૧ વર્ષથી અવિરત ચાલતી સંજીવકુમાર નાટ્ય સ્પર્ધા તથા નાટ્ય કલાકારો રાષ્ટ્રીય કક્ષાએ સુરત શહેરનું નામ રોશન કરે તેવી શુભકામના પાઠવી હતી.

સુરત મહાનગરપાલિકા દ્વારા સાહિત્ય અને કલાનગરી તરીકે જાણીતા સુરત શહેરના કલાકારોને અને રંગભૂમિને પ્રોત્સાહિત કરી તેઓ રાજયકક્ષાએ અને રાષ્ટ્રીય કક્ષાએ નાટ્યક્ષેત્રે પોતાનું આગવું સ્થાન મેળવે તેવા ઉમદા હેતુસર ૧૯૬૯ના વર્ષથી નાટ્ય સ્પર્ધા શરૂ થયાના કપરા સંજોગો અને કુદરતી

અનુસંધાન પાના ૭ પર

# ચોર્યાસીના દામકા ગામે તાલુકા કક્ષાના કૃષિ મહોત્સવનો પ્રારંભ

## પ્રગતિશીલ ખેડૂતોને સન્માનિત કરાયા

સુરત, તા.૧૫

વિકાસ સપ્તાહ અંતર્ગત ચોર્યાસી તાલુકાના દામકા ગામે તાલુકા કક્ષાના બે દિવસીય રવિ કૃષિ મહોત્સવને તા.પંચાયતના પ્રમુખ શ્રીમતી તૃપ્તિબેન પટેલે ખૂલ્લો મૂક્યો હતો. મહાનુભાવોએ પ્રગતિશીલ ખેડૂતોને સન્માનિત કરી કૃષિ અને બાગાયતી યોજનાઓના લાભાર્થીઓને સાધન સહાય તેમજ યોજનાકીય મંજૂરી હુકમો, આયુષ્માન કાર્ડનું વિતરણ કર્યું હતું.

આ પ્રસંગે તૃપ્તિબેન પટેલે કૃષિ મહોત્સવોના કારણે ખેડૂતો જાગૃત્ત બન્યા છે અને ખેતી કરવાના અભિગમમાં પરિવર્તન આવ્યું હોવાનું જણાવી સરકારની વિવિધ કૃષિ-બાગાયતી યોજનાઓનો લાભ મેળવવા, ખેતીમાં ટેક્નોલોજીનો મહત્તમ ઉપયોગ કરવા અને પ્રાકૃતિક ખેતી અપનાવવા અનુરોધ કર્યો હતો, તેમણે કહ્યું કે, વડાપ્રધાનશ્રીએ કૃષિ ક્ષેત્રની કાયાપલટ કરવાના સંકલ્પ સાથે કૃષિ મહોત્સવ યોજવાની શરૂઆત કરી હતી. કૃષિ મહોત્સવમાં ખેડૂતોને રવિ સિઝનમાં કૃષિ પાકો વિશે જરૂરી માર્ગદર્શન તેમજ ખેડૂતલક્ષી વિવિધ સહાય યોજનાઓ બાબતે સમજ આપવામાં આવે છે. કૃષિ વિભાગ દ્વારા આયોજિત પ્રદર્શનને ખુલ્લું મૂકી મહાનુભાવોએ તમામ સ્ટોલની મુલાકાત લઈ પ્રદર્શિત કૃષિ પાકો, આધુનિક ખેતઓજારો, પ્રાકૃતિક ખેતીમાં વપરાતા વિવિધ સાધનોની જાણકારી મેળવી હતી. અહીં નિષ્ણાંત કૃષિ વૈજ્ઞાનિકોએ કૃષિ પાકોમાં મૂલ્યવર્ધન, કૃષિ અને બાગાયતી પાકોમાં આધુનિક તાંત્રિકતા, પ્રાકૃતિક ખેતી અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું

અનુસંધાન પાના ૭ પર



# રેલ્વે સ્ટેશન પાસે યુવક કોંગ્રેસનું વિરોધ પ્રદર્શન

સુરત, તા.૧૫

RSS દ્વવારા કાર્યકરનું યૌન શોષણ અને બળાત્કાર કરતા કેરળનાં પ્રોફેસર આપઘાત કરી તે માટે ન્યાયની માંગણી સાથે, ગુજરાત પ્રદેશ યુવક કોંગ્રેસ પ્રમુખ હરપાલસિંહ ચુડાસમાના અને સુરત શહેરના પ્રમુખ મેહુલ રાયકા ના નેતૃત્વમાં સુરત શહેર યુવક કોંગ્રેસના કાર્યકરોએ સુરત રેલ્વે સ્ટેશન પર સરદાર પ્રતિમા પાસે જોરદાર વિરોધ પ્રદર્શન કર્યું હતું. જેમાં સુરત શહેર યુવક કોંગ્રેસના ૬૦ જેટલા કાર્યકરો ની પોલીસ સાથે ઘણશણ થતા અટકાયત કરવામાં આવી હતી. ગુજરાત યુવક કોંગ્રેસનો આ સંઘર્ષ ત્યાં સુધી ચાલુ રહેશે જ્યાં સુધી RSSના બળાત્કારીઓને સજા નહી મળે! જ્યાં સુધી પીડિત ને ન્યાય નહિ મળે ત્યાં સુધી આગામી દિવસમાં વધુ આશ્ચર્ય જનક કાર્યકર્મ આપવાની ચીમકી આપવામાં આવી હતી.

# કામરેજ તાલુકા કક્ષાનો રવિ કૃષિ મહોત્સવ ઉભેળ ગામમાં યોજાયો

## ખેડુતોને વિવિધ યોજનાઓના લાભોનું વિતરણ કરાયું

સુરત, તા.૧૫

વિકાસ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે કૃષિ અને ખેડુત કલ્યાણ વિભાગ દ્વારા સુરત જિલ્લાના અરેઠ તાલુકાકક્ષાનો કૃષિ વિકાસ દિવસ અને રવિકૃષિ મહોત્સવ તાલુકા પંચાયતના ઉપપ્રમુખ હર્ષદભાઈ ઢોડીયાના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. ખેડુતો આધુનિક ખેતી પધ્ધતિની જાણકારી મળી રહે તેવા આશયથી યોજાયેલા મહોત્સવમાં ખેડુતોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ઉભેળના સાંસ્કૃતિક ભવન ખાતે આયોજીત કાર્યક્રમમાં હર્ષદભાઈએ જણાવ્યું હતું કે, ખેડુતોના કલ્યાણ માટે રાજય સરકારે અનેકવિધ યોજનાઓ અમલમાં મુકવામાં આવી છે. ખેડુતોને વધુમાં વધુ યોજનાઓના લાભો લેવાનો અનુરોધ કર્યો હતો. આ અવસરે પદાધિકારીઓના હસ્તે કૃષિ વિભાગની વિવિધ યોજનાઓના સહાયના ચેકોનું વિતરણ કરાયું હતું. આ અવસરે અગ્રણી રમેશભાઈ શીંગાળા, સરપંચ ભરતભાઈ પટેલ, રાજુભાઈ પટેલ, મિતેશભાઈ પટેલ, સચિનભાઈ પટેલ, મદદનીશ ખેતી નિયામક ડી.આર.પટેલ, વિસ્તરણ અધિકારી ચેતન પી.સોલંકી તથા, કૃષિ વૈજ્ઞાનિક જી.આર.ભંડેરી, વી.આર.ઝીઝાળા, રિશી કાલરીયા, ગ્રામ સેવકો તથા મોટી સંખ્યામાં ખેડુતો ઉપસ્થિત રહ્યા હતા.



# મુળદ શાળાના શિક્ષક દંપતિનો વિદાય માન સમારોહ યોજાયો

## શિક્ષક દંપતિને સ્મૃતિભેટ અને સન્માન પત્ર અર્પણ કરાયું

સુરત, તા.૧૫

જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, સુરત સંચાલિત ઓલપાડ તાલુકાની મુળદ પ્રાથમિક શાળાનાં ફરજનિષ્ઠ અને કર્મઠ શિક્ષક દંપતિ ભૂપેન્દ્રભાઈ રમણભાઈ પટેલ તથા સુશીલાબેન ભૂપેન્દ્રભાઈ પટેલનો વયનિવૃત્તિ સન્માન સમારોહ ગામનાં રાજપૂત સમાજ સત્સંગ હોલ ખાતે યોજવામાં આવ્યો હતો. સુરત જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘનાં પ્રમુખ કિરીટભાઈ પટેલનાં અધ્યક્ષસ્થાને યોજાયેલ આ વિદાય સન્માન સમારંભમાં તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી વિજયભાઈ જરગલિયા, બીટ નિરીક્ષક નગીનભાઈ પટેલ, ઓલપાડ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘનાં પ્રમુખ બળદેવભાઈ પટેલ, મહામંત્રી મહેન્દ્રસિંહ ઠાકોર, બી.આર.સી. કો-ઓર્ડિનેટર બ્રિજેશ પટેલ, ટીચર્સ સોસાયટીનાં સેક્રેટરી મહેશભાઈ પટેલ, ગામનાં અગ્રણીઓ, સ્નેહીજનો અને શુભેચ્છકો ઉપરાંત ખૂબજ મોટી સંખ્યામાં વાલીજનો ઉપસ્થિત રહ્યાં હતાં. આ વિદાય સન્માન પ્રસંગે ભૂપેન્દ્રભાઈ તથા સુશીલાબેનને પુષ્પગુચ્છ, સ્મૃતિભેટ, સન્માનપત્ર અર્પણ કરી સન્માનિત કરવા માટે રીતસર કતાર લાગી હતી જે બાબત

અનુસંધાન પાના ૭ પર

# મહુવા ખાતેથી તાલુકા કક્ષાના કૃષિ મહોત્સવનો પ્રારંભ

## મોડેલ કૃષિ ફાર્મની મુલાકાત લઈ ખેડૂતોએ પ્રગતિશીલ ખેતી વિષે જાણકારી મેળવી

સુરત, તા.૧૫

વિકાસ સપ્તાહના કૃષિ વિકાસ દિન અંતર્ગત મહુવા ખાતેથી ધારાસભ્ય મોહનભાઈ ઢોડીયાએ તાલુકા કક્ષાના કૃષિ મહોત્સવનો પ્રારંભ કરાવ્યો હતો. મહાનુભાવોએ પ્રગતિશીલ ખેડૂતોને સન્માનિત કરી બાગાયત, ખેતીવાડી, પશુપાલન અને આત્મા વિભાગની વિવિધ સહાય યોજનાઓના લાભાર્થીઓને લાભો, સાધન સહાય, મંજૂરીપત્રોનું વિતરણ કર્યું હતું. મહોત્સવના ભાગરૂપે મહુવાના બોરિયા ગામે મોડેલ કૃષિ ફાર્મની મુલાકાત લઈ ખેડૂતોએ પ્રગતિશીલ ખેતી વિષે જાણકારી મેળવી હતી. મહુવાના અસ્મિતા ભવન હોલ ખાતે આયોજિત સમારોહમાં ધારાસભ્ય મોહનભાઈ ઢોડીયાએ જણાવ્યું કે, જમીન એ ખેડૂતોની સાચી મિલકત છે, તેથી તેનું જતન કરવા ખેડૂતોને જાગૃત થાય. આપણો દેશ ખેતીપ્રધાન અને આપણું અર્થતંત્ર કૃષિક્ષેત્ર પર નિર્ભર છે, ત્યારે ખેડૂતો સમૃદ્ધ બને તે માટે સરકારની અનેકવિધ કૃષિલક્ષી યોજનાઓનો લાભ લેવો જોઈએ એમ જણાવી ખેતીમાં ટેક્નોલોજીનો મહત્તમ ઉપયોગ કરવા અને પ્રાકૃતિક ખેતી અપનાવવા અનુરોધ કર્યો હતો. તેમણે કહ્યું કે, ખેડૂતોને સરકાર દ્વારા વિના વ્યાજે ધિરાણ પૂરું પાડવામાં આવે છે અને અનેક સાધન સહાય માટે સબસીડી પણ પૂરી પાડવામાં આવે છે. સિંચાઈ માટે પૂરતું પાણી મળવાથી ખેડૂતો આજે વધુ પાકો લેતા થયા છે. કૃષિ મહોત્સવમાં ખેડૂતોને રવિ સિઝનમાં કૃષિ પાકો વિશે જરૂરી માર્ગદર્શન તેમજ ખેડૂતલક્ષી વિવિધ સહાય યોજનાઓ બાબતે સમજ

અનુસંધાન પાના ૭ પર

# ઓલપાડમાં સુરત જિલ્લા કક્ષાના બે દિવસીય રવિ કૃષિ મહોત્સવ

## નાણામંત્રીના હસ્તે કૃષિ વિભાગની વિવિધ યોજનાઓના લાભોનું વિતરણ

સુરત, તા.૧૫

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાદાયી જનસેવા યાત્રાના ૨૪ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે ગુજરાતભરમાં તા.૭ થી ૧૫ ઓક્ટોબર દરમિયાન 'વિકાસ સપ્તાહ'ની વિવિધ થીમ આધારિત ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગ દ્વારા આજરોજ 'કૃષિ વિકાસ દિન' તરીકે ઉજવણીના ભાગરૂપે સુરત જિલ્લાકક્ષાના બે દિવસીય રવિ કૃષિ મહોત્સવનો નાણા અને ઉર્જા મંત્રી અને સુરત જિલ્લા પ્રભારી મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ શુભારંભ કરાવ્યો હતો. સાથે વિકાસરથનું ઉમળકાભેર સ્વાગત કર્યું હતું. ઓલપાડ પુરૂષોતમ જીનીંગ મિલ ખાતે આયોજીત કાર્યક્રમમાં નાણા મંત્રીશ્રીએ કહ્યું હતું કે, તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ ૨૦૦૫માં ખેડૂતોના કલ્યાણ માટે કૃષિ મહોત્સવની શરૂઆત કરાવી હતી. કિસાન સન્માન નિધિ યોજના હેઠળ

અનુસંધાન પાના ૭ પર

# ઉદ્યોગપતિ બળદેવ પ્રજાપતિને બર્લિંગ્ટન સ્ટેટ યુનિવર્સિટીની ડોક્ટરેટની પદવી

## ભારતભરના કુલ ૩૦ જેટલા વ્યક્તિત્વ વિશેષ ઉમદા લોકોને પદવી અપાય

અંકલેશ્વર, તા.૧૫

બર્લિંગ્ટન સ્ટેટ યુનિવર્સિટી ,યુનિવર્સિટી ઓફ ક્યુનીઓ ઈટાલી,મેરીલેન્ડ સ્ટેટ યુનિવર્સિટી અને ચાનીયા ઈન્ટરનેશનલ યુનિવર્સિટી ઓફ ગ્રીસ આમ ચાર યુનિવર્સિટીનો ડોક્ટરેટ પદવીદાન રાખવામાં આવ્યો હતો તેમાં ભારતભરના કુલ ૩૦ જેટલા વ્યક્તિત્વ વિશેષ ઉમદા લોકોને આ પદવીદાન સમારોહ દિલ્હી ખાતે યોજાયો હતો. જેમાં ગુજરાતના ૨૭ વર્ષથી સંઘ ચાલક અને ૨૦૧૯/૨૩ સુધી લઘુ ઉદ્યોગ ભારતીના રાષ્ટ્રીય




અધ્યક્ષ તેમજ હાલ ગુજરાત, રાજસ્થાન અને મહારાષ્ટ્રના પ્રભારીની જવાબદારી વહન કરતા બળદેવભાઈ પ્રજાપતિને ડૉક્ટર ઓફ ફિલોસોફી ફાર્મા ઈન્ડસ્ટ્રી અને સામાજિક કાર્યના ક્ષેત્રે ડોક્ટરેટની પદવી પ્રદાન કરવામાં આવી છે .આ સન્માન માત્ર એક વ્યક્તિનો સન્માન નથી,આ તો એ વ્યક્તિત્વનું સન્માન છે જેમણે સમગ્ર જીવન સમાજસેવા, ઉદ્યોગસેવા અને રાષ્ટ્રીય વિચારના પ્રચાર માટે સમર્પિત કર્યું છે. અંકલેશ્વર અને ભરૂચની ધરતીએ હંમેશાં એવા રત્નો આપ્યા છે જેઓએ પોતાના કર્મ, સમર્પણ અને જનસેવા દ્વારા સમાજને નવી દિશા આપી છે.આજે આખા અંકલેશ્વર માટે ગૌરવ અને આનંદનો ક્ષણ છે. ઉદ્યોગકારોના હિત માટે

અનુસંધાન પાના ૭ પર

# ભારતના સૌથી મોટા ડેટા સેન્ટર કેમ્પસ માટે અદાણી-ગુગલની ભાગીદારી

## વિશાખાપટ્ટનમના પ્રોજેક્ટથી ૬૦૦૦ જેટલી સીધી અને કુલ ૩૦ હજાર જેટલી નવી નોકરીઓનું સર્જન થશે



**અમદાવાદ, તા. ૧૫**

આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમમાં ભારતના સૌથી મોટા AI ડેટા સેન્ટર કેમ્પસ અને નવા ગ્રીન એનર્જી ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવા માટે અદાણી એન્ટરપ્રાઈઝે, તેની સંયુક્ત સાહસ કંપની AdaniConneX અને ગુગલ વચ્ચે એક સીમાચિહ્નરૂપ ભાગીદારી કર્યાની આજે જાહેરાત કરી હતી..

વિશાખાપટ્ટનમમાં ગુગલના AI હબના નિર્માણ માટે ૨૦૨૬થી ૨૦૩૦ના પાંચ વર્ષ દરમિયાન અંદાજે USD ૧૫ બિલિયનનું બહુપક્ષીય રોકાણની ધારણા છે, જેમાં ભારતમાં સૌથી વધુ માંગવાળા AI વર્કલોડને ચલાવવા માટે એક મજબૂત સબસી કેબલ નેટવર્ક અને સ્વચ્છ ઉર્જા દ્વારા સમર્થિત ગીગાવોટ-સ્કેલ ડેટા સેન્ટરની કામગીરીનો સમાવેશ થાય છે. તેને AdaniConneX અને Airtel સહિતની ઈકોસિસ્ટમના ભાગીદારો સાથે ગાઢ સહયોગથી સક્રીય અને જીવંત કરવામાં આવશે.

AdaniConneX ના સહયોગથી વિકસાવવામાં આવેલા ગુગલના AI હબના પાયાના સ્તંભોમાં વિશાખાપટ્ટનમમાં હેતુ-લક્ષી AI ડેટા સેન્ટરના માળખાનો સમાવેશ થાય છે જે ભારતની AI ક્ષમતાઓમાં પેઢીગત પરિવર્તન લાવવામાં મદદ કરવા માટે નોંધપાત્ર ગણતરી ક્ષમતા ઉમેરશે.

આ પ્રકલ્પ બંને કંપનીઓની ટકાઉપણું પ્રત્યેની પ્રતિબદ્ધતા પર પણ મદાર રાખવા સાથે આંધ્રપ્રદેશમાં નવી ટ્રાન્સમિશન લાઈન, સ્વચ્છ ઉર્જા ઉત્પાદન અને અવનવી ઉર્જા સંગ્રહ પ્રણાલીઓમાં સહ-રોકાણ થાય તેનો પણ ખ્યાલ રાખશે. આ ડેટા સેન્ટરની કામગીરીને ફક્ત ટેકો જ નહીં આપે પરંતુ ભારતના વીજળી ગ્રીડની સ્થિતિસ્થાપકતા અને ક્ષમતામાં પણ વધારો કરશે.

અદાણી ગ્રુપના ચેરમેન શ્રી ગૌતમ અદાણીએ જણાવ્યું હતું કે અદાણી ગ્રુપને આ ઐતિહાસિક પ્રકલ્પ માટે ગુગલ સાથે ભાગીદારી કરવાનું ગૌરવ છે જે ભારતના ડિજિટલ લેન્ડસ્કેપના ભવિષ્યને વ્યાખ્યાયિત કરશે. તેમણે ઉમેર્યું હતું કે આ ફક્ત માળખાગત સુવિધાઓમાં રોકાણ કરતાં વધુ મહત્વનું એ છે કે તે ઉભરતા રાષ્ટ્રના આત્મામાં રોકાણ છે. આ ભાગીદારી રાષ્ટ્ર નિર્માણના અમારા સહિયારા દ્રષ્ટિકોણ અને ૨૧મી સદીના સંસાધનો સાથે પ્રત્યેક ભારતીયને સશક્ત અને સક્ષમ બનાવવાની અમારી પ્રતિબદ્ધતાન પુરાવો છે. વિશાખાપટ્ટનમ હવે ટેકનોલોજી માટે વૈશ્વિક સ્થળ બનવા માટે સજ્જ છે અને અમે આ ચિરસ્મરણિય સફરના શિલ્પી બનવા માટે રોમાંચિત છીએ.

ગુગલ ક્લાઉડના સી.ઇ.ઓ. શ્રી થોમસ કુરિયને આ વેળા કહ્યું હતું કે AI યુગમાં ભારતની વિશાળ સંભાવનાઓને ઉજાગર કરવા માટે અમે ગુગલ AI હબમાં રોકાણ કરી રહ્યા છીએ, જે વૃદ્ધિને વેગ આપવા સાથે વ્યવસાયો, સંશોધકો અને સર્જકોને AI સાથે નિર્માણ અને સ્કેલ કરવા સક્ષમ બનાવવા માટે મહત્વપૂર્ણ પાયો પૂરો પાડશે. તેમણે વધુમાં કહ્યું હતું કે અદાણી સાથે સહયોગ કરીને અમે અમારા અત્યાધુનિક સંસાધનોને સમુદાયો અને ગ્રાહકોની નજીક લાવીને તેમને વૈશ્વિક મંચ ઉપર નવીનતા અને વિકાસ માટે પ્રદર્શન, સુરક્ષા અને સ્કેલેબિલિટી પ્રદાન કરીશું.

આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમ અને ત્યારબાદ સમગ્ર દેશમાં આ AI હબ અને કનેક્ટિવિટી ગેટવેનો વિકાસ ડિજિટલ સમાવેશકતાને સંચાલિત કરીને ટેકનોલોજી, બાંધકામ અને સ્વચ્છ ઊર્જામાં હજારો નોકરીઓનું સર્જન કરીને આર્થિક વિકાસ માટે એક શક્તિશાળી એન્જિન બનાવશે.

# વલસાડમાં સવારે ૨.૫ની તિવ્રતા ધરાવતો ભૂકંપ

## ભૂકંપનું કેન્દ્ર બિંદુ વલસાડ શહેરથી ૪૬ કિલોમીટર દૂર નોંધાયું

**પ્રતાપ પ્રતિનિધિ, વલસાડ, તા. ૧૫**

વલસાડમાં સવારે ૮ કલાકે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂકંપનું કેન્દ્ર બિંદુ વલસાડથી દૂર ૪૬ કિમી નોંધાયું હતું. જેથી ગ્રામ્ય વિસ્તારમાં તેની અસર વર્તાઈ હતી.

વલસાડ અને આસપાસના વિસ્તારોમાં આજે વહેલી સવારે સામાન્ય ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. સવારે ૮ વાગ્યેને ૨૫ મિનિટે ધરતીકંપનો આંચકો આવતા લોકોમાં થોડા સમય માટે ગભરાટ ફેલાયો હતો. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી દ્વારા નોંધાયેલી માહિતી મુજબ, આ ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૨.૫ જેટલી માપવામાં આવી છે. ૨.૫ની ઓછી તીવ્રતાના કારણે, મોટાભાગના વિસ્તારોમાં આંચકા હળવાશથી અનુભવાયા હતા, પરંતુ ભૂકંપના કારણે લોકો થોડા સમય માટે ભયભીત થઈને ઘરની બહાર દોડી આવ્યા હતા.

આ ભૂકંપનું કેન્દ્રબિંદુ વલસાડ શહેરથી લગભગ ૪૬ કિલોમીટર દૂર આવેલું હતું. ભૂકંપનું કેન્દ્રબિંદુ શહેરથી થોડું દૂર હોવાથી વલસાડ શહેરની સરખામણીએ ગ્રામ્ય વિસ્તારોમાં તેની અસર વધુ અનુભવાઈ હોવાની શક્યતા છે. જોકે, ભૂકંપની ઓછી તીવ્રતાને કારણે જાન-માલનું કોઈ મોટું નુકસાન થયાના સમાચાર હજી સુધી પ્રાપ્ત થયા નથી, જે રાહતની વાત છે.

વલસાડમાં ભૂકંપનો આંચકો અનુભવાયા બાદ જિલ્લાનું વહીવટી તંત્ર એલર્ટ મોડ પર આવી ગયું હતું. ઈમરજન્સી અને ડિઝાસ્ટર મેનેજમેન્ટની ટીમોને કોઈપણ અનિચ્છનીય ઘટનાનો સામનો કરવા માટે તૈયાર રહેવાની સૂચના આપવામાં આવી છે. જોકે, માત્ર ૨.૫ની તીવ્રતાનો આંચકો હોવાથી થોડા સમયના ગભરાટ બાદ વલસાડ અને આસપાસના વિસ્તારોમાં જનજીવન રાબેતા મુજબ શરૂ થઈ ગયું હતું. તંત્ર દ્વારા લોકોને કોઈપણ અફવાઓ પર ધ્યાન ન આપવા અને શાંતિ જાળવી રાખવા માટે અપીલ કરવામાં આવી છે. આ ઓછી તીવ્રતાના આંચકાઓ વારંવાર આવતા રહે તો તેના માટેની પૂર્વ તૈયારીઓ ચકાસવા માટે આ એક તક છે.

# લીંબાયતની દુકાનમાં બ્રાન્ડેડ શુઝના નામે નકલીનું વેચાણ

## દુકાન માલિક નોમાન મેમણને ત્યાંથી રૂ.૩.૬૦ લાખનો જથ્થો કબ્જે

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૧૫**

લિંબાયત નિલીગીરી સર્કલ પાસે માસ્ટર શૂઝના નામે દુકાન સંચાલિત કરી તેમા બ્રાન્ડેડ કંપનીના શુઝનું કોપીરાઈટ કરનાર સામે લિંબાયત પોલીસે કંપનીના અધિકૃત અધિકારીની ફરીયાદને આધારે તપાસ કરી ગુનો નોંધ્યો હતો. પોલીસ દ્વારા રૂ.૩.૬૦ લાખની મત્તા પણ કબ્જે કરાઇ હતી.

લિંબાયત પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર દિલ્લી મથુરા રોડ સુખદેવ વિહાર ખાતે રહેતા દિપકભાઇ રામપ્રિત રામ ઉ.વ.૨૮ કોપીરાઇટ એક્ટનો ભંદ કરનારાઓ ઉપર નજર રાખે છે. દરમિયાન તેમને ધ્યાને આવ્યું હતુ કે, સુરતના લિંબાયત નીલગીરી સર્કલ પાસે લિંબાયત મદીના મસ્જીદ શિવમ કોમ્પલેક્ષમાં રહેતો નોમાન અયુબ મેમણ ઉ.વ.૨૧ માસ્ટર શુઝના નામે બુટની દુકાન ચલાવે છે. તેને ત્યાં નાઈકી, હુગો બોસ, પ્રાડા તેમજ લાકોસ્ટ જેવી બ્રાન્ડેડ કંપનીના શુઝનું વેચાણ થતું હોય તપાસ કરતા તે કોપી રાઈટ એક્ટનો ભંગ કરતો હોવાનું બહાર આવ્યું હતું. દરમિયાન લિંબાયત પોલીસે ઉપરોક્ત દુકાને થી ૬૭૨ નંગ શુઝ કબ્જે કર્યા હતા. કોપીરાઈટ એક્ટના ભંગ બદલ ગુનો નોંધી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# સુરત એરપોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની મળી ધમકી

## સુરત પોલીસ સહિત સુરક્ષા એજન્સીઓએ શરૂ કરી કાર્યવાહી

સુરત, તા. ૧૫

'સુરત એરપોર્ટને ફોન કોલ દ્વારા બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. સુરત પોલીસ સહિત સુરક્ષા એજન્સીઓએ કાર્યવાહી શરૂ કરી હતી.' વાસ્તવમાં આવું બન્યું ન હતું, પરંતુ બોમ્બની ધમકી અને ત્યારબાદની સુરક્ષા કાર્યવાહી Bomb Threat Mock Exercise - BTME) અંગે સુરત એરપોર્ટ તંત્ર દ્વારા વાર્ષિક મોકડ્રીલ યોજાઈ હતી. આ અભ્યાસનો હેતુ વિવિધ સુરક્ષા તથા આપાતકાલીન એજન્સીઓ વચ્ચે તાત્કાલિક પ્રતિસાદ, સંકલન અને તૈયારીઓનું મૂલ્યાંકન કરવાનો હતો.

મોકડ્રીલ અંતર્ગત સવારે ૧૧:૨૮ કલાકે ઈન્ડિગો એરલાઈન્સના પ્રતિનિધિને આબિદ ગુલ મહમ્મદ નામથી કોઈએ કોલ કરી એરપોર્ટના અરાઈવલ એરિયામાં બોમ્બ મૂક્યો હોવાનું જણાવી એરપોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપી હતી. જેથી તાત્કાલિક બોમ્બ થ્રેટ એસેસમેન્ટ કમિટીને જાણ કરાઈ હતી. ત્યારબાદ સિક્યોરિટી ઓપરેશન્સ કંટ્રોલ સેન્ટર (SOCC) દ્વારા CISF ક્વિક રિએક્શન ટીમ (QRT), બોમ્બ ડિટેકશન અને ડિસ્પોઝલ સ્કવોડ, સ્થાનિક પોલીસ, ફાયર, એમ્બ્યુલન્સ તથા અન્ય સંબંધિત એજન્સીઓને તાત્કાલિક એલર્ટ કરવામાં આવ્યા અને બોમ્બ ધમકી કંટ્રોલ રૂમ શરૂ કરાયો હતો. સ્થાનિક પોલીસે એફ.આઈ.આર. નોંધી તપાસ શરૂ કરી હતી. બપોરે ૧૨.૫૫ કલાકે મોકડ્રીલ પૂર્ણ થઈ હતી.

મોકડ્રીલ એરપોર્ટના ડિરેક્ટર આનંદ એન. શર્મા, એવિએશન સિક્યુરિટી ગ્રુપના કમાન્ડન્ટ/ સી.એ.એસ.ઓ. કુમાર અભિષેકના માર્ગદર્શન હેઠળ યોજાઈ હતી. જેમાં ૧૭૪ અધિકારી-સુરક્ષા કર્મચારીઓ સહિત તમામ એજન્સીઓએ સતર્કતા, કુશળતા અને સંકલન સાથે તેમની ફરજો નિભાવી હતી.

બ્રીફિંગ સત્રમાં તમામ સહભાગી એજન્સીઓ તથા નિરીક્ષકોએ ભવિષ્યમાં વધુ અસરકારક ઈમરજન્સી સુરક્ષા સેવા અને સંકલન માટેના સૂચનો તથા પ્રતિભાવ રજૂ કર્યા હતા.



**સુરત શહેરમાં દિવાળી મહોત્સવની ધુમ ખરીદી નીકળી છે. તહેવારની ભવ્ય ઉજવણી માટે લોકોમાં ભારે ઉત્સાહ દેખાઈ રહ્યો છે. ત્યારે રિંગરોડ પર પીક અવર્સમાં ભારે ટ્રાફિક્જામ સર્જાયો હતો. મેટ્રો રેલની કામગીરીના કારણે રિંગરોડ પર હવે ટ્રાફિક્જામની સમસ્યા હવે કાયમી બની ગઈ છે. (તસવીર : હનીફ મલેક)**

# ચેમ્બર દ્વારા સરદાર પટેલની ૧૫૦મી જન્મ જયંતી નિમિતે 'એક દીપસ્તંભ' સત્ર યોજાયું

## સરદાર પટેલનું એક સૂત્ર બહુ સરસ હતું – નિર્ભયી બનો : કાનજીભાઇ ભાલાળા

સુરત, તા. ૧૫

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રવિવાર તા. ૧૨ ઓકટોબર, ૨૦૨૫ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે ભારત વર્ષના લોહપુરુષ સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે 'એક દીપસ્તંભ' જનજાગૃતિ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ભારત ભારતી સંસ્થાના રાષ્ટ્રીય કાર્યાધ્યક્ષ શ્રી વિનય પત્રાલે અને સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજના પ્રમુખ શ્રી કાનજીભાઇ ભાલાળાએ લોહપુરુષ સરદાર વલ્લભભાઇ પટેલના જીવનદર્શન વિષે વિસ્તૃત જાણકારી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના કાર્યવાહક પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ સ્વાગત પ્રવચનમાં કહ્યું હતું કે, આઝાદી બાદ એક રાષ્ટ્રની રચના કરનારા લોહપુરુષ સરદાર પટેલ સિવિલ સર્વિસનો પાયો નાખીને શાસન વ્યવસ્થાના પણ આધારસ્તંભ રહ્યા. તેઓ આપણા સૌ માટે આદર્શ છે અને તેમના મહાન વ્યક્તિત્વનું દરેક પાસું આપને પ્રેરણા આપે છે.

ભારત ભારતી સંસ્થાના રાષ્ટ્રીય કાર્યાધ્યક્ષ શ્રી વિનય પત્રાલેએ લોહપુરુષ સરદાર વલ્લભભાઇ પટેલની દૂરદર્શિતા અને જીવનમાં અપનાવા જેવી પાંચ મુખ્ય ક્ષિતિઓ વિશે ઓડિયો–વિઝયુઅલનાં માધ્યમથી પ્રેરક પ્રવચન આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે, સરદાર સાહેબનો દેશ પર બહુ મોટો ઉપકાર છે. સરદાર સાહેબને આ દેશમાં જે ગૌરવ મળવું જોઈતું હતું એ મળ્યું જ નહી. આઝાદી પછી તેમને ભારત રત્ન છેક ૧૯૯૧માં મળ્યો. તેઓ પીએમ પદને લાયક હતા. ગાંધીજીના શબ્દ ખાતર તેમણે ઉમેદવારી પાછી ખેંચી.

તેમણે કહ્યું હતું કે, સરદારની જન્મજયંતિએ તેમને યાદ કરતી વખતે આપણે ગુલામીની માનસિકતાની રહી ગયેલી નિશાનીઓ પણ દૂર કરવી જોઇએ. સ્વાભિમાન, સમરસતા, સુરક્ષા, પર્યાવરણ–સ્વચ્છ ભારત, નાગરિક કર્તવ્યનું પાલન એ પાંચ સૂત્રો યાદ કરી જીવનમાં ઉતારવા જોઈએ.

સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજના પ્રમુખ શ્રી કાનજીભાઈ ભાલાળાએ લોહપુરુષ સરદાર વલ્લભભાઇ પટેલના જીવનદર્શન વિશે વાતો કરતા કહ્યું કે, સમગ્ર દેશ સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતિ ઉજવી રહ્યો છે. દરેક જિલ્લામાં વિચારયાત્રાનું આયોજન થયું છે. તેમણે સરદારની કુનેહ, ત્યાગ–સમર્પણના પ્રસંગો ટાંકયા હતા અને કહ્યું કે સરદાર કયારેય ભૂલી શકાય નહી. તેમની દૃઢ નિર્ણયશક્તિ, કોઠાસૂઝ, સમર્પણ અને મનોબળના કારણે જ ભારત એક છે. જૂનાગઢને ભારતમાં ભેળવવામાં તેમની ગજબની કોઠાસૂઝના દર્શન દેશને થયા. તેમનું એક સૂત્ર બહુ સરસ હતું–નિર્ભયી બનો.

ચેમ્બરના તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ચેમ્બરના ગૃપ ચેરમેનો શ્રી પરેશ લાઠિયા અને શ્રી મનિષ કાપડીયાએ વક્તાઓનો પરિચય આપ્યો હતો. બંને વક્તાઓએ ઉપસ્થિત શ્રોતાગણ સાથે વિચાર ગોષ્ઠિ પણ કરી હતી. ચેમ્બરની મેનેજિંગ કમિટીના સભ્ય શ્રી ચેતન શેઠે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

# શેરબજારમાં રોકાણના બહાને સરખેદી દંપત્તિ દ્વારા છેતરપિંડી

## વેપારી મહેશકુમાર જાજુ પાસેથી રૂા.૨.૬૭ કરોડ વરાછાના દંપત્તિએ પડાવી લીધા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૧૫**

વરાછા ડોક્ટર હાઉસની સામે રહેતા સરખેદી દંપતિએ મુળ રાજસ્થાનના વતની અને હાલ સુરતમાં રહેતા આધેડ વયના વેપારીને શેર બજારમાં રોકાણ કરવાની લાલચ આપી ધ્રીતી ઈન્વેસ્ટમેન્ટ નામની ભાગીદારી પેઢી બનાવડાવી તેમા પોતે વર્કીંગ પાર્ટનર બનાવીને પેઢી મારફતે રૂ.૪.૩૫ કરોડનું રોકાણ કરાવડાવ્યું હતું. ત્યારબાદ વેપારીને રૂ.૧.૭૫ કરોડ પરત કરી બાકીના રૂ.૨.૬૭ કરોડ નહીં ચુકવી છેતરપિંડી કરાઇ હોવાની ફરીયાદ સરથાણા પોલીસ સ્ટેશનમાં નોંધાઇ છે.સરથાણા પોલીસ સુત્રો પાસેથી મળતી વિગત અનુસાર મુળ રાજસ્થાનના બુંદી જિલ્લાના ખોજા ગેટ રોડના વતની અને હાલ અડાજણ સમર્થ પાર્ક શક્તિ ટાવરમાં રહેતા મહેશકુમાર ખુશાલચંદ જાજુ ઉ.વ.૬૨ વેપારી છે. દરમિયાન ૨૦૨૩ના જાન્યુઆરી મહિનામાં વરાછા હીરા બાગ રોડ ડોક્ટર હાઉસની સામે ચિત્રકુટ સોસાયટીમાં રહેતા માર્શલ કનુભાઇ સરખેદી અને તેમની પત્ની નિધીબેન સરથાણા જકાતનાકા ગોકુલમ આર્કેડમાં ઓફીસ ધરાવે છે.

દરમિયાન સને ૨૦૨૩માં સરખેદી દંપતિએ મહેશકુમારનો સંપર્ક કર્યો હતો અને તેમને શેરબજારમાં રોકાણ કરવાની વાત કરી ધ્રુતી ઈન્વેસ્ટમેન્ટ નામની ભાગીદારી પેઢી બનાવડાવી તેમાં વર્કીંગ પાર્ટનર રહ્યા હતા. આ ભાગીદારી પેઢી મારફતે મહેશકુમાર જાજુ પાસે રૂ.૪.૩૫ કરોડનું રોકાણ કરાવડાવ્યું હતું. ત્યારબાદ રૂ.૧.૭૫ કરોડ પરત ચુકવી દીધા હતા. બાકીના રૂ.૨.૬૭ કરોડ રકમનું નુકશાન કરાવ્યું હતું. પેમેન્ટની માંગણી કરતા સરખેદી પતિ પત્નીએ વેપારી મહેશકુમારને જૈનમ બ્રોકીંગ લી.ના ખોટા અને બનાવટી લેઝર રિપોર્ટ તથા સ્ક્રીપ્ટવાઈઝ ગ્લોબલ રીપોર્ટની નકલોની પીડીએફ મોકલી વેપારી મહેશકુમારને નફો થાય તેવું બતાવી પેઢીમાં નુકશાન કરાવડાવ્યું હતું. ૨ કરોડથી વધુની રકમનું નુકશાન કરાવી છેતરપિંડી કરવા બદલ આ મામલે સરથાણા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવવામાં આવ્યો હતો.

# લીંબાયતમાં ગળા પર ચપ્પુ મૂકી રૂપિયા ૭ હજાર પડાવી લેવાયા

## સ્થાનિક ટપોરીઓએ વેલ્ડર પાસે રૂા.૪૦ હજારની ખંડણી માગી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૧૫**

લિંબાયતમાં રહેતા અને વેલ્ડીંગનો ધંધો કરતા ૩૨ વર્ષિય યુવકને લિંબાયતમાં રહેતા સ્થાનિક ટપોરીઓએ જો ધંધો કરવો હોય તો દર મહિને રૂ.૪૦ હજારનો હપ્તો આપવો પડશે તેમ કહી રૂપીયા આપવાની યુવકે ના પાડતા તેના ગળે ચપ્પુ મુકી દઇ ગળુ કાપી નાંખવાની ધમકી આપી માર મારી વિડીયો કોલ ઉપર યુવકના મિત્રને માર મારતો વિડીયો બતાવી રૂ.૭ હજાર બળજબરી કઢાવી લેવાયા હતા.

લિંબાયત પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર મુળ ઉત્તરપ્રદેશના ફતેપુર જિલ્લાનો વતની અને હાલ લિંબાયત ખાનપુરા ખાતે રહેતો મો.ઈકબાલ આરીફ ગ્યાસુદ્દીન સિદ્દિકી વેલ્ડીંગનો ધંધો કરે છે. દરમિયાન ગઈ તા.૩ ઓક્ટોબરના રોજ સાંજના સમયે લિંબાયતમાં રહેતા સ્થાનિક ટપોરીઓ આસીફખાન ઈસરતખાન પઠાણ, તાલીબ તલવાર, નાસીર શેખ અને નેહાલ પિંજારીએ મો.ઈકબાલ પાસે રૂ.૪૦ હજારનો હપ્તો માંગ્યો હતો. રૂપીયા આપવાની ના પાડતા તેને માર મારી તેના મિત્રને વિડીયો કોલ કરીને મો.ઈકબાલને માર મારતો બતાવી રૂ.૭ હજાર બળજબરીથી કઢાવી લીધા હતા.

# લીંબાયતમાં શાળાથી ઘરે જતા વિદ્યાર્થી પર હુમલો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૧૫**

લિંબાયત ખાતે શાળાએથી ઘરે જઈ રહેલા વિદ્યાર્થીનો ધક્કો લાગતા પરિવારના સભ્યોએ વિદ્યાર્થીને ઢોર મારમાર્યો હતો. આ અંગે લિંબાયત પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી હતી.

મૂળ યુપીના પ્રયાગરાજના વતની અને હાલ લિંબાયત છત્રપતી શિવાજી નગરમાં રહેતા નસીમ શરીફ રાઈન(ઉ.વ.૪૭)નો દીકરો અરસલાન મારૂતિનગરથી સ્કુલેથી છૂટી ઘરે આવી રહ્યો હતો. ત્યારે મારૂતિનગર નવદુર્ગા ઝેરોક્ષ પાસે અરસલાનનો ધક્કો ત્યાં ઉભેલા રિયાનને લાગી જતા બંને વચ્ચે ઝગડો થયો હતો. જ્યાં રિયાન, તેના પિતા અસ્લમ, કાકા સમીમ તથા તેના ફોઈના છોકરા અરમાને અરસલાનને ઢીક્ક-મુક્કીનો માર મારી, રીયાનના પિતા અસ્લમએ "અગલી બાર મેરે લડકે કે સાથ ઝગડા કીયા તો તેરે કો ખતમ કર દુંગા" તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપી નાશી ગયા હતા. આ અંગે અરસલાના પિતા નસીમ રાઈને લિંબાયત પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# ચેક રિટર્ન કેસમાં મગદલ્લાના રિપલ પટેલને એક વર્ષની કેદની સજા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૧૫**

રૂ.૨.૭૫ લાખના ચેક રિટર્ન કેસમાં મગદલ્લાના રિપલ પટેલને કોર્ટે ૧ વર્ષની સજા અને ચેકની રકમનો આદેશ કર્યો હતો.

મગદલ્લા સ્થિત કરશ્મા મહોલ્લાના રિપલ જગદીશ પટેલ સામે ચેક રિટર્નની કોર્ટમાં ફરિયાદ થઈ હતી. ધ્વની હર્ષ વાનીયાવાલા(રહે. ઘોડદોડ રોડ) પાસેથી રિપલે વ્યવસાય માટે ૩ લાખ લીધા હતા. જેની ચુકવણી પેટે રિપલ પટેલે ૨.૭૫ લાખનો ચેક આપ્યો હતો. જે ચેક રિટર્ન થતા ધ્વનિ તરફથી બીમલ વાનિયાવાલાએ વકીલ કમલેશ રાવલ મારફતે રિપલ સામે કોર્ટમાં કેસ કર્યો હતો. જે ચાલી જતાં કોર્ટે બ્રશ એન્ડ બ્રશ યુનીસેક્ષ સેલુનના પ્રોપરાઈટર આરોપી રિપલ પટેલને કસુરવાર ઠેરવી ૧ વર્ષની સજા અને ચેકની રકમ ચૂકવી આપવા પણ આદેશ કર્યો હતો.

**પશ્ચિમ રેલવે**

**કમ્પલિટ ટીએમએસ માટેનું સીએએમસી**

સિનિયર ડિવિઝનલ સિગ્નલ અને ટેલિકોમ એન્જિનિયર (સીઓ), બીજો માળ, ડિવિઝનલ રેલવે મેનેજરની ઓફિસ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-૪૦૦ ૦૦૮ આમંત્રિત કરે છે ઈ-ટેન્ડર નં. : SG ૬૨૩/૧૭૯૮/WA, તારીખ : ૧૦.૧૦.૨૦૨૫, કામ અને સ્થળ : મુંબઈ ડિવિઝનમાં ચર્ચગેટ - વિરાર સેક્શનમાં ૦૨ વર્ષના સમયગાળા માટે સેન્ટ્રલ કન્ટ્રોલ ઓફિસ ખાતે સ્થાપિત પૂર્ણપણે ટ્રેન મેનેજમેન્ટ સિસ્ટમ (ટીએમએસ)નું સ્થાપિત સિસ્ટમ સોફ્ટવેર અને એપ્લિકેશન સોફ્ટવેર સહિત સિસ્ટમ સોફ્ટવેર, ટીએમએસ એપ્લિકેશન સોફ્ટવેર મોડ્યુલ્સ, ફિલ્ડ ઈક્વિપમેન્ટ્સ સહિતનું સીએએમસી. કામની અંદાજીત કિંમત : રૂા. ૧૦,૯૦,૫૧,૩૬૬.૩૪/-, બિડ સિક્યુરિટી: રૂ. ૬,૯૫,૩૦૦/-. જમા કરવાની અને ઈ-ટેન્ડર ડોક્યુમેન્ટસ રજુ કરવાની તારીખ અને સમય: તા. ૦૩-૧૧-૨૦૨૫ના રોજ ૧૫.૦૦ કલાક સુધી, ઈ-ટેન્ડર ખોલવાની તારીખ અને સમય: તા. ૦૩-૧૧-૨૦૨૫ના રોજ ૧૫.૩૦ કલાકે. આ ટેન્ડર વેબસાઈટ www.ireps.gov.in પર જોઈ શકાશે. 0702

અમને લાઈક કરો facebook.com/WesternRly

## તંત્રી લેખ...-

**બુધવાર, તા. ૧૫ ઓક્ટોબર ૨૦૨૫**

# અમેરિકા અને ચીન વચ્ચે વેપારી સંઘર્ષનાં એંધાણ

વિશ્વભરમાં સશત્ર સંઘર્ષના અંત માટે પોતાને પાવરધા ગણાવતા અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આર્થિક સંઘર્ષ જગાવવામાં પણ નામના મેળવી છે. નવા-નવા વેપારી અને આર્થિક આક્રમક નિર્ણયો અમેરિકા સાથે દુનિયા-દેશોના સંબંધોને ડહોળી રહ્યા છે. હવે ટ્રમ્પે ચીન ઉપર ૧૦૦ ટકા વધારાનો ટેરિફ લગાવીને બન્ને દેશ વચ્ચે વેપારજંગની આગને ફરીવાર ભડકાવી દીધી છે. ટ્રમ્પનાં આ પગલાંથી ચીન અને અમેરિકા વચ્ચેનો વેપાર મહદ્અંશે ઠપ થઈ જાય એવી પૂરી શક્યતા છે. અમેરિકાના રાષ્ટ્રપતિએ દાવો કર્યો છે કે, ચીને દુર્લભ ધાતુઓની નિકાસ પર લાદેલા પ્રતિબંધોના જવાબમાં આ વધારાના ટેરિફ લદાયા છે. પ્રતિભાવમાં ચીને કહ્યંઅ છે કે, તે અમેરિકાની સાથે સંઘર્ષ ઈચ્છતું નથી, પણ જો ઉશ્કેરણી કરાશે તો તે વળતાં પગલાં લેશે. ચીનના વાણિજ્ય મંત્રાલયે જણાવ્યા મુજબ તેમનો દેશ

ટેરિફનાં યુદ્ધથી ડરતો નથી અને પોતાનાં અર્થતંત્રનાં રક્ષણ માટે તમામ પગલાં લેશે. આજના આધુનિક સમયમાં સેમિકંડક્ટર ચિપથી માંડીને ઈલેક્ટ્રિક વાહનો, સ્માર્ટફોન સહિતનાં ઉત્પાદનોમાં રેર અર્થ એટલે કે, દુર્લભ ધાતુઓ અનિવાર્ય બની ગઈ છે. આવી કિંમતી ધાતુઓના પુરવઠામાં ૭૦ ટકા અને તેના પ્રોસેસિંગમાં ૯૦ ટકા પર ચીનનું નિયંત્રણ રહ્યંઅ છે. આવા સંજોગોમાં અમેરિકા-યુરોપની મહાકાય ટેક્નોલોજી કંપનીઓની સામે મોટો પડકાર ઊભો થઈ શકે છે. ગયા સપ્તાહે ટ્રમ્પે ચીનથી થતી તમામ આયાત પર વધારાનો ૧૦૦ ટકા ટેરિફ લાદવાની જાહેરાત કરી હતી. પહેલી નવેમ્બરથી આ ટેરિફનો અમલ શરૂ થશે અને તેને લીધે આ સરવાળો ૧૩૦ ટકા થઈ જશે. આમ ચીનથી થતી તમામ આયાત અમેરિકામાં મોંઘી થશે. આ અગાઉ પણ ટ્રમ્પે ચીનની સામે ૧૪૫ ટેરિફ લગાવ્યો હતો, ત્યારે વળતી કાર્યવાહીમાં ચીને પણ અમેરિકાની આયાત પર ૧૨૫ ટકા ટેરિફ લાદ્યો હતો. વાટાઘાટો બાદ અમેરિકાએ પોતાનો ટેરિફ ઘટાડીને ૩૦ ટકા અને ચીને દસ ટકા કર્યો હતો. પરતું હવે દુર્લભ ધાતુઓના મામલે વધેલી અંટશે બન્ને દેશો વચ્ચે વધુ એક વખત વેપારજંગની સ્થિતિ ઊભી કરી દીધી છે. વળી આ મહિને અમેરિકા અને ચીનના રાષ્ટ્રાધ્યક્ષો વચ્ચે યોજાનારી શિખર મંત્રણા અમેરિકાનાં પગલાંને લીધે અટકી જાય એવા સંકેત પણ મળી રહ્યા છે. આમ તો ભારત પણ અમેરિકાના ટેરિફના બોજાનો સામનો કરી રહ્યું છે, પણ ચીનની સામે ટેરિફ લાદવાથી ભારતના નિકાસકારોને ફાયદો થઈ શકે છે. ચીનથી થતી આયાત ભારતની સરખામણીએ મોંઘી થાય તો અમેરિકાના આયાતકારો ભારતીય ઉત્પાદનો ભણી વળી શકે છે. ખાસ તો કપડાં, રમકડાં અને ઈલેક્ટ્રોનિક્સ જેવાં ઉત્પાદનોમાં ભારતને અમેરિકાની બજારમાં ચીનનું સ્થાન લેવાની તક મળશે, પણ દુનિયાની બે આર્થિક મહાસત્તા ચીન અને અમેરિકા વચ્ચેના કોઈ પણ વેપારી સંઘર્ષની અસરો અન્ય દેશો પર ચોક્કસપણે પડશે અને સરવાળે દુનિયાના આર્થિક સમીકરણો ડામાડોળ થઈ જશે.

# ભારત - અફઘાન દોસ્તી

અફઘાનિસ્તાનની તાલિબાન સરકારના વિદેશપ્રધાન આમીર ખાન મુતકીની ભારત મુલાકાતની પૂર્વ સંધ્યાએ પાકિસ્તાને અફઘાન વિસ્તારમાં હવાઈ હુમલા કર્યા તેનું આશ્ચર્ય ભારત અને અફઘાનને પણ થયું નહીં. કારણ કે, ભારત - અફઘાન સંબંધ સુધરે - ગાઢ બને તે પાકિસ્તાનને પરવડે નહીં. આપણા વિદેશપ્રધાન એસ. જયશંકર અને આમીર ખાનની મંત્રણા પછી બંને દેશોના રાજદ્વારી સંબંધ ગાઢ બની રહ્યા છે. કાબુલમાં ઉચ્ચ ડિપ્લોમેટ - અધિકારીઓની નિમણૂકથી શરૂઆત થશે અને નજીકનાં ભવિષ્યમાં એલચી - એમ્બેસેડરની પણ નિમણૂક થશે. કાબુલમાં તાલિબાન સરકાર આવ્યા પછી ૨૦૨૧માં આપણે એલચી કચેરી બંધ કરી હતી, પણ ૨૦૨૨માં માનવતાના ધોરણે અપાતી સહાયનો યોગ્ય ઉપયોગ થાય તેની દેખરેખ રાખવા માટે ટેકનિકલ ટીમ કાબુલ મોકલી હતી. નોંધપાત્ર છે કે, પહેલગામમાં પાકિસ્તાની આતંકી હુમલા અને હત્યાકાંડને અફઘાન સરકારે સખત શબ્દોમાં વખોડીને આપણને સમર્થન આપ્યું હતું. આમીર ખાન સાથેની મુલાકાતમાં જયશંકરે આભાર વ્યક્ત કર્યો અને પ્રાદેશિક દેશો - અર્થાત પાડોશી દેશો ઉપર થતા આતંકી હુમલાઓને વખોડીને શાંતિ, સ્થિરતા અને અન્યોમાં વિશ્વાસ રાખવાનો નિર્ધાર બંને વિદેશપ્રધાને વ્યક્ત કર્યો છે. આમીર ખાન નવી દિલ્હીમાં જયશંકર સાથે હાથ મિલાવીને મંત્રણા કરી રહ્યા હતા, ત્યારે પાકિસ્તાની સંસદમાં ત્યાંના વિદેશપ્રધાન અફઘાનિસ્તાનને ધમકી આપી રહ્યા હતા. પાકિસ્તાનમાં વસેલા અફઘાન આતંકી હુમલા કરી રહ્યા છે અને એમની સાથે સખત હાથે કામ લેવાની ધમકી આપી રહ્યા હતા! પણ ભારતની ધરતી ઉપરથી અફઘાન વિદેશપ્રધાને પાકિસ્તાનને જવાબ આપ્યો છે : 'અફઘાન લોકોની હિંમતને ઓછી આંકવાની ભૂલ કરતા નહીં. જો કોઈ અમારી હિંમત ચકાસવા માગતા હોય તો એમણે સોવિયેત યુનિયન, અમેરિકા અને નાટોને પહેલાં પૂછવું જોઈએ કે, એમને કેવા અનુભવ થયા છે? અફઘાનિસ્તાનને છેડવામાં સાર નથી.' આમીર ખાને પાકિસ્તાનને ચેતવણી અને ભારતને ખાતરી આપતાં કહ્યું છે કે, અમારી ભૂમિ - પ્રદેશનો ઉપયોગ અન્ય કોઈ પણ દેશ ઉપર હુમલા કરવા માટે વાપરી શકાય નહીં. પાકિસ્તાને વિવાદ શાંતિમય સંવાદથી ઉકેલવા જોઈએ એમ પણ કહ્યું છે. વિકાસ માટે સહયોગ અંગે સમજૂતી સધાઈ છે. ભારત કાબુલમાં એક હોસ્પિટલ તથા અન્ય સ્વાસ્થ્ય સેવા આપશે. ૨૦ એમ્બ્યુલન્સ અને અફઘાન નાગરિકોને તબીબી સારવારની વ્યવસ્થા કરશે. વિદ્યાર્થીઓને સહાય કરશે અને ધરતીકંપમાં પડી ભાંગેલા નિવાસસ્થાનોનો જીર્ણોદ્ધાર કરશે. ઉપરાંત વ્યાપાર વધારવાની સમજૂતી પણ થઈ છે. ભારતની ડિપ્લોમસી સામે પાકિસ્તાનનો ખોફ સમજી શકાય છે!

**લ્લઅફઘાન લોકોની હિંમતને ઓછી આંકવાની ભૂલ કરતા નહીં. જો કોઈ અમારી હિંમત ચકાસવા માગતા હોય તો એમણે સોવિયેત યુનિયન, અમેરિકા અને નાટોને પહેલાં પૂછવું જોઈએ કે, એમને કેવા અનુભવ થયા છે?**

**જનરલ નારવણેએ ચીનનો ઉલ્લેખ નહોતો કર્યો પણ તેમની વાત ચીનના સંદર્ભમાં જ હતી.**

# જનરલ નારવણેના પુસ્તકને મંજૂરી નહી આપવાનો કેન્દ્રને અધિકાર

## જનરલ નારવણેનો જવાબ યોગ્ય છે પણ આ મુદ્દો દેશ માટે મહત્ત્વનો છે

ભારતના ભૂતપૂર્વ લશ્કરી વડા જનરલ મનોજ મુકુંદ નારવણેએ લશ્રી વડા તરીકેના કાર્યકાળ દરમિયાન લખેલા પુસ્તકનો મુદ્દો ફરી ચર્ચામાં છે. જનરલ નારવણે ૨૦૨૨માં લશ્કરી વડા તરીકે નિવૃત્ત થયા હતા. એ દરમિયાન તેમણે આર્મી ચીફની સાથે સાથે એક્ટિંગ ચેરમેન ઓફ ચીફ્સ ઓફ સ્ટાફ કમિટી તરીકે પણ ફરજ બજાવી હતી. આ બેવડી ભૂમિકાના તેમના અનુભવો પર લખેલું તેમનું પુસ્તક સંરક્ષણ મંત્રાલયની મંજૂરીના અભાવે અટવાયું છે.

એકાદ વર્ષ પહેલાં તેમના પબ્લિશરે પુસ્તક તૈયાર કરીને સંરક્ષણ મંત્રાલયને મોકલી આપેલું પણ પુસ્તકની સમીક્ષા ચાલી રહી છે એ બહાને મંજૂરી નથી અપાઈ. હમણાં જનરલ નારવણે એક પુસ્તક મેળામાં ગયેલા ત્યારે આ અંગે સવાલ પુછાતાં તેમણે બહુ સહજતાથી જવાબ આપ્યો કે, મારું કામ પુસ્તક લખવાનું હતું ને પ્રકાશકે સંરક્ષણ મંત્રાલયની મંજૂરી મેળવવાની હતી. મારું કામ મેં પતાવી દીધું છે ને હવે ક્યારે પુસ્તક પ્રસિદ્ધ થાય છે તેનો આધાર સંરક્ષણ મંત્રાલયની મંજૂરી પર છે.

જનરલ નારવણેનો જવાબ યોગ્ય છે પણ આ મુદ્દો દેશ માટે મહત્ત્વનો છે કેમ કે જનરલ નારવણે લશ્કરી વડા તરીકે અત્યંત આક્રમક હતા અને ચીન તથા પાકિસ્તાન અંગેના તેમના વિચારો સરકારને માફક આવે એવા નહોતા. જનરલ નારવણે લશ્કરી પગલાં દ્વારા પાકિસ્તાને પચાવી પાડેલું કાશ્મીર (પીઓકે) પાછું લેવું જોઈએ એવો મત ધરાવતા હતા.

સાથે સાથે એવો મત પણ ધરાવતા કે, આપણા શાસકોની નબળાઈના કારણે આપણે પીઓકે પાછું ના મેળવી શક્યા, બાકી આર્મી તો ઈશારો કરે એટલે ધડબડાટી બોલાવીને પીઓકે પાછું લેવા ટાંપીને જ બેઠું છે. જનરલ નારવણે ચીનને પણ ભારતનો મોટો દુશ્મન માનતા અને ભવિષ્યમાં ચીન ભારત માટે મોટો ખતરો બનશે એવું સ્પષ્ટ માનતા.

જનરલ બિપીન રાવત ૨૦૧૯માં લશ્કરી વડા તરીકે નિવૃત્ત થઈને દેશના પહેલા ચીફ ઓફ ડીફેન્સ સ્ટાફ (સીડીએસ) બન્યા પછી તેમના સ્થાને જનરલ મનોજ મુકુંદ નારવણે લશ્કરી વડા બન્યા હતા. જનરલ નારવણેએ નવા લશ્કરી વડા તરીકેનો કાર્યભાર સંભાળ્યો પછી પહેલી વાર મીડિયા સાથે વાત કરી ત્યારે ચીન અંગે આપણને સાફ શબ્દોમાં ચેતવેલા.

જનરલ નારવણેએ કહેલું કે, આપણે દેશના પશ્ચિમ મોરચે બહુ ધ્યાન આપીએ છીએ પણ ઉત્તરના મોરચે પણ એટલું જ ધ્યાન આપવાની જરૂર છે. આપણી પશ્ચિમ સરહદ પાકિસ્તાન સાથે જોડાયેલી છે. ગુજરાત, રાજસ્થાન, પંજાબ, જમ્મુ અને કાશ્મીર એ રાજ્યો પશ્ચિમ મોરચે પાકિસ્તાનની સરહદ સાથે જોડાયેલાં છે. તેથી પાકિસ્તાન સાથેની અંકુશરેખા પણ પશ્ચિમ આ મોરચે છે. ઉત્તર મોરચે નેપાળ, ભુતાન, તિબેટ, ચીન, મ્યાનમાર, બાંગ્લાદેશ વગેરે દેશો સાથેની સરહદ છે પણ તેમાં મુખ્ય ચીન છે.

જનરલ નારવણેએ ચીનનો ઉલ્લેખ નહોતો કર્યો પણ તેમની વાત ચીનના સંદર્ભમાં જ હતી. જનરલ નારવણેએ સાનમાં કહી દીધેલું કે, આપણે પાકિસ્તાનની સરહદની ચિંતા કર્યા કરીએ છીએ, પાકિસ્તાન તરફથી વધારે ખતરો છે એવું માન્યા કરીએ છીએ પણ વાસ્તવમાં ચીન તરફથી વધારે ખતરો છે. પાકિસ્તાન આપણને વધારે સળીઓ કરે છે તેથી આપણે તેને મોટો દુશ્મન માનીએ છીએ પણ ચીન તેના કરતાં મોટો દુશ્મન છે અને વધારે ખતરનાક પણ હોવાથી તેને અવગણવો ના જોઈએ. ચીન ગમે ત્યારે ગમે તે કરી શકે તે જોતાં ઉત્તર મોરચે આપણે વધારે સતર્ક રહેવું જોઈએ એવો સ્પષ્ટ સંકેત જનરલે આપ્યો હતો.

આ વાતના અઠવાડિયાં પછી જનરલ નારવણેએ પત્રકાર પરિષદ સંબોધી તેમાં કહેલું કે, વર્ષો પહેલાં આપણી સંસદે ઠરાવ પસાર કરેલો કે, સમગ્ર કાશ્મીર ભારતનું છે તેથી કિસ્તાને પચાવી પાડેલું કાશ્મીર (પીઓકે) પણ ભારતનું જ છે. ભારતની સંસદ ઈચ્છતી હોય કે, પાકિસ્તાને પચાવી પાડેલું કાશ્મીર (પીઓકે) પણ ભારત સાથે આવી જાય તો અમને એ પ્રકારના આદેશ આપવા પડે. આ પ્રકારનો આદેશ અમને મળશે તો અમે ચોક્કસ કાર્યવાહી કરીશું.

જનરલ નારવણેએ ૨૦૨૦માં આર્મી ડેની ઉજવણી વખતે પીઓકે પાછું લેવા માટે આર્મી તૈયાર હોવાનો હુંકાર પણ કરેલો. જનરલ મનોજ મુકુંદ નારવણેએ સ્પષ્ટ શબ્દોમાં કહેલું કે, ભારતીય લશ્કર આતંકવાદ સામે ઝીરો ટોલરન્સની નીતિ ધરાવે છે ને જે લોકો આતંકવાદને પોષે છે એ લોકો યાદ રાખે કે, ભારતીય લશ્કર પાસે આતંકવાદનો સામનો કરવાના બીજા પણ ઘણા વિકલ્પો છે. આ વિકલ્પો અજમાવતાં અમને જરાય ખચકાટ નહીં થાય ને ભારતીય લશ્કર ભવિષ્યમાં કોઈ પણ જંગ લડવા માટે તૈયાર છે.

જનરલે પાકિસ્તાનને ચીમકી જ આપી હતી કે, ભારતીય લશ્કર હવે પાકિસ્તાન કોઈ સળી કરે તેની રાહ જોતું બેસી રહેશે એવા ભ્રમમાં ના રહે. જનરલ નારવણે એ સીધેસીધી પીઓકે પર ચડાઈ કરવાની વાત નહોતી કરી ના કરી શકે પણ આડકતરી રીતે કહી જ દીધું છે કે, પાકિસ્તાન ભારતમાં આતંકવાદ ફેલાવવાનું બંધ નહીં કરે તો ભારતીય લશ્કરે પીઓકેમાં ઘૂસીને તેને કબજે કરવાનો વિકલ્પ પણ અજમાવવો પડશે.

જનરલ નારવણેએ આ વાતો જાહેરમાં કરી હતી અને વારંવાર પીઓકેનો મુદ્દો છેડીને સ્પષ્ટ કરેલું કે, ભારતીય લશ્કર પીઓકેમાં ઘૂસીને પાકિસ્તાની લશ્કરને ખદેડીને ત્યાં ભારતનો ઝંડો ફરકાવવા માગે છે. પીઓકે ભારતનું જ છે પણ ભારતનો તેના પર કબજો નથી. આ કારણે ભારતીય લશ્કર અકળાય છે. ભારતીય લશ્કરની ધીરજ ખૂટી રહી છે ને આપણું લશ્કર પીઓકે પર કબજો કરીને આતંકવાદ તથા પાકિસ્તાનની કનડગતની સમસ્યાનો કાયમી નિવેડો લાવી દેવા માગે છે.

જનરલે સરકાર સાથેની બેઠકમાં પણ ચીનના ખતરા અને પીઓકે કબજે કરવા લશ્કરી કાર્યવાહી કરવા સહિતના વિચારો મૂક્યા હોઈ શકે પણ કેન્દ્ર સરકાર તેના માટે તૈયાર ના થઈ હોય એ શક્ય છે. નારવણે એ વખતે લશ્કરી વડા હતા તેથી જાહેરમાં તેની ચર્ચા ના કરી હોય પણ અત્યારે પુસ્તકમાં એ વાતોનો ઉલ્લેખ કર્યો હોય એવી પ્રબળ શક્યતા છે. આ વાતોના કારણે સરકારની ઈમેજને નુકસાન થાય એવો ખતરો હોવાથી મોદી સરકાર પુસ્તકને પરવાનગી ના આપતી હોય એવું માની શકાય.

અલબત્ત કેન્દ્ર સરકાર એ વાતો બહાર ના આવવા દેવા માગતી હોય તો એ તેનો અધિકાર છે. આ મુદ્દો માત્ર સરકારની ઈમેજનો નથી પણ દેશની સુરક્ષાને લગતો પણ છે. સાથે સાથે બીજા દેશો સાથેના સંબંધોને લગતો પણ છે તેથી અત્યંત સંવેદનશીલ છે.

સરકાર સંવેદનશીલ મુદ્દાઓ છેડાય ને નવી બબાલ ના થાય એ માટે જનરલ નારવણેના પુસ્તકને પ્રસિદ્ધ ના થવા દેતી હોય તો તેમાં કશું ખોટું નથી. દેશનાં હિતો જાળવવાં એ સરકારની મુખ્ય ફરજ છે ને એ ફરજ બજાવવા માટે કોઈ પુસ્તકનું પ્રકાશન રોકવાનો તેને અધિકાર છે જ. જનરલ નારવણે પણ આ વાત સમજે જ છે તેથી તેમણે કોઈ વિવાદ ઊભો ન થાય તેની કાળજી રાખીને સરકાર જે નક્કી કરે એ શિરોમાન્ય એવું વલણ અપનાવ્યું છે.

**અનાદિ અને અજન્મા એવા શિવ અને શંકર એક જ છે, પરંતુ તાત્વિક ભેદ છે.**

# શિવ હી સત્ય હૈ, સત્ય હી શિવ હૈ, શિવ હી સુંદર હૈ...

- **કેદારનાથથી જ પાંડવોએ મોક્ષપ્રાપ્તિ માટે સ્વર્ગારોહણની યાત્રા કરી હતી. આદિ શંકરાચાર્યે પણ સનાતન હિંદુ ધર્મને બચાવવાની યાત્રા કેદારનાથથી જ આરંભી હતી.**

હિંદુ સંસ્કૃતિમાં અતિ પવિત્ર એવા શ્રાવણ માસની શરૂઆત થઈ ગઈ. દેવોના દેવ મહાદેવની આરાધનાનો આ મહિનો છે. જીવથી શિવ તરફની યાત્રા કરવાના આ દિવસો છે. ભારત દેશમાં પ્રાચીન કાળથી શિવપૂજા થતી આવી છે. ભારતમાં લગભગ કોઈ એવું ગામ નહી હોય જ્યાં ભગવાન શંકરનું મંદિર નહી હોય. કંકર એટલા શંકર એવી કહેવત એટલે તો પડી છે. ભારતની પવિત્ર ભૂમિમાં ખૂણે-ખૂણે જ્યોર્તિલિંગો આવેલા છે અને દરેક જ્યોર્તિલિંગનો આગવો તિહાસ પણ છે. લિંગ પ્રતીક છે શિવ અને શક્તિના સમન્વયનું. શિવ-પાર્વતીના સાયુજ્યથી આખી સૃષ્ટિ પ્રગટી છે એવી પણ માન્યતા છે.

શિવ એટલે જ કલ્યાણ, શિવમાં સૃષ્ટિના કલ્યાણની શાશ્વતતા અને નિરંતરતા છે. શિવ શબ્દમાં જીવ, જગત અને જીવન સમાયેલું છે. ચિતાની ભસ્મથી જે શણગારાયેલા છે તેવા શિવથી મંગલકારી કોઈ નથી. મૃત્યુંજય એવા મહાકાલનાં દર્શન માત્રથી મૃત્યુનો ભય હટી જાય છે. શિવ મોક્ષદાતા છે. જન્મ-મરણના લખચોરાસી ફેરામાંથી મુક્ત થવાનો માર્ગ કલ્યાણદાતા શિવ જ બતાવે છે. મૃત્યુંજય મંત્રના જાપથી જીવની મૃત્યુમાંથી અમૃત તરફ ગતિ થાય છે. સ્મશાનમાં જેનો વાસ છે તેવા શિવથી કલ્યાણકારી કોઈ નથી. ચરાચર જીવસૃષ્ટિના આધાર એવા જગતના મૂળ તત્ત્વ શિવની આરાધના ખૂબ સરળ છે. શિવને એટલેજ ભોળાનાથકહેવાય છે. તેમના મંદિરોનાં બારણાં ચોવીસ કલાક ભક્તો માટે ખૂલેલા રહે છે. ક્યારેય ભગવાન ભક્તોથી દૂર થતા નથી. કોઈપણ વ્યક્તિ પછી તે રાજા હોય કે રંક મંદિરમાં જઈ ભગવાનને દૂધ ચડાવે છે, બિલ્વપત્ર ચડાવી પાણીનો અભિષેક કરે છે.બ્રહ્માંડની ઉત્પત્તિ શિવપુરાણમાં વર્ણવેલી છે તે મુજબ શિવ એક અગ્દિ્નમય લોહસ્તંભ હતા, તેનું વિસ્તરણ થતું ગયું અને એક પ્રચંડ ધક્કા સાથે બ્રહ્માંડની રચના થઈ. નવાઈ લાગે પરંતુ વિજ્ઞાનની બિગ બેંગ થિયરી વાંચો તો આવાજ મતલબનું વાંચવા મળશે. સૃષ્ટિનું કોઈ નામોનિશાન હતું નહી તે સમયે ભગવાન શિવ નિર્ગુણ રૂપે સર્વત્ર વ્યાપ્ત હતા. નરસિંહ મહેતાએ અદ્ભૂત પંક્તિઓ દ્વારા જીવ થકી શિવ થયો કહીને પ્રાણીમાત્રમાં સ્થિત પરબ્રહ્મની ઝાંખી કરાવી છે, તો નિરખને ગગનમાં કોણ બોલી રહ્યું 'તે જ હું' 'તે જ હું' તત્ત્વ બોલે કહીને સોહમની વેદોક્ત વાણીને મુખરિત કરી છે.

અનાદિ અને અજન્મા એવા શિવ અને શંકર એક જ છે, પરંતુ તાત્વિક ભેદ છે. શિવ નિરાકાર જ્યોતિબિંદુ સ્વરૂપ જ્યોર્તિલિંગ પરમાત્મા છે, જ્યારે શંકર દિવ્ય શરીરધારી દેવાત્મા છે. ગુજરાત રાજ્યમાં સ્થિત પ્રભાસ પાટણમાં બાર જ્યોર્તિલિંગમાંનું શિરમોર સમું સોમનાથ મહાદેવનું મંદિર જગપ્રસિદ્ધ છે. સોમનાથ મંદિર સાથે એટલી બધી પૌરાણિક માન્યતાઓ અને ઐતિહાસિક કથાઓ જોડાયેલી છે કે તેની વાત લખવા બેસીએ તો મોટો ગ્રંથ બની જાય. ઉજ્જૈનમાં મહાકાલ અને શિવના ગણ કાલભૈરવના મંદિરો વિખ્યાત છે. મહાકાલેશ્વરમાં ભસ્મ આરતી જેણે કરી હોય એ જ મહાદેવની મહત્તા જાણી શકે છે. એ અલૌકિક અનુભવ શબ્દોથી પર છે. હિમાલયમાં વસેલા કેદારનાથ જે ચાર ધામોમાંના એક છે તેના દર્શન માત્રથી જ વૈરાગ્ય આવી જાય અને જીવનની ક્ષણભંગુરતા દેખાય એવી કઠિન પરંતુ અદ્ભૂત યાત્રા છે.

કેદારનાથથી જ પાંડવોએ મોક્ષપ્રાપ્તિ માટે સ્વર્ગારોહણની યાત્રા કરી હતી. આદિ શંકરાચાર્યે પણ સનાતન હિંદુ ધર્મને બચાવવાની યાત્રા કેદારનાથથી જ આરંભી હતી. કેદારનાથ પહોંચતાં જ એવું લાગે કે આ જ સ્વર્ગ છે. આનાથી સુંદર બીજી કોઈ જગ્યા હોઈ જ ન શકે. કાશી વિશ્વનાથનું મંદિર લાખો શિવભક્તોની આસ્થાનું કેન્દ્ર છે. કાશીમાં જેનું મૃત્યુ થાય તેનો મોક્ષ થાય એવી દૃઢ માન્યતા હિંદુઓ ધરાવે છે. આ સ્થળ સાથે બીજી માન્યતા પણ જોડાયેલી છે કે સૃષ્ટિનો પ્રલય થશે ત્યારે પણ કાશી ત્યાં જ રહેશે. ભગવાન શિવ પોતાના ત્રિશૂળ પર કાશીને રાખશે અને પ્રલયથી બચાવશે. છે ને અદ્ભૂત! એ સિવાય પહાડોની ચારે બાજુ વહેતી નર્મદા નદીના કારણે સ્વયંભૂ ઓમનો આકાર બનતા વસેલું ઈન્દોરની નજીક આવેલું ઓમકારેશ્વર જ્યોર્તિલિંગ મહારાષ્ટ્રમાં આવેલું ત્ર્યંબકેશ્વરગ અને ભીમશંકર જ્યોર્તિલિંગ ઉપરાંત દ્વારકા નજીક દારૂક વનમાં આવેલું નાગેશ્વર જ્યોર્તિલિંગ, શૈલ પર્વત પર આવેલ મલ્લિકાર્જુન પણ આસ્થાના પ્રતીક છે. પરલ્યા સ્થિત વૈજનાથ અને દોલતાબાદ પાસે આવેલ ઘુષ્ણેશ્વર મહાદેવનું મંદિર પણ બાર જ્યોર્તિલિંગોમાં આવે છે. શ્રીરામે લંકા પર ચડાઈકરવા જતાં પહેલાં રેતીનું શિવલિંગ બનાવી શિવની આરાધના કરેલી. એ જ્યોર્તિલિંગ રામેશ્વરના નામે જગ વિખ્યાત છે.બાર જ્યોર્તિલિંગની યાત્રા સિવાય ભારત વર્ષમાં કૈલાસ-માનસરોવર અને બર્ફાની બાબા અમરનાથની યાત્રા જીવનમાં એકવાર કરવાની હિંદુઓની કદાચ અંતિમ ઈચ્છા હોય છે. કૈલાસ પર્વત સૃષ્ટિ પરના તમામ પર્વતોમાં સૌથી રહસ્યમય પર્વત ગણાય છે. એવરેસ્ટ કરતાં ઊંચાઈ ઓછી હોવા છતાં આજ સુધી કૈલાસ પર્વત પર તિબેટી સાધુ મિલારેપા સિવાય કોઈ આરોહણ કરી શક્યું નથી. કૈલાસ પર્વત પર સાક્ષાત શિવ તેમના પરિવાર સાથે વસે છે. ત્યાં કોઈ મંદિર નથી એ તો દેવાધિદેવનું નિવાસસ્થાન છે. મજાલ છે કોઈની ત્યાં પગ પણ મૂકી શકે?કૈલાસ પર્વતની યાત્રા અતિ દુર્ગમ છે. તેના દર્શન માત્રથી જ યાત્રાળુઓ ધન્ય બની જાય છે. બાબા અમરનાથ પણ સ્વયંભૂ બનતા બરફના શિવ છે જેની રચના જ એટલી અદ્ભૂત છે તેવા બાબા અમરનાથનાં દિવ્ય દર્શન કરવા એ પણ લહાવો છે. નેપાળમાં ભગવાન પશુપતિનાથનાં દર્શન કરવા લાખો હિંદુઓ ભારતમાંથી નેપાળ યાત્રા કરે છે.શિવ નટરાજ છે, નૃત્યના દેવતા છે.

**નોકરીના ટાઇમ સાચવવાના બદલે પોતાના ટાઇમ ટેબલ પ્રમાણે આવા કર્મચારીઓ ચાલતા હોય છે.**

# મેરી અપની મંઝિલે, મેરી અપની દૌડ

### અહીં તો ચાય પે ચર્ચા અને એવી જાતજાતની પ્રયુક્તિઓ દ્વારા માત્ર વાક્કલાથી લોકોના મન પર રાજ કરી વર્ષો સુધી સત્તા પર પણ રહી શકાય છે.

ઈન્ફોસિસના કો-ફાઉન્ડર નારાયણ મૂર્તિએ એક કાર્યક્રમમાં કહ્યું કે ભારતની કાર્ય-ઉત્પાદકતા દુનિયામાં સૌથી ઓછી છે. જ્યાં સુધી આપણે પોતાની ઉત્પાદકતામાં સુધારો નહીં કરીએ ત્યાં સુધી દુનિયાના ભવ્ય પ્રગતિ જોનારા વિકસિત દેશો સાથે હરીફાઈ કરી શકીશું નહીં. નારાયણ મૂર્તિએ એવું પણ વિધાન કર્યું કે દેશના યુવાનોએ સપ્તાહના ૭૦ કલાક કામ કરવું જોઈએ. એટલે રોજના દસ કલાક કામ કરવું જોઈએ. તેમણે જર્મની અને જાપાનને ટાંકીને આ વિધાન કર્યું, જે દેશ બીજા વિશ્વયુદ્ધમાં સંપૂર્ણ ખુવાર થઈ ગયા બાદ સખત મહેનતથી અત્યારે વિકસિત દેશોની હરોળમાં છે. ખાસ કરીને જાપાનીઝ લોકોનું વર્ક કલ્ચર અપનાવવાની આડકતરી વાત કરી.સ્વાભાવિક છે કે આપણા દેશમાં આવી વાત કોઈ સેલિબ્રિટી કરે અને તેની ચર્ચા ન થાય? આ દેશ અડધો તો ચર્ચા એટલે કે ગામગપાટામાં જ સમય પસાર કરે છે! અહીં તો ચાય પે ચર્ચા અને એવી જાતજાતની પ્રયુક્તિઓ દ્વારા માત્ર વાક્કલાથી લોકોના મન પર રાજ કરી વર્ષો સુધી સત્તા પર પણ રહી શકાય છે. આપણે ત્યાં સંસ્કૃતમાં સરસ સુક્તિ છે 'વચનેષુ કિં દરિદ્રતામ્' એટલે કે બોલવામાં શું કામ કંગાલિયત રાખવી? બોલો, બોલતા જ રહો. ત્યાં સુધી કે સામેના માણસનું બ્રેઈન વોશ થઈ જાય. બોલે તેના બોર વેચાય કરી દરેક રાજકારણી પોતાની વાક્પટુતાના આધારે ચૂંટણીઓ જીતી જવા નીકળી પડે છે. ખેર, આ તો રાજનીતિની વાત થઈ. મૂળ વાત છે સપ્તાહમાં ૭૦ કલાક કામ કરવું જોઈએ એવી નારાયણમૂર્તિની સલાહની.દેશના ઘણા લોકો જે વર્કોહોલિક કેટેગરીમાં આવે છે તેમણે નારાયણમૂર્તિની વાતને ટેકો આપ્યો. જેમાં ઓલાના ભાવિશ અગ્રવાલ અને જેએસડબ્લ્યુ જૂથના સજ્જન જિંદલ જેવા ઉદ્યોગપતિઓએ ખૂલીને ટેકો આપ્યો. કોઈએ જુદી રીતે આ વાતને લીધી કે આ તો વ્યક્તિગત પસંદગીની બાબત છે, એને સ્થાપિત ધોરણનું સ્વરૂપ ન આપવું જોઈએ. રાધિકા ગુપ્તા અને એવી ઘણી બધી મહિલા ઉદ્યોગપતિએ એવું પણ કહ્યું કે ભારતીય મહિલાઓ સદીઓથી સપ્તાહના ૭૦ કલાકથી પણ વધુ કામ કરતી જ આવી છે. પરંતુ હજી સુધી કોઈએ મહિલાના યોગદાનની ચર્ચા નથી કરી. ખાસ કરીને ગૃહિણી અને વર્કિંગ વુમન એમ બેવડે મોરચે લડતી સ્ત્રીઓ કદાચ ૭૦ કલાકથી પણ વધુ કામ કરતી જ હશે, તેની નોંધ કદી લેવાતી નથી. ફેમિનિઝમની પણ ચર્ચર શરૂ થઈ ગઈ. લાગતા-વળગતા સૌ અભિપ્રાય આપવા લાગી ગયા.કેટલાક નેટિઝન્સે મૂર્તિની ટિપ્પણીની ટીકા કરતાં કહ્યું કે સપ્તાહમાં ૭૦ કલાક કામ એ તો આધુનિક ગુલામી જેવું છે, જે કર્મચારીઓના વર્ક-લાઈફ બેલેન્સ માટે ઘાતક હશે. સવાલ છે કામની ગુણવત્તાનો, તમે ઓછો સમય આપી પ્રોડક્ટિવ કામ કરી શકો તો એ વધુ ફાયદામાં છે. વાત થઈ વર્ક કલ્ચરની, આખરે કર્મચારીની નિષ્ઠા જવાબદાર છે, આ બધી વાત જ અસ્થાને છે કે કેટલા કલાક કામ કરવું.આપણે સરકારી નોકરી એટલે કે ઘી-કેળાં એવું સાંભળીએ છીએ. આ બધા તો સરકારના જમાઈઓ છે એવું પણ સરકારી નોકરિયાત માટે કહેવાય છે. શા માટે આવું કહીં છીએ કે સાંભળીએ છીએ તેનો પણ વિચાર કરવો જોઈએ. પ્રામાણિકતા કે વર્કિંગ પ્લેસ પરના એથિક્સ ઈનબિલ્ટ હોય છે. બહારથી તેમને થોપી શકાતા નથી. એક જ સંસ્થામાં નોકરી કરતા કર્મચારીઓના પોતાના આગવા વર્ક એથિક્સ હોય છે. કોઈ કર્મચારી પૂરી નિષ્ઠાથી નોકરી કરતો હોય તો કોઈ જલસાથી નોકરી જ કરતો હોય એવું પણ બની શકે. સરકારી કચેરીઓમાં કામ કરતા બાબુઓ રાજાપાઠમાં જ હોય છે. રિસેશના ટાઈમ પહેલાં રિસેશ પાડી દેવી અને રિસેશ પછી પણ આરામથી કામ પર આવવું એ એમનો અબાધિત અધિકાર બની જતો હોય છે.વર્કિંગ અવરના સમયે જ ઘરના બધા કામ જેવા કે લાઈટબિલ ભરવા જવું, શાક લઈ આવવું, બેન્કનાં કામ કરવાં એ તો બહુ સહજ વાત થઈ. આવું ન કરી શકાય એવો તો સરકારી કર્મચારીઓને વિચાર પણ આવતો નથી. ઉલટાનો આ તો અમારો સ્વયંસિદ્ધ અધિકાર છે એવો રોફ મારતા ફરે છે. નોકરીના ટાઈમ સાચવવાના બદલે પોતાના ટાઈમ ટેબલ પ્રમાણે આવા કર્મચારીઓ ચાલતા હોય છે. કેટલાક કર્મચારીઓ સંસ્થામાં વિઝિટિંગ ફેકલ્ટી જેવા જ હોય છે. ખાસ કરીને શૈક્ષણિક સંસ્થાઓમાં કાર્યરત હોય અને રાજકીય પીઠબળ કે મેનેજમેન્ટના પહેલા ખોળાના હોય એવા કર્મચારીઓ પોતાની સંસ્થામાં ધૂમકેતુની જેમ દેખા દે છે. અને અન્યત્ર વિકાસ અર્થે કાર્યરત હોય છે. આવું બનતું હોય ત્યારે સંસ્થામાં પ્રામાણિકતાથી કાર્ય કરતા કર્મચારીઓમાં કચવાટ ફેલાતો હોય છે. પરંતુ જમવામાં જગલો અને કૂટવામાં ભગલો ન્યાયે બધું ચાલતું રહે છે.નારાયણ મૂર્તિએ સપ્તાહના ૭૦ કલાક કામ કરવાની વાત કરી, જે ખુદને સાબિત કરી બતાવનારાઓને ગમી છે. તેઓ પોતાના બળે જ આગળ વધેલા છે. કોઈની લાગવગ કે સિફારીશથી નહીં પણ સંપૂર્ણપણે પોતાની જ ક્ષમતાથી આગળ વધેલા આત્મનિર્ભર સાહસિકો ૭૦ કલાકથી પણ વધુ કાર્યરત રહેતા હોય છે. ઈલોન મસ્ક જેવા તો દિવસના ૨૪ કલાક કામ કરો એવા તરંગી વિધાનો પણ કરતા રહે છે. જ્યાં સુધી લ-ય સિદ્ધ ન થાય ત્યાં સુધી ફોકસ રહીને કાર્ય કરતા રહેવું જોઈએ. કામચોરી ભારતીય લોકોની આદત બનતી જાય છે. કારણ વગરના ગામગપાટા કરી પોતાની અને બીજાની હેરાનગતિ ન જ કરવી જોઈએ એવું વર્ક એથિક્સ હોવું જ જોઈએ. ાપણે ત્યાં સરકારી નોકરીમાં નિષ્ઠાથી કામ કરનારને વેદિયાની ઉપાધિથી નવાજવામાં આવે છે. ફરજ પર ગાળિયાં કાઢી જનારા ખેપાની લોકો હોંશિયારની પદવી પ્રાપ્ત કરી લેતા હોય છે. સત્તા પર બેઠેલાની ચાપલૂસી કરનાર લોકોની આખા જમાત 'કામચોરી મેરા કામ'ના મંત્રના જાપ જપતી રહે છે.સપ્તાહમાં કેટલા કલાક કામ કરવું એ વ્યક્તિગત બાબત છે, પણ જે કંઈ કામ કરીએ તે પૂરી નિષ્ઠાથી કરીએ તો રાષ્ટ્ર માટે વધુ લાભદાયી છે. પસંદગી કરવી આપણા જ હાથમાં છે.



# મેન્ટલ હેલ્થ માટે જરૂર પડે ત્યારે ધીમા પડો અને રડી લોઃ સારા

## દરેક પરિસ્થિતિનો એકલા મુકાબલો કરવાના બદલે મદદ માગી લેવી જોઈએ

દરેક ફિલ્મ સાથે ભાગ્યમાં ઉથલ-પાથલ લાવી દેતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમા ટકી રહેવાનું ખૂબ અઘરું છે. સ્ટારડમની સાથે એક્ટિંગમાં પણ જોર લગાવવાના દબાણ વચ્ચે ઘણાં એક્ટર્સ મેન્ટલ હેલ્થને જોખમમાં મૂકે છે. સારા અલી ખાનનું માનવું છે કે, મેન્ટલ હેલ્થ માટે જરૂર પડે ત્યારે ધીમા પડો, રડી લો અને ઊંડા શ્વાસ લેવું જોઈએ. તે પોતે પણ આવું કરી જ રહી છે. દરેક પરિસ્થિનો મુકાબલો એકલા કરવાના બદલે કોઈની મદદ માગી લેવી જોઈએ.

સારાના મતે, સમય અને સંજોગો પ્રમાણે પીછેહઠ કરવામાં કે અન્યની મદદ લેવામાં નાનમ રાખવી જોઈએ નહી. હું જાતે જ બધું હેન્ડલ કરી લઈશ તેવી મથામણને નિરર્થક ગણાવતા સારાએ કહ્યં હતું કે, મેન્ટલ બેલેન્સ માટે સેલ્ફ કેર જરૂરી છે. તેના માટે રડી લેવામાં પણ વાંધો નથી. ઊંડા શ્વાસ લઈને કે પછી કોઈ અપરાધભાવ વગર ધીમા પડીને આ પ્રકારની પળોજણમાંથી ઉગરી શકાય છે.

સારાએ કહ્યુ હતું કે, લાગણીઓને દબાવીને રાખવાથી ક્ષમતા વધતી નથી. લાગણીઓને ઓળખી તેનો સ્વીકાર કરવામાં ખરી બહાદુરી છે. ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પ્રેશર ખૂબ હોય છે અને દરેક પરિસ્થિતિમાં એકલા જ લડી લેવાનો ભ્રમ રાખવો જોઈએ નહી. ચારે બાજુ પરિસ્થિતિ અસ્તવ્યસ્ત જણાય ત્યારે જીવનમાં નાની-નાની ખુશીઓ શોધી હળવાશ લાવવી જોઈએ. આ કવાયત ઘણી મદદરૂપ રહે છે. પોતાની જાતને સમજવામાં અને લાગણી વ્યક્ત કરવામાં આ પ્રકારની આદત મદદરૂપ છે. જાત પ્રત્યે ઈમાનદાર રહીએ તો મોટાભાગની તકલીફો દૂર થઈ શકે છે.

# શમશેરા ફ્લોપ જતાં રણબીર આઘાતમાં સરી પડ્યો હતો

## બધાની નજર મારા પર છે અને મેં મોટી ફ્લોપ આપીઃ રણબીરની આ નિરાશાને અનિલ કપૂરે હળવી કરી



અનિલ કપૂરે સંદીપ રેડ્ડી વાંગાની ફિલ્મ 'એનિમલ'માં રણબીર કપૂરના પિતાનો રોલ કર્યો હતો. આ ફિલ્મના શૂટ દરમિયાન અનિલ અને રણબીર વચ્ચે ઘણી સારી ભાઈબંધી થઈ ગઈ હતી. જોકે, રણબીરની 'અનિમલ' રિલીઝ થઈ તે પહેલાં સુધી તે કેરીઅરમાં એક ખરાબ તબક્કામાંથી પસાર થઈ રહ્યો હતો.

તાજેતરમાં અનિલ કપૂરને ફિક્કી ફ્રેમ્સના એક કાર્યક્રમમાં કલાકારોએ ફિલ્મને લગતી ટીકાઓનો સામનો કઈ રીતે કરવો જોઈએ, તે અંગે પ્રશ્ન પૂછાતા અનિલ કપૂરે ઘોંઘાટને કઈ રીતે તમારા સુધી ન પહોંચવા દેવો એ અંગે વાત કરી હતી. અનિલ કપૂરે ૪ દાયકાથી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં કામ કર્યું છે. અનિલ કપૂરે જણાવ્યું, "હંમેશા ઘોંઘાટ તો રહેવાનો. લોકો હંમેશા તમારા વિશે કંઈક બોલવાના છે અને કંઈક લખવાના જ છે. ત્યારે આપણા સુધી એ ઘોંઘાટ પહોંચે નહી તે જરૂરી છે. મને આ બાબત શીખવામાં લગભગ ૪૫ વર્ષ થયા છે. પહેલાં મને પણ આ બાબતોથી ઘણી અસર થતી હતી મને લાગે છે કે યુવાનોને પણ તેનાથી ઘણી અસર થતી હશે. એટલે હું તો એમને એ જ કહું છું, "કંઇ નહી યાર. કાલ સુધીમાં બધા બધું ભુલી જવાના છે."

# દીપિકાની ૮ કલાક કામના નિયમની ચર્ચામાં હંસલ મહેતા, હેમા માલિની અને શર્મિલા ટાગોરે ઝંપલાવ્યું

## દીપિકા પાદુકોણની શરતો અને મત પર ઇન્ડસ્ટ્રી બે ભાગમાં વહેંચાઈ



દીપિકા પાદુકોણ હાલ ઈન્ડસ્ટ્રીમાં ચર્ચામાં છે. ચર્ચાનો મુદ્દો એ છે કે જ્યારે કોઈ નવી માતાનું બાળક ઘરમાં રાહ જોતું હોય તો માતાએ કેટલા કલાક કામને આપવા જોઇએ? માતા કામ અને માતૃત્વ વચ્ચે સંતુલન કઈ રીતે મેળવી શકે, તો કેટલાકની દલીલ છે કે ફિલ્મ મેકિંગ એ કોઈ ૯થી ૫ની જોબ નથી. ઈન્ડસ્ટ્રીમાં એવા ઘણા લોકો છે, જે તેણે પોતે લાદેલી આ ગાઈડલાઈનની વિરોધણાં છે.


ફિલ્મમેકર હંસલ મહેતાએ થોડા વખત પહેલાં આ મુદ્દે પોતાનો મત વ્યક્ત કરતા કહેલું, "મને લાગે છે, સંતુલન જરૂરી છે. કામ, આરામ, પરિવાર, મિત્રો અને પોતાની જાત માટે સમય કાઢવો એ કોઈ સુવિધાઓ નથી, એ તો આરોગ્ય અને આપણે જે સર્જન કરીએ છીએ તેમાં મહત્વની જરૂરિયાતો છે. ૧૨ કલાક કામનો નિયમ શોષણ સમાન છે. તેમાં કોઈ અપવાદ હોઈ શકે છે અને તેમાં કોઈ ચોક્કસ ધોરણો ન હોય."

હંસલ મહેતાએ પોતાના અનુભવ અંગે વાત કરતા જણાવ્યું, "મને યાદ છે, કે એક વખત મેં એક ફિલ્મમાં કામ કરેલું અને એમાં અમે ૮-૯ કલાકોમાં જ શૂટ પૂરું કરી દેતાં હતાં. તો તરત જ પ્રોડ્યુસર્સ આવી જતાં અને કહેતાં કે હજુ થોડું શૂટ કરી લો. તેના કારણે ફિલ્મનું શીડ્યુલ હતું એનાં કરતાં લાંબું ચાલ્યું. સમય બચ્યો જ નહી, ઉપરથી સમય વેડફાયો, કલાકો ખેંચાયા અને કોઈ કામ લાગ્યા નહી."

જ્યારે હેમા માલિનીએ જણાવ્યું, "હું બીજા કોઈની વાત પર કોઈ નિવેદન આપવા માગતી નથી.દરેકનો પોતાનો નિર્ણય હોય છે. જો મારી વાત હોય તો, મને મારા કામ અને માતા તરીકેની ફરજોમાં સંતુલન જાળવવામાં કોઈ મુશ્કેલી પડી નથી. મારી બંને દિકરીઓ એશા અને આહના નાના હતા, ત્યારે હું હંમેશા તેમની સાથે હતી. હું તેમને ક્યારેય મારી સાથે શૂટિંગમાં પણ લઇ ગઈ નથી. મારે ક્યારેય એવું કરવાની જરૂર જ નથી પડી. તમારે બસ તમને કોઈ સહકાર આપે એવી વ્યક્તિની જરૂર હોય છે. જ્યારે હું કામ કરતી હતી ત્યારે મારી માતા હંમેશા મારી મદદમાં હાજર હતી."

જ્યારે શર્મિલા ટાગોરે આ અંગે કહ્યું, "હું મારી જાતને ક્યારેય પર્ફેક્ટ મા કહેતી નથી. પણ હા, મેં એ ધ્યાન રાખ્યું હતું કે સૈફ, સબા અને સોહા માટે હું હંમેશા હાજર હોઉં. મને નથી લાગતું કે મારા કારણે તેમને ક્યારેય અવગણના થતી હોય એવું અનુભવાયું હોય. હિન્દી સિનેમામાં ઘણી મારી યાદગાર ફિલ્મો મેં માતા બન્યાં પછી જ કરી છે. હું જ્યારે છોટી બહુનું શૂટિંગ કરતી હતી, ત્યારે સૈફ આવવાનો હતો. તેના જન્મ પછી હું એને સેટ અને લોકેશન પર લઇને જતી હતી. એ મારા કોસ્ટાર્સ સાથે મજા કરતો હતો, ખાસ તો શશિ કપૂર સાથે."બદલાતા સમય અંગે વાત કરતા શર્મિલા ટાગોરે કહ્યું, "મને લાગે છે, આપણે મહિલાઓ સ્વાભાવિક રીતે જ એક સાથે અનેક કામ કરવા ટેવાયેલાં હોઈએ છીએ. ઘર અને કામ બંને લાખો મહિલાઓ અન્ય કામ કરતાં પણ સંભાળે જ છે. હવે તો પિતાઓ પણ જવાબદારીઓ લેતાં થયાં છે, તો સ્થિતિ વધુ સરળ થઈ છે. તમે કરીના-સૈફ અને આલિયા રણબીરને જ જોઈ લો."

# અનીત પડ્ડા તરુણ તાહિલિઆનીની શો સ્ટોપર બની



અનીત પડ્ડાએ લેકમે ફેશન વીકમાં તરુણ તાહિલિયાની માટે શો સ્ટોપર બનીને રન વે પર ડેબ્યુ કર્યું છે. તેણે તરુણ તાહિલિયાનીએ ડિઝાઇન કરેલો ગોલ્ડન સિક્વન્સ ડ્રેસ પહેર્યો હતો. જેમાં ભારતીય પરંપરાગત સાડીને એક ડ્રેસ તરીકે રજૂ કરવામાં આવી હતી. તેના ડ્રેસમાં સ્વરોવ્સ્કી ક્રિસ્ટલ લગાવવામાં આવ્યા હતા. આ લૂકમાં અનીતે બોડીસ પ્રકારનું બ્લાઉઝ પહેર્યું હતું. સોશિયલ મીડિયા પર પણ અનીતના આ લૂકના વખાણ થયા છે.

# અભિષેક બચ્ચને બેસ્ટ એક્ટર એવોર્ડ ઐશ્વર્યા અને આરાધ્યાને સમર્પિત કર્યો

અભિષેક બચ્ચન માટે ૭૦મો ફિલ્મફેર એવોર્ડ યાદગાર બની રહ્યો, જેમાં તેણે પિતા અમિતાભ બચ્ચનને ૮૩મા જન્મદિવસે અને ઈન્ડસ્ટ્રીમાં ૭૦ વર્ષ પૂરા કરવા પર એક ખાસ પર્ફોર્મન્સ પણ આપ્યું હતું અને સાથે તેને બેસ્ટ એક્ટરનો એવોર્ડ પણ મળ્યો હતો. આ પ્રસંગે તેનો ઉત્સાહ વધારવા માટે જયા બચ્ચન અને બહેન શ્વેતા બચ્ચન સાથે નવ્યા નવેલી નંદા પણ હાજર રહ્યાં હતાં. પરંતુ સોશિયલ મીડિયા પર આ કાર્યક્રમમાં ઐશ્વર્યાની ગેરહાજરીની પણ ચર્ચા રહી હતી. આ કાર્યક્રમમાં અભિષેક બચ્ચને બીગબીના દાયકાઓના યાદગાર ગીતોની એક મેડલી પર પર્ફોર્મન્સ આપ્યું હતું. આ ગીતો સાંભળીને ઓડિયન્સની પણ જુની યાદો તાજી થઈ ગઈ હતી. સાથે જ આ પર્ફોર્મન્સ જોઈને જયા બચ્ચન પણ ઈમોશનલ થયાં હતાં.

આ પર્ફોર્મન્સ વખતે અભિષેક બચ્ચન નીચે જયા બચ્ચન પાસે પણ ગયો હતો અને તેને ભાવુક થઈને ભેટી પડ્યો હતો, ત્યારે જયા બચ્ચને પણ દિકરા અભિષેક સાથે થોડો ડાન્સ કર્યો હતો. આ ક્ષણ ઘણા દર્શકો માટે પણ ભાવુક કરનારી હતી. અન્ય એક ક્ષણ પણ હતી, જેની સોશિયલ મીડિયા પર ચર્ચા છે. અભિષેક બચ્ચનને 'આઇ વોન્ટ ટુ ટોક' માટે બેસ્ટ એક્ટર ઇન એ લીડિંગ રોલ માટેનો એવોર્ડ મળ્યો છે. આ એવોર્ડ બે કલાકારોને ભાગીદારીમાં અપાયો હતો, તેની સાથે આ એવોર્ડ 'ચંદુ ચેમ્પિયન' માટે કાર્તિક આર્યનને પણ મળ્યો છે. આ એવોર્ડ માટે જ્યારે અભિષેકનું નામ જાહેર થયું ત્યારે બહેન શ્વેતા અને ભાણી નવ્યાએ પણ ચીચીયારીઓ પાડીને ખુશી વ્યક્ત કરી હતી.

જોકે, આ સમગ્ર ઈવેન્ટમાં ઐશ્વર્યા અને આરાધ્યાની ગેરહાજરીની સોશિયલ મીડિયા પર ખાસ નોંધ લેવાઈ હતી. કોઈ વ્યક્તિએ સોશિયલ મીડિયા કમેન્ટમાં લખ્યું, "એશ હવે સીધી અંબાણીના એન્યુઅલ ડેમાં જ જોવા મળશે. એ હવે એકલી જ રહે છે અને વર્ષમાં ચાર જ વાર ઘરમાંથી બહાર નીકળે છે. કેન્સ, ગણેશ ચતુર્થી, લોરીયલ રેમ્પ વોક અને સ્કુલનો એન્યુઅલ ડે..આપણને એમનાં અંગત જીવનની ખબીર નથી પરંતુ એશને જયા અને શ્વેતા સાથે નથી બનતું એ સ્વાભાવિક છે. અહી, જયા, શ્વેતા અને નવ્યા હાજર છે એટલે ઐશ્વર્યા અને આરાધ્યા ન હોય."

જોકે, અભિષેકે આ એવોર્ડ લેતા ઐશ્વર્યા અને આરાધ્યાને યાદ કર્યા હતા. તેણે કહ્યું, "આજે મેં ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં ૨૫ વર્ષ પૂરા કર્યા છે અને મને યાદ નથી મેં કેટલી વખત આ દિવસ માટે સ્પીચની તૈયારી કરી છે. આ મારું સપનું હતું અને આજે હું ખુશ અને ઋણી છું. મારા પરિવારની સામે આ એવોર્ડ સ્વીકારું એ મારા માટે વધુ ખાસ છે. મને મારા સપના પુરા કરવાની છૂટ આપવા માટે હું ઐશ્વર્યા અને આરાધ્યાનો આભારી છું. આશા છે કે આ એવોર્ડ જીતીને એ લોકો જોઈ શકશે કે તેમનાં બલિદાનના કારણે આજે હું અહી ઉભો રહી શક્યો છું. હું આ એવોર્ડ બે ખાસ વ્યક્તિઓને સમર્પિત કરવા માગું છું. આ ફિલ્મમાં એક પિતા અને પુત્રીની વાત છે અને હું આ એવોર્ડ મારા પિતા અને મારા હિરો તેમજ મારી દિકરીને સમર્પિત કરવા માગું છું. આભાર, હું વ્યક્ત નથી કરી શકતો આ એવોર્ડ મારા માટે કેટલો મહત્વનો છે."



# મુસીબતમાં પડછાયો પણ સાથ છોડે! પતિના કૌભાંડમાં શિલ્પાએ હાથ ખંખેર્યા



આફતના સમયમાં પડછાયો પણ સાથે છોડી દેતો હોવાની કહેવાત ઘણી વખત વાસ્તવિક જીવનમાં પણ ચરિતાર્થ થતી જોવા મળે છે. પોતાના પરિવારજનોએ જ મુશ્કેલ સમયમાં તરછોડી દીધા હોવાનું ઘણા લોકોએ અનુભવ્યું હશે. સેલિબ્રિટી કપલ શિલ્પા શેટ્ટી અને રાજ કુન્દ્રાના જીવનમાં પણ આવી જ કંઈક ઘટના બની છે. જેમાં પતિની કંપનીને સંકટમાં મૂકાયેલી જોઈને શિલ્પા શેટ્ટીએ પોતાની જવાબદારીમાંથી હાથ ખંખેરવા પ્રયાસ કર્યો છે. શિલ્પા શેટ્ટી અને તેના પતિ રાજ કુન્દ્રાની કંપની સામે રૂ.૬૦ કરોડના કૌભાંડ મામલે મુંબઈમાં પોલીસ ફરિયાદ નોંધાયેલી છે. આ કેસમાં કોર્ટ દ્વારા શિલ્પા અને રાજ સામે લૂકઆઉટ નોટિસ જારી કરાઈ છે. જેના કારણે તેઓ વિદેશ પ્રવાસ જઈ શકતા નથી. શિલ્પા અને રાજે આ નોટિસ રદ કરાવવા બોમ્બે હાઈકોર્ટમાં અરજી કરેલી છે. સુનાવણી દરમિયાન શિલ્પાએ દાવો કર્યો હતો કે, પતિ રાજની કંપનીમાં તે માત્ર નોમિનલ ડાયરેક્ટર હતી. વાસ્તવિકત દૃષ્ટિએ કંપની સાથે તેનો કોઈ સંબંધ ન હતો. ચીફ જસ્ટિસ શ્રી ચંદ્રશેખર અને જસ્ટિસ ગૌતમ અખંડની બેન્ચે શિલ્પાની અરજી ફગાવી દેતાં નોંધ્યું હતું કે, વિદેશ જવું હોય તો સરકારી સાક્ષી બનવું પડશે. ન્યૂઝ ૧૮ના રિપોર્ટ મુજબ, કોર્ટે શિલ્પાને ૧૬ ઓક્ટોબર સુધીમાં સોગંદનામુ રજૂ કરવા નિર્દેશ આપ્યા છે. કોર્ટે આ સાથે નોંધ્યુ હતું કે, કંપની સાથે કોઈ કનેક્શન ના હોય તો શિલ્પાએ પોતાની એફિડેવિટમાં પતિ રાજ કુન્દ્રાની સહી લેવી પડશે. આ સાથે કોર્ટે સૌ પ્રથમ કૌભાંડની રકમ એટલે કે રૂ.૬૦ કરોડ જમા કરાવવા નિર્દેશ આપ્યા હતા. કેસની વિગતો મુજબ, શિલ્પા શેટ્ટી અને રાજ કુન્દ્રા બેસ્ટ ડીલ ટીવી પ્રાઈવેટ લિમિટેડ નામની કંપનીમાં ડાયરેક્ટર હતા. આ કંપની હાલ બંધ થઈ ચૂકી છે. બિઝનેસમેન દીપક કોઠારીએ આરોપ લગાવ્યો છે કે, સેલિબ્રિટી કપલે તેમની પાસેથી લોન અને ઈન્વેસ્ટમેન્ટ સમજૂતી અંતર્ગત ૨૦૧૫થી ૨૦૨૩ દરમિયાન રૂ.૬૦ કરોડ લીધા હતા.

# શ્રેષ્ઠ પ્રદર્શન કરાવવા ક્યારેક નીડર નિર્ણય લેવા પડે છે: ગિલ

## પરિસ્થિતિ મુજબના નિર્ણય લેવામાં અને ટીમને આગળ ધપાવવામાં હવે ટેવાઈ ગયો છું

ભારતીય ટેસ્ટ ટીમના કેપ્ટન તરીકે પહેલી ટેસ્ટ સિરીઝ જીતનારા શુભમન ગિલે મંગળવારે પ્રવાસી વેસ્ટ ઈન્ડિઝ સામેની બીજી ટેસ્ટમાં ભારતના સાત વિકેટના વિજય બાદ જણાવ્યું હતું કે તે કેટલાક નીડર અને આકરા નિર્ણય લેતા ખચકાતો નથી. ગિલે જણાવ્યું હતું કે એક કેપ્ટન તરીકે તમારી હંમેશાં સમીક્ષા થતી રહે છે અને વર્તમાન ક્રિકેટમાં તીવ્ર હરિફાઈને કારણે તમારે દરેક પગલું સાવચેતીથી ભરવું પડે છે. આ સંજોગોમાં ખેલાડીઓ પાસેથી સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરાવવા માટે તમારે ક્યારેક કપરાં અને નીડર નિર્ણય લેવા પડતા હોય છે. એક કેપ્ટન તરીકે ગિલ પહેલી વાર ટીમને લઈને ઈંગ્લેન્ડના પ્રવાસે ગયો હતો જ્યાં તે એક બેટર તરીકે તથા કેપ્ટન તરીકે સારી એવી સફળતા હાંસલ કરી શક્યો હતો. તેણે પાંચ ટેસ્ટની સિરીઝ ૨-૨થી ડ્રો કરાવવામાં સફળતા હાંસલ કરી હતી. હવે તેની આગેવાનીમાં ભારતે મંગળવારે વેસ્ટ ઈન્ડિઝ સામેની બે ટેસ્ટની સિરીઝ ૨-૦થી જીતી હતી. આમ એક કેપ્ટન તરીકે તેણે પહેલી વાર સિરીઝ જીતી હતી. ગિલે મેચ બાદ જણાવ્યું હતું કે મેં તમામ શક્ય પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને નિર્ણય લીધા હતા કે જેનાથી તમે મેચમાં ટકી રહો. ક્યારેક તમારે એવા નિર્ણય લેવા પડતા હોય છે જે તમને ખેલાડી પાસેથી ચોક્કસ બેટિંગ કે બોલિંગ કરાવીને સફળતા અપાવી શકે. હું એમ કહીશ કે આ પ્રકારની પરિસ્થિતિથી હું ટેવાઈ ગયો છું જ્યાં પરિસ્થિતિ મુજબના નિર્ણય તથા ટીમને આગળ ધપાવવામાં કેવી રીતે મદદરૂપ થઈ શકાય તે અંગે હું વિચારતો રહું છું. મારી ટીમના તમામ ખેલાડીને કેવી રીતે મેનેજ કરવા અને તે માટે શું કરવું તે ધીમે ધીમે ફાવી ગયું છે તેમ શુભમન ગિલે જણાવ્યું હતું.

તેણે ઉમેર્યું હતું કે મને જવાબદારી લેવી પસંદ છે. જે તે ખેલાડીને મેદાન પર જઈને કેવી રમત દાખવવી તે માટે માર્ગદર્શન આપવું તે મને ફાવી ગયું છે અને આ બાબત હું મારી સ્ટાઈલથી કરી રહ્યો છું. કેટલાક મહત્વના નિર્ણયમાં સામેલ થવું અને તેમાં સફળતા મેળવવી તે મને પસંદ છે. અને, મને લાગે છે કે આ બાબત મારામાંથી સર્વશ્રેષ્ઠ બહાર લાવવામાં મને મદદ કરે છે. બીજી ટેસ્ટમાં વેસ્ટ ઈન્ડિઝને ફોલોઓન કરવાના નિર્ણય અંગે સવાલ કરતાં ગિલે એ ટીકા ફગાવી દીધી હતી કે તેનાથી બોલર્સ પર વધારે બોજો આવી ગયો હતો કેમ કે તેમને આ પ્રકારની પિચ પર સતત બોલિંગ કરવી પડી હતી. તેને બદલે ગિલે જણાવ્યું હતું કે પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવાયો હતો. તેણે કહ્યું હતું કે અમે લગભગ ૩૦૦ રનથી આગળ હતા અને વિકેટ થોડી નિર્જીવ હતી તે સંજોગોમાં અમે વિચાર્યું હતું કે અમે ૫૦૦ રન પણ આગળ હોઈએ અને પાંચમા દિવસે અમારે છ કે સાત વિકેટ લેવાની બાકી હોત તો તે બાબત આસાન ન હતી અને તેનાથી અમારી તરફેણમાં પરિણામ આવી શક્યું ન હોત અથવા તો મેચ ડ્રો રહી ગઈ હોત. અંતે અમે અમારા નિર્ણયમાં સાચા પડ્યા હતા કેમ કે ટારગેટ ખાસ મોટો ન હતો.




# વન-ડે વર્લ્ડ કપને હજી વાર છે, વર્તમાનમાં રહેવાની જરૂર:ગંભીર

## રોહિત અને કોહલીના ભવિષ્ય અંગે કોચ ગંભીરની સ્પષ્ટતા લાંબું વિચારો નહીં




ભારતના સ્ટાર અને અનુભવી ક્રિકેટર રોહિત શર્મા અને વિરાટ કોહલી ૨૦૨૭નો વન-ડે ક્રિકેટ વર્લ્ડ કપ રમવા આતુર હશે પરંતુ ભારતીય ટીમના ચીફ કોચ ગૌતમ ગંભીર આ જોડી વિશે કોઈ વચન આપતો નથી. પ્રવાસી વેસ્ટ ઈન્ડિઝ સામેની બીજી ટેસ્ટમાં ભારતના સાત વિકેટના વિજય અને ૨-૦ના સિરીઝ વિજય બાદ ગૌતમ ગંભીરે જણાવ્યું હતું કે ૨૦૨૭ના વન-ડે ક્રિકેટ વર્લ્ડ કપને હજી બે વર્ષ કરતાં વધુ સમયની વાર છે અને હાલમાં તો આપણે વર્તમાનમાં રહેવું જરૂરી છે.

ભારતની વન-ડે ટીમના સુકાની તરીકે પસંદગીકારોએ શુભમન ગિલની નિયુક્તિ કરીને ટીમમાં પરિવર્તનના સંકેત અગાઉથી જ આપી દીધા છે ત્યારે વિરાટ કોહલી અને રોહિત શર્માના ભાવિ અંગે શંકા પેદા થવા લાગી છે. ૨૦૨૭માં વર્લ્ડ કપનું આયોજન થનારું છે અને તે વખતે કોહલી ૩૯ અને રોહિત ૪૦ વર્ષનો હશે.

ગૌતમ ગંભીરે જણાવ્યું હતું કે ૫૦ ઓવરનો વર્લ્ડ કપ હજી બેથી અઢી વર્ષ દૂર છે. તેના કરતાં વર્તમાનમાં રહેવું વધારે મહત્વનું છે. દેખીતી રીતે જ તેઓ સારા ખેલાડી છે. તેઓ પરત ફરી રહ્યા છે. તેમનો અનુભવ ઓસ્ટ્રેલિયામાં અમને ઘણો કામ લાગવાનો છે.

આશા રાખું કે રોહિત અને કોહલી માટે આ સિરીઝ સફળતા લાવનારી રહે અને તેના કરતાં પણ મહત્વની બાબત એ છે કે એક ટીમ તરીકે અમારા માટે આ સિરીઝ સફળ રહે તેમ બંને ભૂતપૂર્વ સુકાનીઓના ભાવિ અંગેના પ્રશ્નનો ગંભીરે ઉત્તર આપ્યો હતો. આગામી બેથી ત્રણ મહિનામાં ભારતને નવ વન-ડે મેચ રમવાની છે અને તેમાં આ બંને ખેલાડી કેવી રમત દાખવે છે તે જોવાનું રસપ્રદ બની રહેશે. ભારતીય ટીમ ઓસ્ટ્રેલિયા સામે ત્રણ વન-ડે રમ્યા બાદ સાઉથ આફ્રિકા અને ન્યૂઝીલેન્ડ સામે પણ ત્રણ ત્રણ વન-ડે મેચ રમવાની છે. છેલ્લા એક વર્ષમાં ગૌતમ ગંભીરના કોચ તરીકેના કાર્યકાળમાં ભારતીય ટીમ પરિવર્તનના સમયમાંથી પસાર થઈ રહી છે.

# રોહિત-કોહલી અમારા માટે ઘણી મેચો જીત્યા છે




નવી દિલ્હી : વેસ્ટ ઈન્ડિઝ સામેની સિરીઝ બાદ ભારત હવે ઓસ્ટ્રેલિયાના પ્રવાસે જશે જ્યાં રવિવારથી ત્રણ મેચની વન-ડે સિરીઝનો પ્રારંભ થશે જેમાં ગિલ કેપ્ટન તરીકે વિરાટ કોહલી અને રોહિત શર્માની આગેવાની લેશે. ગિલ કહે છે કે આ સિરીઝ માટે તે આતુર છે. ગિલે જણાવ્યું હતું કે હું માનું છું કે છેલ્લા બેથી ત્રણ વર્ષમાં અમે વન-ડેમાં સારી રમત દાખવી રહ્યા છીએ. ખાસ કોઈ ફેરફાર થયો નથી. વિરાટ કોહલી અને રોહિત શર્મા અંગે તેણે જણાવ્યું હતું કે ભૂતકાળમાં બંનેએ ભારતને ઘણી મેચોમાં સફળતા અપાવી છે. તેઓ છેલ્લા દોઢેક દાયકાથી ભારત માટે રમી રહ્યા છે. તેમની પાસે સારો એવો અનુભવ છે. કોઈ પણ કેપ્ટન આ પ્રકારના સફળ અને અનુભવી ખેલાડી પોતાની ટીમમાં હોય તેમ ચોક્કસ ઈચ્છા રાખશે.







# યુ-૧૯ વુમન્સ રિલાયન્સ જી-૧ ટ્રોફી ટૂર્નામેન્ટમાં ગુજરાતની ટીમ ચેમ્પિયન

ગુજરાત ક્રિકેટ એસોસિયેશન (જીસીએ) તથા રિલાયન્સના સંયુક્ત ઉપક્રમે યુ-૧૯ વુમન્સ રિલાયન્સ જી-૧ ટ્રોફી ટૂર્નામેન્ટનું આયોજન તા.૧૧/૧૦/૨૫થી તા.૧૪/૧૦/૨૦૨૫ દરમિયાન શ્રી નરેન્દ્ર મોદી સ્ટેડિયમ, મોઢેરા, અમદાવાદ ખાતે કરવામાં આવ્યું હતું. આ ટૂર્નામેન્ટમાં કુલ ચાર ટીમોએ (ગુજરાત, બરોડા, સૌરાષ્ટ્ર, બંગાલ) ભાગ લીધો હતો. આ ટૂર્નામેન્ટમાં ગુજરાત તમામ ચાર લીગ મેચ જીતીને ફાઈનલમાં બંગાલ ટીમ સાથે પ્રવેશ પામી હતી. જેમાં ગુજરાતની ટીમ ચેમ્પિયન બની હતી.

સમગ્ર ટૂર્નામેન્ટ દરમિયાન ગુજરાતની ટીમની કેપ્ટન તથા ઓલ રાઉન્ડર પ્લેયર આખ્લાહ પરમારે ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યુ હતું. ફાઈનલ મેચમાં પ્લેયર ઓફ ધ મેચ બની હતી. જેમાં તેનો સેર ૪૬ (૩૦) અણનમ- ૮ (૪) ૧ (૬) સાથે નોટ આઉટ રહી હતી. તથા ૩ ઓવરમાં ૧૬ રન આપી ૧ વિકેટ લીધી હતી. જે બદલ જીસીએના સેક્રેટરી શ્રી અનિલ પટેલ દ્વારા અભિનંદન પાઠવ્યા હતા. તથા સમગ્ર ટીમને ટ્રોફીથી સન્માનિત કરવામાં આવી હતી.

# પ્રાઈમ વોલીબોલમાં કાલીકટ હિરોઝ સામે અમદાવાદ ડિફેન્ડર્સનો શાનદાર વિજય

પ્રાઈમ વોલીબોલ લીગ ૨૦૨૫માં હૈદરાબાદના ગાચીબોવલી ઈન્ડોર સ્ટેડિયમ ખાતે રમાયેલી મેચમાં અમદાવાદ ડિફેન્ડર્સે ગત ચેમ્પિયન કાલીકટ હિરોઝને ૧૨-૧૫, ૧૫-૧૨, ૧૫-૧૨, ૧૬-૧૪થી હરાવ્યું હતું. આ મુકાબલામાં બત્તૂર બત્સુરી પ્લેયર ઓફ ધ મેચ બન્યો હતો.

અશોક બિશ્નોઈ અને શમીમુદ્દીને પ્રારંભમાં જ અંગમુથુના આક્રમણનો સામનો કરવા માટે ટુ-મેન બ્લોક લાઈન બનાવી હતી. ડિફેન્ડર્સની બેક લાઈને કાલીકટના આક્રમણનો સામનો કરવા માટે પોતાના પાસને યોગ્ય ઢબે વિતરીત કર્યા હતા. શૉન ટી જૉનની હાજરીમાં બત્સુરીએ અમદાવાદ માટે મુખ્ય એટેકરની ભૂમિકા ભજવી અને પોતાની ટીમનાં એક શાનદાર પ્રદર્શનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવીને સફળતા અપાવી હતી.

અબ્દુલ રહીમે કાલીકટ માટે કોર્ટ પર તમામ વિભાગમાં પર પ્રભાવ પાડવાનો પ્રયાસ કર્યો. સંતોષે ગત ચેમ્પિયન અમદાવાદનાં આક્રમણને વધુ મજબૂત કર્યું અને તેની પર દબાણ બનાવ્યું હતું. મોહન ઉક્કરા પાંડિયને પોતાની પાસિંગથી શાનદાર પ્રદર્શન કર્યું અને કેપ્ટનની ભૂમિકા ભજવતા કાલીકટને લીડ અપાવી હતી. નંદાગોપાલે ક્રૉસ બૉડી સ્પાઈક્સ અને એક શક્તિશાળી સુપર સર્વ સાથે અમદાવાદ માટે કમબેકનો માર્ગ મોકળો કરી આપ્યો હતો. મેચ જેમ જેમ આગળ વધી તેમ અમદાવાદનો આત્મવિશ્વાસ વધતો ગયો. પરંતુ કાલીકટે મેચ બરાબરીએ જાળવી રાખવા માટે રહીમ પર જ વિશ્વાસ દાખવ્યો હતો.



# ભારતે કલાકમાં જ ઓપચારિકતા પૂરી કરી

## શુભમન ગિલની આગેવાનીમાં ભારતનો પ્રથમ સિરીઝ વિજય, બીજી ટેસ્ટમાં સાત વિકેટે વિજય




પ્રવાસી વેસ્ટ ઈન્ડિઝ સામેની બીજી ક્રિકેટ ટેસ્ટમાં મંગળવારે ભારતે જીતવા માટેની ઔપચારિકતા માત્ર એક કલાકમાં પૂરી કરી દીધી હતી અને સાત વિકેટે શાનદાર વિજય હાંસલ કરીને બે ટેસ્ટની સિરીઝમાં વિન્ડિઝનો ક્લીન સ્વિપ કરતાં ૨-૦થી વિજય હાંસલ કર્યો હતો. આ સાથે ભારતે ઘરઆંગણે પોતાનું વર્ચસ્વ જાળવી રાખ્યું હતું અને કેપ્ટન શુભમન ગિલની આગેવાની હેઠળ પહેલી વાર ટેસ્ટ સિરીઝ જીતી હતી. અહીંના અરૂણ જેટલી સ્ટેડિયમ ખાતે રમાયેલી બીજી ટેસ્ટમાં વેસ્ટ ઈન્ડિઝે બીજી ઈનિંગ્સમાં પ્રતિકાર કર્યો હોવા છતાં અંતે ભારતને ૧૨૧ રનનો ટારગેટ મળ્યો હતો. ચોથા દિવસે એક વિકેટે ૬૩ રન કરી લીધા બાદ ભારતે મંગળવારે સવારે ત્રણ વિકેટે ૧૨૪ રન કરીને મેચ જીતી લીધી હતી. મંગળવારે સવારે જોકે ભારતે બે વિકેટ ગુમાવી હતી પરંતુ તેમ છતાં આ સફળતા આસાન રહી હતી. લોકેશ રાહુલ ૧૦૮ બોલમાં છ ચોગ્ગા અને બે સિક્સર સાથે ૫૮ રન ફટકારીને અણનમ રહ્યો હતો તો ધ્રુવ જુરેલ છ રન સાથે અણનમ રહ્યો હતો.

ભારતે મંગળવારે સવારે બે વિકેટ ગુમાવી હતી. બંને વિકેટ કેરેબિયન ટીમના કેપ્ટન રોસ્ટન ચેઝે લીધી હતી. તેણે સાઈ સુદર્શન (૩૯) અને હરીફ કેપ્ટન શુભમન ગિલ (૧૩)ને આઉટ કર્યા હતા. રાહુલ અને સુદર્શને બીજી વિકેટ માટે ૭૯ રનની ભાગીદારી નોંધાવી હતી.

વેસ્ટ ઈન્ડિઝની ટીમ સિરીઝ શરૂ થઈ ત્યારથી જ ખાસ પ્રભાવશાળી ન હતી અને આ પરિણામ અપેક્ષિત હતું પરંતુ કોટલા ગ્રાઉન્ડ પર જે રીતે તેમણે પ્રદર્શન કરીને લડત આપી અને મેચ પાંચમા દિવસ પર લઈ ગયા તેનાથી ભારતે આગામી મેચોમાં ઘણું વિચારવું પડશે.

બંને ટેસ્ટમાં મળીને ભારતે હરીફ ટીમની તમામ ૪૦ વિકેટ ઝડપી હતી અને તેમાં પેસ બોલર્સનું યોગદાન નોંધપાત્ર રહ્યું હતું તેમ કહી શકાય કેમ કે તેમને પિચ પરથી ખાસ સપોર્ટ મળ્યો ન હતો. જ્યારે બીજી ટેસ્ટમાં તો કોટલાની નીર્જીવ પિચ પર સ્પિનર્સે ઘણી ધીરજ દાખવવી પડી હતી. ભારતે હવે સાઉથ આફ્રિકા સામે રમવાનું છે જે ટીમ હાલમાં વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયન છે અને વેસ્ટ ઈન્ડિઝ કરતાં ઘણી મજબૂત છે. આ બે મેચમાં ભારત તરફથી પાંચ સદી જોવા મળી અને તે પણ મોખરાના છ બેટર દ્વારા ફટકારવામાં આવી હતી જે પ્રશંસનીય બાબત છે. ભારત પાસે અત્યારે એક સારી અને પ્રતિભા ધરાવતી ટીમ છે જેમાં અનુભવીઓ પણ છે.

આ અંગે કેપ્ટન ગિલે મેચ બાદ જણાવ્યું હતું કે આ ટીમનું નેતૃત્વ કરવા હું ટેવાઈ રહ્યો છું. ક્યારેક તમારે નીડર નિર્ણય લેવા પડતા હોય છે. સ્પિનર કુલદીપ યાદવને મેચમાં આઠ વિકેટ ખેરવવા બદલ મેન ઓફ ધ મેચ જાહેર કરાયો હતો તો રવીન્દ્ર જાડેજાને બેટિંગ અને બોલિંગ બંનેમાં યોગદાન આપીને શાનદાર પ્રદર્શન કરવા બદલ મેન ઓફ ધ સિરીઝ જાહેર કરાયો હતો. ભારત હવે ઓસ્ટ્રેલિયાના પ્રવાસે જશે જ્યાં ૧૯મી ઓકટોબરથી બંને ટીમ વચ્ચે ત્રણ મેચની વન-ડે સિરીઝ અને ત્યાર બાદ પાંચ મેચની ટી૨૦ સિરીઝનો પ્રારંભ થશે. આ પ્રવાસથી ટીમ પરત આવશે ત્યાર બાદ સાઉથ આફ્રિકન ટીમ ભારતના પ્રવાસે આવશે અને ટેસ્ટ, વન-ડે તથા ટી૨૦ની સિરીઝ રમશે જે જાન્યુઆરી ૨૦૨૬ સુધી રમાશે.



**ગણદેવી તાલુકાના કસ્તુરબા કન્યા છાત્રાલય દેવસર ખાતે ૮૫ વિદ્યાર્થીનીઓ (કન્યા) અભ્યાસ કરી રહી છે. ૨૧ મી સદી એ જ્ઞાનની સદી છે. આ દીકરીઓ દિવાળીનો તહેવાર આનંદ અને ઉલ્લાસમય રીતે ઉજવી શકે એની ખાસ કાળજી રાખી મનીષ પટેલ તરફ થી દરેક કન્યાને મનપસંદ ફેન્સી ડ્રેસ માટે ભેટ આપી છે. આ ઉમદા કાર્યમાં મને પ્રેરણા આપનાર ભગવાનનો પણ હું આભાર વ્યક્ત કરું છું.**

# બારડોલીમાં રવિ કૃષિ મહોત્સવને ખૂલ્લો મૂકતા ધારાસભ્ય ઈશ્વરભાઈ પરમાર

## પ્રગતિશીલ ખેડૂતોને સન્માનિત કરાયાઃ કૃષિ યોજનાઓના લાભાર્થીઓને સાધન સહાય તેમજ મંજૂરીહુકમોનું વિતરણ

સુરત, તા.૧૫

રાજ્યવ્યાપી રવિ કૃષિ મહોત્સવ અંતર્ગત બારડોલીના મહાત્મા ગાંધી રોડ સ્થિત શ્રી નવયુગ પ્રજાપતિ સમાજ વાડી ખાતેથી ધારાસભ્ય ઈશ્વરભાઈ પરમારે તાલુકા કક્ષાના બે દિવસીય કૃષિ વિકાસ દિનની ઉજવણીની સાથે રવિ કૃષિ મહોત્સવને ખૂલ્લો મૂક્યો હતો. મહાનુભાવોએ પ્રગતિશીલ ખેડૂતોને સન્માનિત કરી કૃષિ અને બાગાયતી યોજનાઓના લાભાર્થીઓને સાધન સહાય તેમજ યોજનાકીય મંજૂરી હુકમોનું વિતરણ કર્યું હતું. આ પ્રસંગે ધારાસભ્ય ઈશ્વરભાઈએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કૃષિ ક્ષેત્રની કાયાપલટ કરવાના સંકલ્પ સાથે કૃષિ મહોત્સવ યોજનાની શરૂઆત કરી હતી. કૃષિ મહોત્સવમાં ખેડૂતોને રવિ સિઝનમાં કૃષિ પાકો વિશે જરૂરી માર્ગદર્શન તેમજ ખેડૂતલક્ષી વિવિધ સહાય યોજનાઓ બાબતે સમજ આપવામાં આવે છે. પરમારે કહ્યું કે, કૃષિ મહોત્સવોના કારણે ખેડૂતો જાગૃત બન્યા છે અને ખેતી કરવાના અભિગમમાં પરિવર્તન આવ્યું છે. સરકારની વિવિધ કૃષિ-બાગાયતી યોજનાઓનો લાભ મેળવીને જિલ્લાના ખેડૂતો સમૃદ્ધ બન્યા છે એમ જણાવી તેમણે ખેતીમાં ટેક્નોલોજીનો મહત્તમ ઉપયોગ કરવા અને પ્રાકૃતિક ખેતી અપનાવવા અનુરોધ કર્યો હતો, અને કેન્દ્ર-રાજ્ય સરકારની યોજનાઓનો લાભ લેવા અપીલ કરી હતી. કૃષિ વિભાગ દ્વારા યોજવામાં આવેલા પ્રદર્શનને ખુલ્લું મૂકી મહાનુભાવોએ તમામ સ્ટોલની મુલાકાત લઈ પ્રદર્શિત કૃષિ પાકો, આધુનિક ખેતઓજારો, પ્રાકૃતિક ખેતીમાં વપરાતા વિવિધ સાધનોની કામગીરીથી વાકેફ થયા હતા. અહીં નિષ્ણાંત કૃષિ વૈજ્ઞાનિકોએ કૃષિ પાકોમાં મૂલ્યવર્ધન, કૃષિ અને બાગાયતી પાકોમાં આધુનિક તાંત્રિકતા, પ્રાકૃતિક ખેતી અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ ઉપરાંત પ્રગતિશીલ ખેડૂતોએ તેમના સફળ કૃષિ અનુભવો વ્યક્ત કર્યા હતા. આ વેળાએ રાજ્યકક્ષાના કાર્યક્રમનું લાઈવ ટેલિકાસ્ટ સૌ કોઈએ નિહાળ્યું હતું. આ પ્રસંગે કારોબારી સમિતિના અધ્યક્ષશ્રી કિરણભાઈ પટેલ,સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષશ્રી સુરેશભાઈ હળપતિ, તાલુકા પંચાય સભ્ય સર્વશ્રી દિનેશભાઈ પરમાર, કાંન્તુભાઈ પ્રજાપતિ, કિરણભાઈ ચૌધરી, બિપિનભાઈ ચૌધરી,તાલુકા નોડલ અધિકારીશ્રી એન.જી.ગામીત, તાલુકા વિકાસ અધિકારીશ્રી બી.બી.પરમાર, મામલતદારશ્રી કલ્પનાબેન પટેલ સહિત વિવિધ સમિતિના સભ્યો, ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.




**ભારતીય બૌદ્ધ મહાસભા, વિશ્વ શાંતિદુત મહાબોધી બુદ્ધ વિહાર શાંતિનગર નીલગીરી આયોજીત વર્ષાવાસ સમાપન સમારોહ, ૬૯મો ધમ્મચક પ્રવર્તન મહોત્સવ ઉજવણી નાભાગરુપે તારીખ ૧૪/૧૦/૨૦૨૫ મંગળવાર બપોરે ૩/૦૦ કલાકે છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમાને ફૂલહાર કરી ધમ્મ યાત્રા નીકળી હતી તેમજ સાંજે ૫/૦૦ કલાકે ધમ્મ પ્રબોધન કાર્યક્રમ યોજાયો હતો.**

# હોમગાર્ડની સતર્કતાથી ગુમ થયેલી ત્રણ વર્ષની બાળકી સલામત મળી

## સચિનમાં ગુમ થયેલી બાળકી પરત મળતાં માતાએ આંસુભરી આંખે પોલીસ-હોમગાર્ડ અને રિક્ષાચાલકનો આભાર માન્યો

સુરત, તા.૧૫

સુરત શહેરના સચિનના કનકપુર વિસ્તારમાં માનવતા અને જાગૃત નાગરિકતાનું ઉત્તમ ઉદાહરણ જોવા મળ્યું હતું, જ્યાં ગુમ થયેલી ત્રણ વર્ષીય બાળકી સલામત રીતે પરિવારને મળી ગઈ હતી. સોમવારના રોજ સ્વામિનારાયણ મંદિર પાસેની જાહેર માર્ગ પરથી એક નાની બાળકી એકલી અટ્ટલી જોવા મળી. સ્થળ પરથી પસાર થનારા રિક્ષા ચાલક દીપકભાઈએ તરત જ આ બાબતની જાણ સચિન હોમગાર્ડ યુનિટના પ્લાટૂન કમાન્ડર પ્રકાશકુમાર મૌર્યને કરી. જાણ મળતા જ તેઓ સ્થળ પર દોડી આવ્યા અને બાળકીને સુરક્ષિત રીતે કબજામાં લીધી હતી. ત્યારબાદ તેમણે આ બાબતની જાણ સચિન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી પી. એન. વાઘેલાને કરી. એમના માર્ગદર્શન હેઠળ તાત્કાલિક બાળકીના પરિવારની શોધખોળ શરૂ કરવામાં આવી. ગણતરીના કલાકોમાં બાળકીના માતા-પિતાનો સંપર્ક સાધી લેવાયો. બાળકીનું નામ સાચી કુમારી હોવાનું અને પિતાનું નામ મિથુનકુમાર મંડલ તેમજ માતાનું નામ સીતા કુમારી મંડલ હોવાનું જાણવા મળ્યું હતું. પરિવાર શ્રી રામનગર સ્ક્વેર, કનકપુર, સચિન, સુરત ખાતે રહે છે. સચિન હોમગાર્ડ યુનિટના પ્લાટૂન કમાન્ડર પ્રકાશકુમાર મૌર્યએ બાળકીને કનકપુર ચોકી ખાતે લાવી અને કાયદેસરની કાર્યવાહી બાદ બાળકીને સહી સલામત માતા-પિતા સાથે કલાકોમાં પુનઃ મિલન કરાવ્યું હતું. બાળકી મળતા માતાએ આંસુભરી આંખે સચીન પોલીસ, હોમગાર્ડ ટીમ અને રિક્ષાચાલક દિપકભાઈનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કર્યો હતો. સ્થાનિક નાગરિકોએ રિક્ષાચાલક અને હોમગાર્ડના માનવતાભર્યા કાર્યની પ્રશંસા કરી હતી અને જણાવ્યું કે "આવા જાગૃત નાગરિકો સમાજમાં સાચી સુરક્ષા અને માનવતાનો અહેસાસ કરાવે છે."

# દિવાળીના તહેવાર સંદર્ભે ૧૨ મિઠાઈની દુકાનોમાં તપાસ

## મિઠાઈના વિક્રેતાઓને ત્યાંથી મિઠાઈના નમૂના લેવાયા

સુરત, તા.૧૫

આગામી દીવાળીના તહેવારને ધ્યાને લેતાં સુરત શહેર વિસ્તારમાંથી આરોગ્ય અધિકારી અને ડેઝીગ્નેટેડ ઓફિસરશ્રીની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ તા.૧૪/૧૦/૨૦૨૫ના રોજ ફુડ વિભાગનાં ફુડ સેફટી ઓફિસરો ધ્વારા કુલ-૧૨ સંસ્થાઓની સ્થળ તપાસ કરી મિઠાઈના કુલ-૨૪ નમૂનાઓ લઈ પૃથ્થકરણ સારૂં પબ્લીક હેલ્થ લેબોરેટરી, સુરત મહાનગરપાલિકા ખાતે મોકલી આપવામાં આવેલ છે, જેનો પૃથ્થકરણ અહેવાલ આવ્યેથી ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ-૨૦૦૬ અને તેના નીતિ-નિયમો અનુસાર આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેમાં સંસ્થાનુ સરનામું કૈલાશ રેસ્ટોરન્ટ દુકાન નં-૧,૨ શ્રીનાથજી એપાર્ટમેન્ટ, ટીમલીયાવાડ, નાનપુરા, સુરત. કૈલાશ સ્વીટ્સ માર્ટ અને રેસ્ટોરન્ટ દુકાન નં-૧૮,૧૯ મિશન શોપિંગ સેન્ટર, અઠવાલાઈન્સ, સુરત. આગ્રા સ્વીટ્સ શુભ મંગલ શોપિંગ સેન્ટર, સિટીલાઈટ રોડ, સુરત આગ્રા સ્વીટ અને નમકીન દુકાન નંબર ૬ થી ૮, G.F., મંગલદીપ એપાર્ટમેન્ટ, ભટાર રોડ, સુરત શિવશક્તિ મીઠાઈઓ અને નાસ્તો 4/2245A-pl no 7-8, શોપિંગ સેન્ટર, B-117, ગોપી માર્કેટ, રીગ રોડ, સુરત શિવશક્તિ મીઠાઈઓ અને નાસ્તો સ્વીટ હોમ બિલ્ડીગ, ઘોડ દોડ રોડ, સુરત હરિયાણા મિસ્તાન ભંડાર દુકાન નંબર ૬ થી ૮, જી.૨, આદર્શ માર્કેટ-૨, રીગ રોડ, સુરત શ્રી મહેશ્વરી કન્ફેક્શનર્સ ર્ટનિંગ પોઈન્ટ કોમ્પ્લેક્સ, ઘોડ ડોડ, રોડ, સુરત. શ્રી મહેશ્વરી કન્ફેક્શનર્સ ૧/૫૩૩-૫૩૪ પાઈકી શોપ નં.૪, અમર શિલ્પ, ટીમલીયાવાડ, નાનપુરા, સુરત મુદિતા ની મિઠાઈઓ ૧/૪૩૫ B, હીરા માણેક સ્ટ્રીટ, નાનપુરા, સુરત. રાસ સાગર સ્વીટ હાઉસ દુકાન નં. જી-૮, ૯ સાગર શોપિંગ સેન્ટર, સહારા દરવાજા, રિંગ રોડ, સુરત. ૧૨ શ્રી શ્યામ ભોગ સ્વીટસ ગોપાલ કોમ્પલેક્ષ, પરવત પાટીયા સુરતનો સમાવેશ થાય છે. વધુમાં જણાવવાનું કે, અમરોલી-કોસાડ ગામ પાસેથી તા.૦૩/૧૦/૨૦૨૫ ના રોજ "ઘી" ના કુલ-૦૭ નમૂનાઓ ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ-૨૦૦૬ અને તેના નીતિ-નિયમો અનુસાર લેવામાં આવેલ જે નમુનાઓ ફુડ એનાલીસ્ટશ્રી દ્વારા ધારા ધોરણ મુજબના ન હોવાના પૃથ્થકરણ અહેવાલ આપવામાં આવેલ છે, જેથી નમુનાની સંસ્થા/ઈસમો સામે ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ-૨૦૦૬ અને તેના નીતિ-નિયમો અનુસાર એડજયુડીકેટીંગ ઓફીસરશ્રી, સુરત અને મ્યુનિ. કોર્ટ, સુરત સમક્ષ ફરીયાદ દાખલ કરવામાં આવશે. વધુમા શિવ શકિત મિઠાઈઓ અને નાસ્તો ઠે. સ્વીટ હોમ બિલ્ડીગ, ઘોડ દોડ રોડ, સુરત ખાતેની સંસ્થામાંથી ૧૨૦ કિલો અખાદ્ય પદાર્થોનો જથ્થો નાશ કરવામાં આવેલ છે.

# અંબિકા તાલુકાના વલવાડા ખાતે રવિ કૃષિ મહોત્સવનો શુભારંભ

## કૃષિ વિભાગની યોજનાઓના લાભાર્થીઓને સાધન સહાય તેમજ મંજૂરી હુકમોનું વિતરણ

સુરત, તા.૧૫

ગુજરાતમાં ખેતીના ઉત્પાદનને વધારવા, નવીન કૃષિ તકનીકો ખેડૂત સુધી પહોંચાડવા અને ખેતી ખર્ચ ઘટાડી ખેડૂતોની આવક વધારવાના આશયથી રાજ્યભરમાં યોજાઈ રહેલા કૃષિ વિકાસ દિનની ઉજવણી હેઠળ સુરત જિલ્લાના અંબિકા તાલુકાના વલવાડા ખાતે ધારાસભ્ય મોહનભાઈ ઢોડિયાએ તાલુકા કક્ષાના રવિ કૃષિ મહોત્સવનો શુભારંભ કરાવ્યો હતો. મહાનુભાવોએ કૃષિ વિભાગની વિવિધ યોજનાઓના લાભાર્થીઓને રોકડ સહાય, સાધન સહાય તેમજ મંજૂરી હુકમોનું વિતરણ અને પ્રગતિશીલ ખેડૂતોને પ્રમાણપત્ર આપી બહુમાન કર્યું હતું. આ પ્રસંગે ધારાસભ્યએ જણાવ્યું કે, પરંપરાગત ખેતીના સ્થાને પ્રાકૃતિક ખેતીથી ધરતીમાતાને ફળદ્રુપ બનાવી વધુ આવક મેળવી શકાય છે. સાથે રાસાયણિક કૃષિથી માનવ સ્વાસ્થ્ય પર ગંભીર આડઅસર થતી હોય ખેડૂતોને ઈકો-ફ્રેન્ડલી પ્રાકૃતિક કૃષિ અપનાવવી પડશે. પ્રાકૃતિક ખેતીમાં ખર્ચો પણ ઓછો થતો હોવાથી ખેડૂતોને વધુ આવક મળી રહેશે એમ જણાવ્યું હતું. વધુમાં તેમણે કહ્યું હતું કે, હાલ વરસાદ સમયસર અને પૂરતા પ્રમાણમાં પડ્યો હોવાથી પાણીની અછત રહેશે નહી તેમજ સરકારના નહેર સુધારણા કાર્યોથી સિંચાઈ માટે ડેમનું પાણી છેવાડાના વિસ્તારના ખેડૂતોને મળતા બારે માસ ખેતી કરતા થયા છે. એમ જણાવી તેમણે કેન્દ્ર અને રાજ્ય સરકારની યોજનાઓનો લાભ લેવા અનુરોધ કર્યો હતો.કૃષિ વિભાગ દ્વારા યોજવામાં આવેલા પ્રદર્શનને ખુલ્લો મૂકી મહાનુભાવોએ તમામ સ્ટોલની મુલાકાત લઈ પ્રદર્શિત કૃષિ પાકો, આધુનિક ખેતઓજારો, પ્રાકૃતિક ખેતીમાં વપરાતા વિવિધ દ્રવ્યો અંગે જાણકારી મેળવી હતી. આ વેળાએ પંચમહાલ-ગોધરાના છબનપુર ખાતેથી મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષતામાં યોજાયેલા રાજ્યકક્ષાના કાર્યક્રમનું લાઈવ ટેલિકાસ્ટ સૌ કોઈએ નિહાળ્યું હતું. મહાનુભાવોના હસ્તે ખેતીવાડીની યોજનાઓના લાભોનું વિતરણ કરાયું હતું. આ પ્રસંગે તા.પં. પ્રમુખ શીલાબેન પટેલ, તા.પં.ઉપપ્રમુખ, ચેતનભાઈ મિસ્ત્રી, બાંધકામ સમિતિ અધ્યક્ષ રાકેશભાઈ પટેલ, સરપંચ જ્યોત્સનાબેન પટેલ, નાયબ બાગાયત નિયામક સી.જી.પટેલ, મદદનીશ ખેતી નિયામક આર.વી.પટેલ, ર્ડ મિલનભાઈ પવાર, મામલતદાર ભરતભાઈ પટેલ, નાયબ મામલતદાર મહેશભાઈ પટેલ, બાગાયત અધિકારી ઉમેશભાઈ ચૌહાણ, દૂધ મંડળીના પ્રમુખો કલ્પેશભાઈ પટેલ, કૃષિ વૈજ્ઞાનિક ડો.ગૌતમ આર. પરમાર, લાભાર્થીઓ, ખેડૂતો સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# સુરત મનપાની કચેરીઓ તા.૨૧થી ૨૪ સુધી બંધ રહેશે

સુરત, તા.૧૩

મહાનગરપાલિકાની તમામ કચેરી તથા શાળા બોર્ડની કચેરીમાં તા.૨૧/૧૦/૨૦૨૫ને મંગળવાર અને તા.૨૪/૧૦/૨૦૨૫ને શુક્રવારના રોજ જાહેર રજા જાહેર કરવામાં આવેલ છે. તેના બદલામાં તા.૦૮/૧૧/૨૦૨૫ને બીજા શનિવાર અને તા.૧૩/૧૨/૨૦૨૫ને બીજા શનિવારના રોજ આ તમામ કચેરીઓ ચાલુ રાખવાની રહેશે. આ રજાના દરમ્યાન ખાસ આવશ્યક સેવા જેવી કે પાણી વિભાગ, ડ્રેનેજ વિભાગ, સેનેટરી વિભાગ, ફાયર અને ઈમરજન્સી વિભાગ તથા વોચ એન્ડ વોર્ડ વિભાગ જેવા ખાતાઓની કામગીરી ચાલુ રહેશે જ્યારે અન્ય ખાતા/વિભાગોનું કામકાજ સંપૂર્ણ બંધ રહેશે. વધુમાં તા.૦૮/૧૧/૨૦૨૫ને બીજા શનિવાર અને તા.૧૩/૧૨/૨૦૨૫ને બીજા શનિવારના રોજ સુરત મહાનગરપાલિકાની તથા શાળા બોર્ડની કચેરી રબેતા મુજબ ચાલુ રહેશે. જેની જાહેર જનતાએ નોધ લેવા વિનંતી.

**ભારતીય**
**પહેલા પાનાનું ચાલુ**

કોર્ટના રેકોર્ડ્સ દર્શાવે છે કે, સપ્ટેમ્બર અને ઑક્ટોબર ૨૦૨૫માં ટેલિસે સંરક્ષણ (Defense) અને સ્ટેટ ડિપાર્ટમેન્ટની ઈમારતોમાંથી ગુપ્ત દસ્તાવેજો કાઢ્યા, તેની પ્રિન્ટ કાઢી અને તેને ઘરે લઈ ગયા હતા.

સર્વેલન્સ ફૂટેજમાં તેમને એક લેધર બ્રીફકેસ સાથે ઈમારતમાંથી બહાર નીકળતા જોવામાં આવ્યા હતા. ૧૧મી ઓક્ટોબરે એફબીઆઈએ જ્યારે તેમના ઘરે દરોડા પાડ્યા, ત્યારે આ ગુપ્ત ફાઈલો લોક્ડ ફાઈલિંગ કેબિનેટ, બેઝમેન્ટ ઑફિસના ટેબલ અને સ્ટોરેજ રૂમમાં રાખેલી કાળા રંગની કચરાપેટી (Trash Bags)માંથી મળી આવી હતી.

**ભારતીય હવાઈદળ**
**પહેલા પાનાનું ચાલુ**

સૈન્ય પાછળનો ખર્ચ ૨.૪૪ ટ્રીલીયન ડોલર જે અત્યાર સુધીના સૌથી વધુ ગણી શકાય તે તબકકે પહોંચી ગયો છે અને ગત વર્ષની તુલનામાં ૯.૮ ટકા વધ્યો છે અને તેમાં દુનિયાભરની સેનાઓ પોતાના હવાઈદળને વધુને વધુ શકિતશાળી બનાવવામાં પ્રયત્નશીલ છે.

અમેરિકા લાંબા સમયથી લશ્કરી તાકાતમાં પણ પ્રભુત્વ ધરાવે છે અને હવાઈ દળમાં તે દુનિયામાં પ્રથમ ક્રમે છે. આ રીપોર્ટ મુજબ અમેરિકી હવાઈદળની શકિત એ રશિયા, ચીન, ભારત, દક્ષિણ કોરીયા અને જાપાનની કુલ ક્ષમતા કરતા પણ વધુ છે. કારણ કે અમેરિકા તેના સૈન્ય પાછળ ૪૦ ટકા રકમ જેટલી ખર્ચે છે જે દુનિયામાં સૌથી વધુ છે.ગ્લોબલ ફાયર પાવર ઈન્ડેક્ષના રીપોર્ટમાં અમેરિકા બાદ બીજા ક્રમે રશિયા છે પરંતુ તેની કુલ ક્ષમતા અમેરિકાના ત્રીજા ભાગ જેટલી છે જયારે ત્રીજા ક્રમે ભારત આવે છે અને આ રીપોર્ટમાં દર્શાવાયું છે કે ભારત બહુ ઝડપથી પોતાની હવાઈ ક્ષમતા વિસ્તારી રહ્યું છે. આ રીપોર્ટમાં ફક્ત લડાયક વિમાનોની કુલ સંખ્યાને જ મહત્વ અપાયું નથી. પરંતુ તેની ગુણવતા અને પ્રહાર ક્ષમતાને પણ મહત્વ અપાયું છે.

૧૦૩ દેશોના રીપોર્ટમાં જણાવાયું છે ભારતીય હવાઈદળની પ્રહાર ક્ષમતા વધુને વધુ ઘાતક બની રહી છે. ભારત તેમાં ૬૯.૪ ટકા રેન્ક ધરાવે છે. જયારે ચીન ૬૩.૮ ટકાની રેન્ક ધરાવે છે. અમેરિકા સૌથી પ્રથમ ક્રમે ૨૪૨.૯ રેન્ક સાથે અને રશિયા ૧૪૨.૪ રેન્ક ધરાવે છે.અમેરિકા પોતાની હવાઈદળની ક્ષમતામાં મોટા ભાગે તેના પોતાના સ્થાનિક નિર્માણ પર સૌથી વધુ આધાર રાખે છે. અમેરિકા પાસે આધુનિક લડાયક વિમાન, હેલિકોપ્ટર, મિસાઈલ, હવાઈ સુરક્ષા વગેરે માટે સૌથી શ્રેષ્ઠ ઉત્પાદન ક્ષમતા છે.

**પાકિસ્તાન-અફઘાનિસ્તાન**
**પહેલા પાનાનું ચાલુ**

ચોકીઓ તથા ટેન્ક નષ્ટ કરી દેવામાં આવ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગત સપ્તાહે પાકિસ્તાને અફઘાની ક્ષેત્રોમાં એર સ્ટ્રાઈક કરી હતી જે પછી તાલીબાન શાસકોએ બદલો લેવા વળતો પ્રહાર કર્યો હતો તેમાં ૨૩ પાક સૈનિકો માર્યા ગયા હતા. પાકિસ્તાનના વળતા હુમલામાં ૨૦૦થી વધુ તાલીબાન તથા તેની સાથે જોડાયેલા ત્રાસવાદીઓ માર્યા ગયા હતા.પાકિસ્તાનનો આક્ષેપ છે કે, તહરિક-એ-તાલીબાન સંગઠન પાકિસ્તાનમાં આતંકી હુમલા કરે છે અને અફઘાનના તાલીબાન શશાસકો તેને આશ્રય આપે છે. બન્ને દેશોને શાંતિ જાળવવા સાઉદી અરેબીયા-કતાર જેવા દેશોએ અપીલ કરી હતી અને ત્યારપછી ત્રણેક દિવસ શાંતિ રહ્યા બાદ ગઈરાત્રે ફરી લડાઈ ફાટી નીકળી હતી.

**અરેઠમાં**
**પેજ-૨ પાનાનું ચાલુ**

અવસરે જિલ્લા પશુપાલન અધિકારી ડૉ.મયુર ભીમાણી, તાલુકા વિકાસ અધિકારી, બાગાયત અધિકારી પંકજ માલવીયા, મદદનીશ પ્રા.ડૉ.નરેન્દ્ર સિંહ તથા કૃપા નારાયણ શુકલા, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક ડો.પ્રશાંત પાટીલ, સરપંચ હિનાબેન સોલંકી, નિરવભાઈ સોલંકી, અગ્રણી પાનાચંદભાઈ ગામીત, ગીતાબેન પટેલ, અનિલભાઈ ચૌધરી તથા મોટી સંખ્યામાં ખેડુતો ઉપસ્થિત રહ્યા હતા.

**સુરત ઉધના**
**પેજ-૨ પાનાનું ચાલુ**

પર શેડ ન હોવાને કારણે મુસાફરોને તડકો અને વરસાદનો સામનો કરવો પડે છે.

એવી જ રીતે સુરત રેલ્વે સ્ટેશને પ્લેટફોર્મ નં. ૨, ૩ અને ૪ ખાતે શેડ ન હોવાને કારણે મુસાફરોને તડકો અને વરસાદનો સામનો કરવો પડે છે. પ્લેટફોર્મ નં. ૨ અને ૩ ખાતે એસ્કેલેટરની સુવિધા ઉપલબ્ધ ન હોવાથી વૃદ્ધ, ગર્ભવતી મહિલાઓ અને દિવ્યાંગ મુસાફરોને મુશ્કેલી પડે છે. સુરત રેલ્વે સ્ટેશને પણ પૂરતી પાર્કિંગની અછત અને અવ્યવસ્થાને કારણે વાહન વ્યવહારમાં મુશ્કેલી ઉભી થાય છે. અગાઉ ઉપલબ્ધ સીનિયર સિટિઝન માટેની ઈલેક્ટ્રિક વાહન સેવા (ઈવી સર્વિસ) બંધ કરી દેવામાં આવી છે, જે તાત્કાલિક ફરી શરૂ કરવાની જરૂર છે.

ચેમ્બર દ્વારા સુરત રેલ્વે સ્ટેશને નિયમિત અને વ્યવસ્થિત રિક્ષા સેવા શરૂ કરવાની માંગ કરવામાં આવી હતી, જેમ કે દિલ્હી, બેંગલુરુ અને તિરુઅનંતપુરમ જેવા મોટા સ્ટેશનો પર આ સેવા ઉપલબ્ધ છે.

ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા રેલ્વે મંત્રીને વિનંતી કરવામાં આવી હતી કે, સુરત અને ઉધના રેલ્વે સ્ટેશનો પર મુસાફરો માટેની મુળભુત સુવિધાઓમાં તાત્કાલિક સુધાર કરવામાં આવે. પ્લેટફોર્મ પર છાંયડો, પાર્કિંગ વિસ્તરણ, એસ્કેલેટરની સુવિધા, સિનિયર સિટિઝન સુવિધા પુનઃસ્થાપિત કરવી તથા અસામાજિક તત્વો પર નિયંત્રણ જેવી કાર્યવાહી તાત્કાલિક ધોરણે હાથ ધરવામાં આવે તેવી રજૂઆત કરાઈ હતી.

આ ઉપરાંત, ચેમ્બર દ્વારા રેલ્વે મંત્રીશ્રીને સુરત શહેરમાંથી સૌરાષ્ટ્રના વિવિધ શહેરો જેવા કે રાજકોટ, ભાવનગર, જામનગર, મહુવા, ગાંધીધામ વગેરે માટે દિવાળી વેકેશન દરમિયાન હોલિડે સ્પેશિયલ ટ્રેનો શરૂ કરવાની પણ વિનંતી કરવામાં આવી હતી. દિવાળી દરમિયાન વધતા મુસાફરોના ધસારાને પહોંચી વળવા માટે વધારાની ટ્રેનો શરૂ કરવામાં આવે તેમજ આ ટ્રેનોને ઉત્રાણ રેલ્વે સ્ટેશન પર હોલ્ટ આપવામાં આવે, જેથી સુરત અને ઉધના રેલ્વે સ્ટેશન પરથી મુસાફરોનો ધસારો ઓછો થાય.

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ભારતના કેન્દ્રિય રેલ્વે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવને સુરતની મુલાકાત લઈ ચેમ્બરના સભ્યો સાથે ‘ઓપોર્ચ્યુનિટીઝ ઓફ બિઝનેસ વીથ ઈન્ડિયન રેલ્વેઝ’ વિષે ઈન્ટરેકિટવ સેશનમાં ભાગ લેવા માટે આમંત્રણ પાઠવવામાં આવ્યું હતું, જેમાં પધારીને સુરતના ઉદ્યોગ સાહસિકો અને વ્યવસાયિકોને સંબોધવાની રેલ્વે મંત્રીશ્રીએ ખાત્રી આપી હતી.કેન્દ્રિય રેલ્વે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા કરાયેલી રજૂઆત ધ્યાનપૂર્વક સાંભળી હતી અને તાત્કાલિક જરૂરી પગલાં લેવા બાબતે અધિકારીઓને સૂચના આપવાની ખાત્રી આપી હતી. ચેમ્બર દ્વારા જણાવવામાં આવ્યું કે, ચેમ્બર ઓફ કોમર્સ હમેશા સુરત શહેરના વિકાસ અને શહેરીજનોના હિત સંબંધિત મુદ્દાઓ માટે સક્રિય રીતે રેલ્વે વિભાગને સહયોગ આપતું રહેશે.

**ચેમ્બર ઓફ**
**પેજ-૨ પાનાનું ચાલુ**

હતો, જેનું સંચાલન શ્રીમતી જાગૃતિ પ્રજાપતિએ ઉત્સાહભેર કર્યું હતું.

દિવાળીના આ આનંદોત્સવમાં ૧૫૦ ફેમિલી મેમ્બર જોડાયા હતા અને મહેમાનોને સંગીતનો આનંદ માણવાનો મોકો મળ્યો હતો. એસબીસી દ્વારા યોજાયેલો આ કાર્યક્રમ માત્ર ઉજવણી પૂરતો ન હતો, પરંતુ ઉદ્યોગકારો અને વ્યવસાયિકો વચ્ચે મિત્રતાનો સેતુ મજબૂત કરવા આ પ્રસંગ યાદગાર બની રહ્યો હતો. આવા કાર્યક્રમો ઉદ્યોગ સાહસિકો વચ્ચે નેટવર્કિંગ આનંદ અને ઉત્સાહનો માહોલ સર્જી ચેમ્બર પરિવારને વધુ એકતાના સૂત્રે બાંધે છે.

**સુરત મનપા**
**પેજ-૨ પાનાનું ચાલુ**

આફતોમાં અનિવાર્ય સંજોગો સિવાય નાટ્ય સ્પર્ધાનું સફળતાપૂર્વક આયોજન થઈ રહ્યું છે. આ નાટ્ય સ્પર્ધાને સુરત મહાનગરપાલિકા દ્વારા સુરતને ગૌરવ અપાવનારા રંગમંચ અને ફિલ્મક્ષેત્રના મહાન અદાકાર સ્વ.સંજીવકુમારની સ્મૃતિમાં "સંજીવકુમાર નાટ્ય સ્પર્ધા" નામ આપવામાં આવેલ છે. ચાલુ સાલ "સુરત મહાનગરપાલિકા દ્વારા ૫૧ વર્ષથી આયોજીત સંજીવકુમાર નાટ્ય સ્પર્ધા"માં તા.૦૬/૧૦/૨૦૨૫ થી તા.૧૩/૧૦/૨૦૨૫ દરમ્યાન દરરોજ રાત્રે ૮.૩૦ કલાકથી ૮ નાટકો સરદાર પટેલ સ્મૃતિ ભવન ઓડિટોરીયમના તખ્તે ભજવાયાં હતાં. સ્પર્ધાના અંતિમ નાટકના શો બાદ વિજેતાઓનો ઈનામ વિતરણ સમારંભ યોજાયો હતો.

આ નાટ્ય સ્પર્ધાના વિવિધ કેટેગરીમાં ૩૧ વિજેતાઓને માન.મેયરશ્રી દક્ષેશભાઈ માવાણી, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી સોનલબેન દેસાઈ, વિવિધ સમિતિના અધ્યક્ષાશ્રીઓ, અધિકારીશ્રીઓ, નિર્ણાયકશ્રી વિહંગભાઈ મહેતા, શ્રી વૈભવ દેસાઈ, શ્રી તોરલ ત્રિવેદી તથા સંજીવકુમાર ફાઉન્ડેશનના ટ્રસ્ટી શ્રી ઉદયભાઈના હસ્તે વિજેતા પ્રમાણપત્ર, ટ્રોફી તથા રોકડ પુરસ્કાર એનાયત કરી પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. સંજીવકુમાર ફાઉન્ડેશન ટ્રસ્ટ તરફથી સુરત મહાનગરપાલિકા દ્વારા ૫૧ વર્ષથી આયોજીત સંજીવકુમાર નાટ્ય સ્પર્ધાના વિજેતાઓને રોકડ ઈનામ, પ્રમાણપત્ર અને ટ્રોફી આપવામાં આવી હતી અને સુરત મહાનગરપાલિકા દ્વારા પણ એટલી જ રકમના રોકડ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા હતાં.

**ચોર્યાસીના**
**પેજ-૨ પાનાનું ચાલુ**

હતું. પ્રગતિશીલ ખેડૂતોએ સફળ કૃષિ અનુભવો વ્યક્ત કર્યા હતા. આ વેળાએ રાજ્યકક્ષાના કાર્યક્રમનું લાઈવ ટેલિકાસ્ટ સૌ કોઈએ નિહાળ્યું હતું.

આ પ્રસંગે પદાધિકારીઓ અશોક રાઠોડ, નિલેશ તડવી, લતાબેન પટેલ, વાંસતિબેન પટેલ, આસ્તિકભાઈ પટેલ, કાંતિભાઈ રાઠોડ, તા.વિકાસ અધિકારી મયુરી ગાઈન, નાયબ ખેતી નિયામક વી.આઈ.પટેલ, મદદનીશ ખેતી નિયામક સરોજબેન સાવલિયા, સરપંચ રેવાબેન રાઠોડ, અગ્રણીઓ કિશન પટેલ, રમેશ પટેલ, કરશનભાઈ પટેલ સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

**મૂળદ શાળાના**
**પેજ-૨ પાનાનું ચાલુ**

તેમનાં વ્યક્તિત્વ અને માનવીય સંબંધોને જાળવવાની એમની કુનેહને ઉજાગર કરતી હતી. શાળાનાં ઉત્થાન અને પ્રગતિ માટે તેમણે કરેલાં કાર્યો, બાળકો પ્રત્યેનો પ્રેમભાવ, સ્ટાફ સાથેનું સંકલન, સંઘભાવના જેવી ઘણી મીઠી યાદોનાં અને તેમની કદરરૂપેનાં સંભારણા આ તકે ઉપસ્થિત મહેમાનોનાં પ્રાસંગિક પ્રવચનમાં સાંભળવા મળ્યાં. પ્રારંભે દીપ પ્રજવલન બાદ શાળાની બાળાઓએ પ્રાર્થના તથા સ્વાગતગીત રજૂ કર્યા હતાં. આ તકે કાર્યક્રમનાં અધ્યક્ષ કિરીટભાઈ પટેલે વિદાય લઈ રહેલ દંપતિનાં શાળા તથા બાળકો પ્રત્યેનાં લગાવની સરાહના કરી તેમની ફરજને યથાર્થ ગણાવી હતી. પોતાનાં પ્રતિભાવનાં શબ્દો રજૂ કરતી વેળા આ શિક્ષક દંપતિની આંખો અશ્રુભીની થઈ હતી. અંતમાં આભારવિધિ શાળાનાં શિક્ષિકા નિમિષાબેન પટેલે આટોપી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સુચારુ સંચાલન સતિષભાઈ પરમાર તથા હેમલતાબેન પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું.

**મહુવા ખાતેથી**
**પેજ-૨ પાનાનું ચાલુ**

આપવામાં આવે છે. કૃષિ વિભાગ દ્વારા આયોજિત પ્રદર્શનને ખુલ્લું મૂકી મહાનુભાવોએ તમામ સ્ટોલની મુલાકાત લઈ પ્રદર્શિત કૃષિ પાકો, આધુનિક ખેતઓજારો, પ્રાકૃતિક ખેતીમાં વપરાતા વિવિધ સાધનોની જાણકારી મેળવી હતી.

અહી નિષ્ણાંત કૃષિ વૈજ્ઞાનિકોએ કૃષિ પાકોમાં મૂલ્યવર્ધન, કૃષિ અને બાગાયતી પાકોમાં આધુનિક તાંત્રિકતા, પ્રાકૃતિક ખેતી અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. પ્રગતિશીલ ખેડૂતોએ સફળ કૃષિ અનુભવો વ્યક્ત કર્યા હતા. આ વેળાએ રાજ્યકક્ષાના કાર્યક્રમનું લાઈવ ટેલિકાસ્ટ સૌ કોઈએ નિહાળ્યું હતું.

આ પ્રસંગે જિ.પં. સભ્ય જિનેશ ભાવસાર, રીટાબેન પટેલ, લીલાબેન કેદારીયા, તા.સંગઠન પ્રમુખ ભાવિન નાયક, અગ્રણી હિતેશ નાયક, મામલતદાર ભરતભાઈ પટેલ, નાયબ પશુપાલન નિયામક ડો.એ.સી.પટેલ, તા.વિકાસ અધિકારી મીનલભાઈ પાવરા, મદદનીશ ખેતી નિયામક એ.કે.પટેલ, નગરજનો, ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

**ઓલપાડ ખાતે**
**પેજ-૨ પાનાનું ચાલુ**

ખેડૂતોને દર વર્ષે છ હજારની સહાય આપવામાં આવી રહી છે. ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળી રહે તે માટે ટેકાના ભાવે ખરીદી કરવામાં આવે છે. પાણીનો કરકસરયુકત ઉપયોગ થાય તે માટે સુક્ષ્મ સિંચાઈ યોજના હેઠળ ૧૫૦૦ કરોડથી વધુ જોગવાઈ કરવામાં આવી છે. ખેડૂતોને દિવસે વિજળી મળી રહે તે માટેની વ્યવસ્થા સરકારે ઉપલબ્ધ કરી હોવાનું મંત્રીએ ઉમેર્યું હતું.

આ પ્રસંગે જિલ્લા ખેતીવાડી અધિકારી સતીષ ગામીતે જણાવ્યું હતું કે, સુરત જિલ્લામાં ૪,૯૦૭ ખેડૂતોને રૂા. આઠ કરોડની સહાય ચુકવવામાં આવી છે, જે પૈકી ઓલપાડ તાલુકાના ૧,૦૫૧ ખેડૂતોને રૂા.૩.૪૬ કરોડની સહાય અપાઈ છે. એગ્રીસ્ટેક ડિજીટલ ક્રોપ સર્વે અંગતર્ગત ૨૨ હજાર જેટલા પ્લોટની ખરીફ ઋતુ દરમિયાન કામગીરી કરવામાં આવી છે.

આ પ્રસંગે મુખ્યમંત્રીના અધ્યક્ષસ્થાને પંચમહાલમાં આયોજિત રાજ્યકક્ષાના કૃષિ મહોત્સવનું લાઈવ ટેલિકાસ્ટ સૌએ નિહાળ્યું હતું.

આ મહોત્સવમાં આધુનિક કૃષિ તાંત્રિકતા અને પ્રાકૃતિક ખેત પદ્ધતિ અંગે જાગૃત કરવા માટે પાક પરિસંવાદ તથા વૈજ્ઞાનિકોએ ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું. મંત્રી તથા મહાનુભાવોના હસ્તે કૃષિ, બાગાયત અને પશુપાલન ખાતાની વિવિધ યોજનાઓના સહાયના ચેકોનું વિતરણ કરાયું હતું.

આ કૃષિ મહોત્સવમાં પ્રાકૃતિક ખેતી સ્ટોલ, નેનો યુરિયાનું માર્ગદર્શન, ખેડૂત ઉપયોગી સંશોધનો દર્શાવતા તેમજ ન્યૂ-એજીસ ફર્ટીલાઈઝરના વપરાશ માટે ખેડૂતોમાં જાગૃતિ કેળવવા માટે પ્રદર્શન સ્ટોલ ઉભા કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે ધારાસભ્ય શ્રી સંદિપભાઈ દેસાઈ, જિલ્લા કલેકટર ડો.સૌરભ પારધી, તાલુકા પંચાયત પ્રમુખ નીતાબેન પટેલ, ઉપપ્રમુખ કિરણભાઈ, કારોબારી અધ્યક્ષ જયેશભાઈ પટેલ, જીનીગ મિલના મનહરભાઈ પટેલ, કુલદીપ ઠાકોર, ઈ. પ્રાંત અધિકારી નેહાબેન પટેલ, મામતલદાર, તાલુકા વિકાસ અધિકારી, કૃષિ વૈજ્ઞાનિક જે.એસ.ત્રિવેદી તથા મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

**ઉદ્યોગપતિ બળદેવ**
**પેજ-૨ પાનાનું ચાલુ**

સતત લડતા,લઘુ ઉદ્યોગો માટેની નીતિઓમાં સુધાર લાવવાના પ્રયાસો કરનાર,અને રાષ્ટ્રભક્તિની ભાવનાથી જનહિતને અગ્રસ્થાને રાખનાર બળદેવ પ્રજાપતિએ પોતાના કાર્યથી એક અનોખો માપદંડ સ્થાપ્યો છે.તેમનો આ આંતરરાષ્ટ્રીય સ્તરનો સન્માન અંકલેશ્વર અને ભરૂચના દરેક ઉદ્યોગકાર,લઘુ ઉદ્યોગ ભારતીના કાર્યકર્તાઓ,અને સમગ્ર ગુજરાત માટે ગૌરવની વાત છે.તેમની સાદગી, દૃઢતા અને સેવાભાવ આપણાં સૌ માટે પ્રેરણારૂપ છે.તેમના માર્ગદર્શન હેઠળ અનેક યુવા ઉદ્યોગકારો અને સામાજિક કાર્યકર્તાઓએ સમાજને નવી દિશા આપવાનું સ્વપ્ન જોયું છે. હંમેશા કર્મ કર્યું હોય તો પણ આપણે ફળની આશા નથી રાખતા પરંતુ કુદરતનો નિયમ છે કે આપણે જેવા કર્મો કર્યા હોય એવા ફળ મળે જ છે અને એના જ અનુસંધાનમાં આ મને ડોક્ટરેટની પદવી પ્રાપ્ત માટે ફોન આવ્યો હતો અને પછી મેં પહેલા તો ના પાડી પરંતુ સતત એમના પ્રયત્ન ના લીધે મેં ડોક્ટરની પદવી માટે હા પાડી અને સમાજને પણ લાગે કે કામ સારા કરીએ તો ફળ મળે જ છે. સમાજ અને રાષ્ટ્રનું ઋણ ચૂકવવા સદા તત્પર રહેવું જોઈએ.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel “Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

# વિકાસ સપ્તાહ

૨૪ વર્ષ જનવિશ્વાસ, સેવા અને સમર્પણનાં

હર ઘર સ્વદેશી
ઘર-ઘર સ્વદેશી

## વિકાસ સપ્તાહે લખ્યો વિશ્વાસનો અધ્યાય

**₹૨૮૮૫ કરોડ**થી વધુના વિવિધ વિકાસલક્ષી પ્રકલ્પોનાં

## લોકાર્પણ અને ખાતમુહૂર્ત



માનનીય મુખ્યમંત્રી

## શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના

વરદ્હસ્તે



“ગુજરાતનો હંમેશાં સંકલ્પ રહ્યો છે,
રાજ્યના વિકાસથી દેશનો વિકાસ,
**વિકસિત ભારત** માટે **વિકસિત ગુજરાત**...

- **શ્રી નરેન્દ્રભાઈ મોદી**, માનનીય વડાપ્રધાન”

ગરિમામયી ઉપસ્થિતિ

### શ્રી ઋષિકેશ પટેલ

માનનીય મંત્રી, આરોગ્ય, પરિવાર કલ્યાણ અને
તબીબી શિક્ષણ, ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ, કાયદો, ન્યાયતંત્ર,
વૈધાનિક અને સંસદીય બાબતો, ગુજરાત

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ₹ ૨૦૭૯ કરોડથી વધુના કુલ ૨૯૯ વિકાસલક્ષી પ્રકલ્પોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત



ગૃહ વિભાગના ₹ ૪૨ કરોડથી વધુના કુલ ૭ વિકાસલક્ષી પ્રકલ્પોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ₹ ૨૫૨ કરોડથી વધુના કુલ ૬૪ વિકાસલક્ષી પ્રકલ્પોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત



બંદરો અને વાહનવ્યવહાર વિભાગના ₹ ૨૩ કરોડથી વધુના કુલ ૪ વિકાસલક્ષી પ્રકલ્પોનાં ખાતમુહૂર્ત

પ્રાથમિક શિક્ષણ વિભાગના ₹ ૧૩૮ કરોડથી વધુના કુલ ૮૮ વિકાસલક્ષી પ્રકલ્પોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના ₹ ૪૦ કરોડથી વધુના કુલ ૨ વિકાસલક્ષી પ્રકલ્પોનાં લોકાર્પણ

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ₹ ૮૩ કરોડથી વધુના કુલ ૮ વિકાસલક્ષી પ્રકલ્પોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત

૧૦ IAS કોચિંગ સેન્ટરનો શુભારંભ




ઉદ્યોગ અને ખાણ વિભાગના ₹ ૩૪ કરોડથી વધુના કુલ ૪ વિકાસલક્ષી પ્રકલ્પોનાં લોકાર્પણ

વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના ₹ ૮૪ કરોડથી વધુના કુલ ૪ વિકાસલક્ષી પ્રકલ્પોનાં ખાતમુહૂર્ત

ટેકનિકલ શિક્ષણ વિભાગના ₹ ૩૧ કરોડથી વધુના કુલ ૨ વિકાસલક્ષી પ્રકલ્પોનાં લોકાર્પણ

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના ₹ ૫૪ કરોડથી વધુના કુલ ૪ વિકાસલક્ષી પ્રકલ્પોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત

પ્રવાસન વિભાગના ₹ ૨૧ કરોડથી વધુના કુલ ૨ વિકાસલક્ષી પ્રકલ્પોનાં ખાતમુહૂર્ત

કાર્યક્રમ સ્થળ માટે સ્કેન કરો

૧૫ ઑક્ટોબર ૨૦૨૫, બુધવાર | સવારે ૧૦:૦૦ વાગે | મહાત્મા મંદિર, ગાંધીનગર

કાર્યક્રમનું જીવંત પ્રસારણ: CMOGuj | CMOGuj | CMOGujarat | CMOGujarat